કુમાર

આવતી કાલનાં નાગરિકોનું માસિક · સંસ્થાપક રવિશંકર રાવળ · વર્ષ ઓગણચાળીસમું · અંક આઠમો · ઑગસ્ટ ઇ. ૧૯૬૨



૪૬૪

તંત્રી: બચુભાઇ રાવત

ઑગસ્ટ ૧૯૬૨ · અંક ૪૬૪

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા-નાટિકા


લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૧૦; પરદેશમાં રૂ. ૧૪ અથવા શિ૦ ૨૧; છૂટક નકલ : રૂ. ૧-૨૫

વાચકો લખે છે......

જુલાઇ 'કુમાર'માં શેખસાહેબનું મુખ ચિત્ર જોઈ આનંદ થયો. પણ એવો આનંદ ચિત્ર-પરિચય વાંચતાં ન થયો! ચિત્રકાર-પરિચય (શ્રી વિનય ત્રિવેદીનો) પણ કાંઈક શબ્દાળુ લાગ્યો. આજે ઘેર આવતાં રસ્તામાં અરુણ બોઝનું પ્રદર્શન જોતો આવ્યો. તેનું કૅટલૉગ આ સાથે મોકલું છું તેના પરની બિલાડી બહુ ગમી (જુઓ નીચેનું ચિત્ર). શા માટે? *:



બહુ કપરો સવાલ છે. કારણ બુદ્ધિચકિત જવાબ પણ અર્થહીન જ નીવડવાનો. એમ કહું કે દીવાલને ઘસાઇને ટાંપીને બેઠેલી બિલાડીનો પોઝ active છે?—કે anatomyથી ઉપરવટ જઈ ચિત્રકારે દર્શાવેલી બિલાડીની પૂંઠ અદ્ભુત છે!—કે કાળી પશ્ચાદ્ભૂ પરની નીલરંગી બિલાડી રંગની એક એવી ભાત ઉપજાવે છે કે આપણી આંખમાં બિલાડીઓ રમવા માંડે!—કે બિલાડીનું ડાલામથ્થા જેવા મોઢાનું ધારીને અવલોકન કરતાં કોઇ માનવ રાક્ષસ ખૂન પીવા તલસતો હોય તેવું લાગે તેમાં ચિત્રકારની શક્તિ છે?—કે આ બધાંનો એક અને અવિભાજ્ય સરવાળો એક એવું વિશિષ્ટ વાતાવરણ સર્જે છે કે તેના અંગેઅંગની અલગ વાત કરતાં તે ચિત્ર માણવામાં અંતરાય રૂપ જેવું તેનું પોસ્ટ મૉર્ટમ બની જાય છે? 'સ્ટેટ્સમૅન' અને 'હિંદુસ્તાન સ્ટાન્ડર્ડ'ના કલાવિવેચકોનાં આવાં 'પોસ્ટમૉર્ટમ' વાંચીને જ અરુણ બોઝનું પ્રદર્શન જોવા ગએલો અને જોઇને ખાતરી થઈ કે આ ચિત્રો માણવા માટે આવાં અસંખ્ય ચિત્રો સામે કલાકોની તપશ્ચર્યા કરવી પડશે ત્યારે જ તેની ખૂબી સમજાશે. જેમ 'હેમકલ્યાણ' અને 'નટકલ્યાણ' વચ્ચેના સૂક્ષ્મ ભેદ સમજવા માટે રાતોના અખંડ ઉજાગરા આવશ્યક બને છે,—તેને સાચા અર્થમાં 'સમજવા'.

બધાંને આ સુસાધ્ય ન હોય, પણ કોણ કહે છે કે બધું જ બધાંને સુસાધ્ય હોવું જરૂરી છે? ગીતાનું સાચું રહસ્ય કેટકેટલી સાધના પછી પંડિતોને સાંપડતું હશે? વળી અસંખ્ય માણસો રોજબરોજ પોપટની જેમ ગીતાપાઠ કરતા હશે તો યે આપણે ક્યારેય ગીતાને ઉવેખી નથી. તુલસીદાસજીના રામચરિતમાનસ ને ગીતામાં આ મૂળભૂત ભેદ છે અને રહેવાનો. ને છતાં આપણે એકને 'સારું' ને બીજીને 'ખરાબ' કે 'નકામી' કહી વગોવતા નથી. એટલી વૈજ્ઞાનિક દૃષ્ટિ કળાક્ષેત્રે આપણે ખીલવીએ તો બસ.

(કલકત્તા) —જયંતીલાલ મહેતા

[* બિલાડીના આ ચિત્ર પરથી અન્ય વાચકોને પણ પ્રતિભાવ થતા હશેને? શા શા?]

જુલાઇ અંકમાં 'સફેદ ઘોડા'નું ચિત્ર જોયા પછી અત્યાર સુધીમાં 'કુમાર'માં જ વાંચેલી કલાવિષયક ચર્ચાને લક્ષમાં લઈ આ પત્ર લખું છું. આધુનિક કલા (મૉડર્નઆર્ટ)માં કલાકાર પોતાના અજાગ્રત માનસ પર પડેલી છાપને પોતપોતાની આગવી શૈલી દ્વારા (જે ઘણુંખરું ખરચબડી અને અપતરંગી હોય છે) રજૂ કરવાનો પ્રયત્ન કરે છે, આવું સ્પષ્ટીકરણ અનેકવાર થયેલું હોવા છતાં એક પ્રશ્ન તો રહે જ છે, કે શું મૉડર્નિસ્ટોનાં માનસ પર આવી અસ્પષ્ટ અને ખરબચડી જ છાપ પડતી હોય છે? જે વસ્તુનું નિરૂપણ કરવાનું હોય તે શું વાસ્તવિકતા અને સપ્રમાણતા જાળવવાથી ન થઈ શકે? અને જ્યાં સુધી ચિત્રનું શિર્ષક ન વાંચવામાં આવે ત્યાં સુધી તેમાંનું કાંઈ જ ન સમજાય તે ચિત્ર કહેવાય જ કેમ? ('હબસી મુક્કાબાજ' ને 'જંગલી છોડ' માની લેનારની ભૂલ તો ન જ ગણાય!) અલબત્ત, શ્રી જ્યોતિ ભટ્ટની લેખમાળા દ્વારા અને જે પ્રકટ થાય છે તે ચિત્રો નીચેનાં સવિસ્તર પરિચય-લખાણ દ્વારા મૉડર્ન આર્ટનાં પાસાંઓને સ્પષ્ટ કરવાનો આપનો પ્રયત્ન તો પ્રશસ્ય છે, છતાં તે આર્ટ ગળે ઊતરે તેવી નથી.

ક્યારેક આ કલાને બાળકોની મુક્ત રીતે ખીલેલી કલા સાથે સરખાવવામાં આવે છે. પરંતુ 'કુમાર'ના જ ૪૦૦મા અંકમાં કલાકાર શ્રી રસિકલાલ પરીખના ચિત્રમાં બાલ કલાકારની જે ચિત્રણા દર્શાવવામાં આવેલી તે આ મૉડર્નિસ્ટોની કલા કરતાં ઘણી વધારે સ્પષ્ટ અને રુચિકર લાગેલી. જ્યાંસુધી ચિત્રના વિષયની લાક્ષણિકતા જળવાઈ રહે અને રેખાઓના વળાંકામાં કે રંગપૂરણીમાં કલાતત્ત્વ જળવાય ત્યાં સુધી ચિત્રો જરૂર ગમે છે અને તેમાં ઘણા અંશે વાસ્તવિકતા ન હોય તો પણ આહ્લાદક પણ હોય છે. શ્રી પ્રદ્યુમ્ન તન્નાના અધૂરા સ્કેચ અને શ્રી સ્યાવક્ષ ચાવડાનાં ઝડપી ખસરા મને અને મારા જેવા અનેકને ખૂબ જ ગમે છે. જુલાઇ અંકમાં જ લાંબી ડોક અને મોટા ફીંડલાવાળો 'વણઝારો' ઘણો જ ગમ્યો. કલાકારને જરૂર ધન્યવાદ ઘટે છે. પરંતુ જ્યારે સાવ ધૂંધળાં અને અસ્પષ્ટ ચિત્રો જોવા મળે છે ત્યારે જરા ખૂંચે છે. જોકે હું તો 'કુમાર'ના જ અભ્યાસથી કલાદૃષ્ટિ ખીલવવાનો કે સમજવાનો પ્રયત્ન કરું છું, તેથી મૉડર્ન આર્ટ વિષે અશ્રદ્ધા કે પૂર્વગ્રહ નથી જ સેવતો, પરંતુ મને હાલના તબક્કે જે લાગે છે તે નમ્રતાપૂર્વક જણાવું છું. કોઈ હબસી કલાકારનાં બનાવેલાં શ્રી નેહરુનાં બે શિલ્પોના ફોટો 'કુમાર'માં આવેલા, તેમાં કલાકારે નેહરુની ભવ્ય પ્રતિભા શિલ્પમાં ઉતારવા માટે જ તેમાં થોડું વિકૃતિકરણ કરેલું તે તો સમજાય તેમ છે, પરંતુ 'સફેદઘોડા'માં તે એવી શી ભવ્યતા ભરી છે કે જે રજૂ કરવા આવું બધું કરવું પડે? છતાં અંતમાં નિખાલસતાપૂર્વક જણાવી દઉં કે મૉડર્ન આર્ટની જ ઘાટીએ દોરાએલાં સરસ્વતી (શ્રીમતી પ્રભા બડગેલવાર) અને 'શૈશવ સ્મૃતિ' (શ્રી મોહિની બક્ષી) એ બંને ચિત્રો ઘણાં ગમેલાં.

(સોનગઢ) —હરિકૃષ્ણ રા. પાઠક

આપણા દેશમાં ઘણી નવી ટિકિટો નીકળે છે. વાંચક વર્ગમાં કોઈ પાસેથી ભારતની ટિકિટો મંગાવું તો મોકલી શકે? પોસ્ટના ખરચ સાથે સરનામું લખી જણાવે તો આભાર.

—માધવજી ડાહ્યા

(P.O.Box 241 Iringa)(East Africa)

જુલાઈ અંકમાં થૉરોની જન્મસાલ ઈ. ૧૮૫૭ આપી છે તે ઈ. ૧૮૧૭ જોઇએ.

(અમદાવાદ) —દશરથલાલ શાહ

એપ્રિલ અંકમાં શ્રી ર. મ. રા.ના આત્મકથાનકમાં મોખડકાના નાનજીદાદાનું ચિત્ર આલેખાયું હોત તો સારું હતું. ખાસ કરીને ભાવનગરની ગાડી પકડવા ઘોડા પર દોરી જતા 'દાદા'નું તેજસ્વી પાત્ર.
(સોનગઢ) —હરિકૃષ્ણ રા. પાઠક
[● શ્રી ર. મ. રા. જણાવે છે: ત્યારે વય માંડ પાંચેક વર્ષનું હોઇ મુખરેખા તાદૃશ ઉતારી શકાય એવી યાદ નથી, પરંતુ એ દૃશ્ય યાદ છે તેવું આલેખ્યું છું.' (જુઓ નીચેનું રેખાંકન)]



'જર્મનીમાં વિદ્યાભ્યાસ' વાળા મારા લેખ વિષે અનેક ભાઇઓના પત્રો આવે છે. કેટલાકના જવાબો તો મારા લેખમાંથી મળી રહે તેમ છે, છતાં મને શા માટે લખતા હશે? કેટલાક ભાઇઓને મેં જવાબો આપ્યા છે; બાકી બીજા ભાઇઓની માફી માગવા સિવાય બીજું શું લખું? 'જર્મનીમાં અભ્યાસની શકયતાઓ' નામક બીજા લેખમાં જર્મનીમાં કઈ લાઈનનો અભ્યાસ કરવાની શકયતાઓ છે તે અંગે સમય મળ્યે લખવા ધારુ છું.
(એન્સહાઇમર સ્ટ્રા.) —દુર્લભ કાકડિયા
[● પત્રોનો નિરર્થક ધોધ વહેવડાવીને પરદેશમાં અનેકરીતે વ્યવસાયી હોય એમને પજવવા ન જોઇએ. મીઠા ઝાડનાં મૂળ ન ખવાય.]

મારે હાથે. પગે તથા મોઢે પુષ્કળ રૂંવાટી છે અને હજુ પણ વધતી જ જાય છે. આ રૂંવાટી ઘટે અથવા તો વધતી બંધ થાય એવો કોઈ ઉપાય આપની અથવા વાચકોના પાસે હોય તો મહેરબાની કરી મને માર્ગદર્શન આપો.

પુષ્કળ રૂંવાટીને લીધે હું બહાર જતાં શરમાઉં છું. માર્ગદર્શન આપી આ મુસીબતમાંથી બચાવશો તો હું ઘણી જ આભારી થઈશ.
(કલકત્તા) —કરુણા શાહ
[● નીચેના પત્રોમાં બે ઉત્તર છે.]

બહેન રેખાદનીના પત્ર (જુલાઈ '૬૨)ના જવાબમાં જણાવવાનું કે આજના મેડિકલ સાયન્સમાં વાળ કાઢવાનો બીનનુકસાનકર્તા ઉપાય હજુ મળ્યો નથી. એક ઉપાય Electrolytic પ્રોસેસનો છે, પરતુ ! પુષ્કળ ખર્ચાળ છે; કારણ કે તેમાં એક એક વાળને મૂળ સહિત કાઢવાનો હોય છે. બજારૂ જાહેરખબરવાળા ઉપાય અજમાવવા જતાં રૂંવાટી આછીહશે તે પણ વધશે, સુંવાળા વાળ ખરબચડા થઇ જશે અને ચામડી કાળી પડશે. માટે બહેન રેખાદનીને મારી ભલામણ છે કે આ અગાઉ બજારૂ ઉપાય કરવાની ભૂલ કરી હોય તો કંઈ નહિ, પણ હવે પછી તેવી વધારે ભૂલ કરે નહિ. પાછળથી પસ્તાવા કરતાં નૈતિક બળને કેળવવું એ વધુ સારું છે.
(મુંબાઈ) —કાન્તાબેન વાસુદેવ પરીખ

શ્રીમતી 'રેખાદની'ને પગની રૂંવાટીના ભાગમાં ચણાના લોટનું પાણી રાતના લગાડી સૂવું. નહાતી વેળા પણ ચણાના લોટના પાણીથી નહાવું અને જાડા રૂંવાંવાળા ટુવાલથી લૂછવું જેથી રૂંવાટી ઝડપથી જતી રહેશે. આ જાતઅનુભવ છે એમ મારાં માતુશ્રી (હસમુખબેન મહેતા) કહે છે.
(મુંબાઈ) —શશીકલા મહેતા

સાત-આઠ વર્ષ પહેલાં મારે પગે લીલું ખરજવું થયું. શરૂઆતની બેદરકારીએ ગોઠણથી છેક ઘૂંટી સુધી ફેલાયું. ખૂબ દેશી-પરદેશી ઉપચારો કર્યા, છતાં કંઈ ફાયદો ન થયો.

ત્યારબાદ એક મુરબ્બીની સલાહથી ગૌમૂત્રથી તે પગને ખૂબ સાફ કર્યો અને પછી અજમાને શેકી (કાળા થાય ત્યાં સુધી) તેનો બારીકભૂકો ગાયના ઘીમા મેળવી મલમ કર્યો. તે લગાડવાથી ખરજવું સાવ મટી ગયું. કહે છે કે ખરજવું જડમૂળથી મટતું જ નથી, પરંતુ મને હજી સુધી ત્યા કઈ થયું નથી.
(રાજકોટ) —ગોવિંદભાઈ પુરુષોતમદાસ

જૂનના 'કંકાવટી' વિભાગમાં કેરીના રસની ખટાશ ઘટાડવા લખ્યું છે તેના અનુસંધાનમાં: ઘરવપરાશમાં ઘણીવાર છાશ, દહીં, કઢી વધારે ખટાશવાળાં થઈ જાય છે તે ઘટાડવા માટે એક વાટકામાં આશરે ૨ રતી (ચપટી) સોડાબાઈ કાર્બ નાખવાથી ઍસિડતત્ત્વ (અમ્લતત્ત્વ) ઘટી જાય છે, ખટાશ ઓછી થઇ સ્વાદ સારો રહે છે. તેવી જ રીતે મોસંબી તથા બીજા ફળરસોમાં વધારે ખટાશ હોય તો આ પ્રયોગ કામ આપશે. જો સોડાનું પ્રમાણ વધુ થઈ જાય તો ખટાશ તદ્દન કપાઇ જાય છે, તેથી સોડાના પ્રમાણમાં ખાસ કાળજી રાખવી.
(ભાવનગર) —કુ. અરુણા શાહ

'કુમાર' હાથમાં આવે છે અને સ્વ. શ્રી સાધુરામ દવેની યાદ તાજી થાય છે. તેઓ પ્રતિમાસ બ્રિજના બુદ્ધિચકાસણીના કોયડા રજૂ કરી બૌદ્ધિક વિકાસ સાથે ગમ્મત પીરસતા. વાચકોમાંથી કોઈ જ્ઞાન-સમૃદ્ધ ભાઇ એ ક્ષેત્રને નવપલ્લવિત બનાવવા કશું નહિ કરે?
(રાણાવાવ) —નારાયણ. હ. જોષી

વીંછી કરડયાનું ઝેર ચડયું હોય તેનો ઉપાય: ખાવાના મીઠાનું પાણી કરી તેને ગાળીને આંખમાં નાખવું. સામાન્યરીતે મીઠાનું પાણી આંખમાં પડે તો બળતરા ઊપડે છે, પણ દરદીને ઝેર જ્યાંસુધી નીકળી ન જાય ત્યાં સુધી બળશે નહિ. જ્યારે આંખ બળવાની શરૂઆત થાય ત્યારે પાણી બંધ કરી દેવું. ચારથી પાંચ મિનિટમાં દરદીને આરામ થઈ જાય છે. હું પાટડી ખારાઘોડા પાસે જેનાબાદ સ્ટેટમાં મકાનો ચણાતાં હતાં ત્યાં દેખરેખ ઉપર હતો એ વખતે ચોમાસામાં પથ્થર ઉપાડે ને એકબે વીંછી નીકળતા જ અને મજૂરોને તે કરડતા. ત્યારે ઉપરનો ઉપાય કરતા અને દરદી હસતો હસતો પાંચ મિનિટમાં ચાલ્યો જતો.
(ઘાટકોપર) —છોટાલાલ માવજી કોઠારી
[● આવા ઉપાયો દાકતરની સલાહ લઇને અજમાવવામા સલામતી છે.]

વિજયરાયભાઇએ 'University' શબ્દની વ્યુત્પત્તિને Universitas સાથે જોડી તેનો અર્થ જુદો હોવાની કલ્પના કરી છે, પણ વાસ્તવમાં એ બધા શબ્દો એક જ કુળના છે ને 'Unus' ને 'versum' એ બે શબ્દોના લીલા- -સ્તાર—જે કહો તે—છે.'
(ભાવનગર) —ધીરજલાલ અ. વોરા

જુલાઈ અંકમાં 'ક ચ ટ ત પ' એ આપેલું સૂત્ર ૧૩/૨ (૧૩+૧)=૯૮ નહિ પરંતુ ૯૧ થાય.
(ચાડિયા) —ગોવિંદ દૂધાત

'જીવનપટનાં સ્મૃતિચિત્રો' માટે મારું મંતવ્ય શ્રી દિલીપ ઝવેરીથી જુદું છે. વાસ્તવ જીવનને વર્ણવતું એ કથન અને ચિત્રો દ્વારા એનું આલેખન ઓર રંગ જમાવે છે.

ભાવનગર હું રહ્યો છું ને ભૂતકાળનું ભાવનગર એના ખરા સ્વરૂપે પ્રગટ થાય છે. ચિત્રોમાં રવિભાઈ ચિત્રો નથી દોરતા, પણ એમનું બાલપણ મૂર્ત સ્વરૂપ ધરી એમની પાસે ચિત્રો દોરાવે છે.

એમનાં જીવનસંભારણાં વાંચતાં મને ય બાલપણ યાદ આવે છે. 'કુમાર' હાથમાં આવતાં સૌથી પ્રથમ એ જ વાંચું છું. હજુ રવિભાઇ લખાણને મધ્યાહ્નને આવશે ત્યારે લખાણ વધુ પ્રેરક, આકર્ષક ને સાહિત્યના વધુ ઝોક વાળું બનશે. ખાસ કરીને ચિત્રકળા પર એ વધુ વેધક પ્રકાશ પાડશે.

ઢહાલાના દરબારશ્રી સ્વ. વાજસુરવાળાના મુખે અસલ કાઠિયાવાડી શૈલીથી મેં વાર્તાઓ સાંભળેલી. એ વાર્તામાં જે રંગ જામતો, લગભગ એ કસબ રવિભાઈ પાસે છે. એનું મૂલ્યાંકન 'સ્મૃતચિત્રો' પૂરાં થશે ત્યારે અંકાશે. કોઈ વાર જમાવટમાં જરા ક્ષતિ લાગે તો પણ આપણે તો સમગ્ર દૃષ્ટિએ જોવાનું રહ્યું. થોડા શબ્દોમાં પાત્રને નજર સમક્ષ તરવરતું કરવાની એમનામાં પ્રતિભા છે એટલે સૌ ઘરડિયાં નજર સામે તરે છે.

(સાંતાક્રુઝ) —ચંપક મહેતા

~

જુલાઈ અંકમાં વ્રિજરત્નલાલ જ. અક્કડનો પત્ર વાંચી ખૂબ આશ્ચર્ય થયું. 'રંગ ગઠરિયાં' ભાઇ અક્કડને વિદ્યાર્થીઓના ચારિત્ર્યઘડતરમાં દોષરૂપ કેવી રીતે લાગી તે સમજાવશે? શ્રી મહેતાના લેખો ખૂબ રસિક, આનંદ આપે તેવા છે અને સુંદર સાહિત્ય પીરસે છે. તે લેખોમાં પશ્ચિમની સંસ્કૃતિનાં આપણને પૂર્ણ દર્શન થાય છે. ભૂગોળનું જ્ઞાન ખૂબ રસિક રીતે આપણને પીરસે છે. સાથે પ્રવાસ વર્ણનો આપણને ખૂબ આનંદદાયક લાગે છે. એમનો લેખ આપણે વાંચતાં નથી પણ વાસ્તવમાં અનુભવીએ છીએ. (શ્રી અક્કડને) આવો પૂર્વગ્રહ કેમ પેદા થયો? બાળકો માટે તેમાં ખરાબ કે ચારિત્ર્યને હીન કરનારું શું છે!

ખરેખર, નાટ્ય એક કલા છે એમ તેઓ માનતા હોય તેમ લાગતું નથી.

(થામણા) —ઉમેદભાઈ ઠા. પટેલ

~

જુલાઈ 'કુમાર'માં બે પત્રો ધ્યાન ખેંચે છે: 'રંગગઠરિયાં' અંગેનો ને આઈસ્ક્રીમ અંગેનો.

નાટ્યકળા, ફિલ્મ અને તે પણ કળાનું જ્ઞાન ચારિત્ર્યઘડતરને બદલે વિલાસી બનાવે છે એમ લેખકનું માનવું છે. આપણી પૂર્વગ્રહપ્રેરિત માન્યતાઓ કલા પ્રત્યે પણ કેવા સૂગ ધરાવતા કરી મૂકે છે! આજથી બે-અઢી હજાર વર્ષ પૂર્વે ભરતમુનિએ જે અંગેનું આખું શાસ્ત્ર રચ્યું એ યુવાનોની નીતિને હાનિ પહોંચાડશે એ માનવું કેવું વિચિત્ર છે! અને નાટક એ તો સાહિત્યનું સહુથી ઊંચું સ્વરૂપ. નાટકો અને ફિલ્મ યુવાનોનાં ચારિત્ર્યઘડતરમાં સારો ફાળો ભજવી શકે, જો વિવેકબુદ્ધિનો ઉપયોગ થાય તો; અને એ વિવેકબુદ્ધિ આવા લેખો જ વિકસાવી શકે.

વળી, આ વખતના 'રંગગઠરિયાં'ના લેખમાં લેખકે વચ્ચે જ જાણે કે આવી મનોવૃત્તિ અંગે પોતાને કહેવાનું હોય તેમ તેમને સાહજિક એવી મર્મયુક્ત રીતે કહી જ દીધું છે. (પૃ. ૨૭૬)

હવે આઈસ્ક્રીમ અંગે લખે છે: 'ઠંડા બરફવાળા પદાર્થો યકૃતની ગતિ પર અસર કરે છે.' મને ખબર નથી કે લખનાર પોતે તબીબી વ્યવસાયના છે કે કેમ, પણ અહીં 'યકૃતની ગતિ' દ્વારા તેઓ શો અર્થ કાઢવા માગે છે? સાચી વાત કહું તો યકૃત (લિવર) પર આવી કોઈ અસર થતી હોવાનું હજી સુધી તો હું ભણ્યો નથી. પછી બહાર વેચાતા બરફ અને આઈસ્ક્રીમ બનાવવાની પદ્ધતિ સામે તેમણે રોષ ઠાલવ્યો છે. પોતે વિરોધ કરતાં પહેલાં મૂળ લખાણને પાંચ વખત વાંચી જવું જોઇએ. ડૉ. શિવપ્રસાદે ખાસ ભાર દઇને લખ્યું છે કે આપણા દેશમાં આઈસ્ક્રીમ લેતાં પહેલાં બે વખત વિચાર કરવો જોઇએ. આપણે નગરપાલિકા સામે, ફેરિયાઓની અનારોગ્યપ્રદ પદ્ધતિઓ અંગે વિરોધ નોંધાવવો હોય તે, પેલા વિજ્ઞાનશાસ્ત્રી સામે એણે આપેલી ટેકનિકલ વિગતો પર રોષ ઠાલવવા બેસીએ એ કેમ ચાલે?

વળી બીજી હસવાની વાત તો એ છે કે એમણે લખ્યું છે: 'ઠંડીમાં જંતુઓ વિકસે છે!' જંતુ દ્વારા સામાન્ય અર્થ bacteria જ કરવામાં આવતો હોય છે. અને શરીરમાં રોગ ફેલાવનાર જીવાણુઓ Pathegenic Organisms નીચા ઉષ્ણતામાને મોટે ભાગે નાશ પામે છે એ અમને ભારપૂર્વક શીખવાડયું છે. આવી અધકચરી દલીલો લઇ ડૉ. શિવપ્રસાદ જેવા સમર્થ તજ્જ્ઞ સામે આવા આક્ષેપો કરી પોતાના રોષનું હાસ્યાસ્પદ પ્રદર્શન કરવાથી શો લાભ! ડૉ. શિવપ્રસાદની આટલી બધી માહિતીસભર, રુચિપ્રદ લેખમાળાઓ વાંચી ગમે તે કક્ષાનો વાચક આરોગ્યને સંપૂર્ણપણે તંદુરસ્ત બનાવી શકે એમ મારું તો માનવું છે. અને એમણે આઇસ્ક્રીમ અંગે જે કંઈ લખ્યું છે તેમાંના સત્ય માટે બે મત છે જ નહિ.

'બે વિદેહ કલાકારો'માં છબિ વિશ્વાસ અંગેનો લેખ સારી માહિતીથી સભર અને કંઈક પ્રૌઢ ગણાય એવી શૈલીનો છે, જ્યારે વિલાયતહુસેનખાનના લેખની શૈલી કાચી દેખાય છે. અને સૌથી અગત્યની વાત તો એ છે કે લેખકનો ખુદનો 'હું' અને અંગતતા જરા વધુપડતાં થઇ પડે છે. અંગત વાતોને ય સરળતાથી મૂકી દઈ એમાંનું અંગતપણું દૂર કરી શકાય. એકલાના સમર્થ સ્વામી ચંદ્રવદન છે જ.

'સફેદ ઘોડો' એ ચિત્રનો પરિચય ખાસ સમજણ નથી પાડી શકતો. જો કે ચિત્ર સારું છે.

સુનીલના લેખ માટે એક કહેવું છે. અમને સૌને નૃત્યની પરિભાષા પચાવવી અઘરી પડે છે. ઘણા ય વાચકો એ માહિતી વાળો ફકરો વાંચવાનું છોડી દેતા હશે. આપ સુનીલ જેવા પાસેથી આ ભરતનાટ્યમ્ અને અન્ય નૃત્યપ્રકારો અંગેની પ્રાથમિક પૂર્વભૂમિકા રૂપ લેખમાળા લખાવી છાપો તો?

(પૂના) —દિલીપ ઝવેરી

[*અમે વિનતિ નહિ કરી હોય? પણ હજી બે વરસથી એ કૃપા અમારા પર ઊતરી નથી.]

~

ગયા અંકના 'જીવનપટનાં સ્મૃતિચિત્રો'માં 'દૂધના મોણવાળી ભાખરી' લખ્યું છે. મોણ તો ઘી અથવા તેલનું હોય. મોટાં મા કદાચ ભાખરીનો લોટ દૂધમાં બાંધતાં હોય.

(સીણાવાડ) —ચીનુપ્રસાદ શાહ

~

'વનસ્પતિનાં તેલો'ના લેખ (જુલાઇ)માં કેટલાક હકીકત-દોષો છે: ૧) વનસ્પતિ તેલોમાં પ્રોટીનો નથી હોતા; ૨) પ્રોટીનો નથી એટલે તલના તેલમાં મિથિયોનાઈન નામનું એમાઇનો ઍસિડ ન હોય; ૩) મગફળીના તેલના વર્ણનમાં 'પ્રોટીન, વિટામિન 'બી-૧' 'વિટામિન બી-૨', નિકોટિનિક ઍસિડ' લખેલું છે એ ખોટું છે. તેલમાં માત્ર 'વિટામિન ઇ' છે. કોઈ ખનિજ દ્રવ્યો કે ક્ષારો નથી હોતા; ૪) અધોળ મગફળીના તેલમાથી ૨૫° કણ્ણાંક મળે છે; ૫) કોપરેલમાં પ્રોટીન ને કાર્બોહાઇડ્રેટ હોવાનું લખ્યું છે તે ખોટું છે–એમાં માત્ર ચરબી છે અને વિટામિન 'ડી' છે; ૬) ૨૬૫મા પાન ઉપર 'મગફળીનું તેલ' શિર્ષક હેઠળની પહેલી પાંચ લીટીઓ રદબાતલ ગણવી; ૭) મગફળીના તેલનું ગલનબિંદુ ઊંચું નથી, પણ તેમાં રહેલા હેકઝોકોસેનિક ઍસિડનું ગલનબિંદુ ઘણું ઊંચું હોઈ એ તેલ, તલ, સરસવ ને અળશીનાં તેલ કરતાં પચવામાં ભારે છે.

(અમદાવાદ) —(ડૉ.) કાન્તિલાલ શાહ

જૂન અંકમાં 'રાગ મલ્હાર'ના મુખચિત્ર માં જે કાવ્યપંક્તિઓ છે તેમના ચિત્રની પાછળ આપેલા ભાવાર્થમાં થોડોક અર્થનો અનર્થ થએલો છે. અર્થ આ પ્રમાણે, કરવો જોઇએ (મૂળમાં 'ચરે' અને 'ઝૂઠન' છે તે લહિયાની ભૂલ છે; 'ચીરે' ને 'ઝૂલન' જોઇએ):

'હે લાલ ધીરે ધીરે ઝૂલો. હિલોળો એટલો બધો કેમ ચડાવો છો? (મારાં) ચીર ઝાડ(ની ડાળ)માં ભરાઈ જાય છે. ઝૂલવાને મિષે તમે ઝૂકીઝૂકીને નજીક નજીક આવો છો ખરા, પણ હે નાગર, (મોટા હિલોળાથી માત્ર) ડરાવો છો શા માટે? કેમ તમારી ભુજાઓમાં મને જકડીને ભીડી લેતા નથી?'

મુકુંદ આયર્ન વર્કસના એ કૅલેન્ડરમાં આપેલાં આવાં અન્ય ચિત્રોની ગીતપંક્તિઓનો અર્થ પણ કેટલેક સ્થળે સમજ્યા વિના થયો છે.

(વિલે પારલે) —હરિવલ્લભ ભાયાણી

સદ્‌ગત 'શયદા' વિષેની નોંધમાં 'કાળ, તું શું આવીને લૂટી ગયો?' એ ગઝલને સદ્‌ગતની છેલ્લી કૃતિ તરીકે ઉલ્લેખવામાં આવી છે. પણ ૧૯૪૩માં એ કૃતિ અમે સદ્‌ગતને મુખે સાંભળી હતી. 'પ્રવાસી'ના લેખક પણ 'મુંબાઈ સમાચાર'માં ઉપર્યુક્ત ગઝલને સદ્‌ગતની છેલ્લી ગઝલ તરીકે રજૂ કરવામાં આવી તેનાથી દોરવાયા અને એમ બીજા અનેક ઉતારા કરનારા યે દોરવાયા.

'શયદા'થી શરૂ થએલા ગુજરાતી ગઝલના બીજા દોરમાં 'સાગર'ને શી રીતે ગણી શકાય? 'સાગર'ની શાયરી, એનો મિજાજ, ઢબછબ ઊર્મિલલકાર, બધું 'કલાપી' યુગનું છે. જોકે ઇશ્કે મિજાજી અને ઈશ્કે હકીકી જેટલો એમાં તફાવત છે, પરંતુ છંદશૈથિલ્ય, ઉર્દૂ-ફારસી શબ્દોનો ભરપટ્ટે વપરાશ, સાંકેતિક નહિ પણ પ્રગટ લલકાર આ બધાં લક્ષણો 'સાગર'ને ગુજરાતીગઝલનાપહેલાદોરમાંસ્થાનઆપેછે.

સદ્‌ગત રાજેન્દ્ર સોમનારાયણ ત્રિવેદી (દલાલ) ઑપરેશન માટે છેલ્લે અમદાવાદ ગયા હતા. ત્યાં ગંભીર સ્થિતિ જણાતાં સૂરત લાવવામાં આવેલા અને સૂરતમાં જ એમનું અવસાન થયું હતું; મુંબાઈમાં નહિ.

(સૂરત) —રતિલાલ 'અનિલ'

[*'સાગર'ને'શયદા'નાપુરોગામીજકહ્યાછે.]

લંડનથી શિકાગો જતાં પ્લેઈનમાં એકકલાક માટે જૂનના'કુમાર'દ્વારા અમદાવાદ પહોંચી, ઘરની યાદના ડૂમાને હળવો કર્યો. લંડન છોડી તરત ચન્દ્રવદનની પ્રો. સીસન સાથેની મુલાકાત વાંચી આનંદ થયો. ચંડોળાની મુલાકાત પણ ૩૬,૦૦૦ ફૂટ ઊંચે ઊડતાં જ કરાવી આપવા બદલ 'કુમાર'નો આભાર. અહીંનાં 'Time' 'Life' 'Look' બધાં જ વાંચ્યાં પછી 'કુમાર' બધાંથી વધુ ગમ્યું.

પથેર પાંચાલી, ગંગા-જમુના ને કંજનજંઘા જેવી ફિલ્મો ઊતર્યા પછી ય 'કુમારે' 'ફિલ્મ-વિભાગ' નથી શરૂ કર્યો તે નથી ગમતું.

(અર્બિન,ઇલીનૉઈ.યુ.સ્ટે.અ.)—બાબુ રાજવૈદ્ય

ભાઈ ભૂપેન્દ્ર ભાવનગરવાળાને હરડાં-બેડાં-આમળાના પ્રયોગથી આંખે ફાયદો થયો વાંચી હર્ષ. ફાજલ સમયની ત્રેવડ પ્રમાણે પ્રૅકટીસમાં મૂકી શકે છે. ઉપરનો પ્રયોગ પણ ચાલુ રાખવાથી નુકસાન નથી. ઉપરાંત આંખમાં ચોખ્ખું મધ આંજવાથી કે કોથમીરના રસના ટીપાં નાંખવાથી ઠંડક રહે છે. પાણી પીધા પછી તે ધાતુના પ્યાલાને બંધ આંખ પર ધીરેથી બેત્રણ વખત દબાવવાથી પણ આંખના થાકોડાને ફાયદો કરે છે.

ભાઈ બાબુભાઈ વોરા (બારડીવાલા)નો ખરજવા ઉપરનો નુસ્ખો નૈસર્ગિક ન ગણી શકાય. મરેલા માણસનું જ હાડકું મેળવવું જલદી સરલ નથી. અન્ય પ્રાણીના હાડકાં ને માણસના હાડકાના Componentsમાં આસ્માન-જમીનનો ફેર હોય તેમ માનવાને કારણ નથી. તેથી બીજું હાડકું પણ ધારી અસર દરદ ઉપર ઉપજાવી શકતું હોવું જોઇએ.

ખરજવું લોહીબગાડાને લઇને થાય છે. તે બહુલાબદી હોઇ માત્ર બાહ્ય ઉપચારથી જલદી મટતું નથી. તે માટે લોહી સુધારો પહેલાં કરવો જોઇએ: પેશાબ ઝાડા તથા પરસેવાને રસ્તે.

ત્રીસ દહાડા સુધી દીવસમાં બે વખતલીલા નારિયેળનું પાણી પીવું; ત્રીસ દહાડા સુધી સાત દિવસ હીમેજ રાત્રે સૂતી વખતે પાણી સાથે નીચે મુજબ લેવી: પહેલી ફાકી, પછી બે'દી પછી બીજી, ત્રણ દી' પછી ત્રીજી, ચાર દી' પછી ચોથી એમ. મીઠું બંધ કરી દેવું, તેને બદલે સિંધવ ઓછા પ્રમાણમાં લેવું. ખાંડ ઓછી ખાવી. કઠોળ ઓછાં ખાવાં. ખાટું, ખારું, તીખું, ખાવું નહિ. સાંજે પચવામાં હલકા ખોરાક સાથે તાંદળજાનો સૂપ કે શાક ખાવું.

સવારે સાદો ખોરાક ખાઇ ઉપર મોળા દહીંની છાશ પીવી. બપોરે લીંબુનું સિંધવ નાખેલું શરબત પીવું (સિપ કરીને). રોજ ઠંડા પાણીએ (ગંધકના સાબુથી નહાવું). ખરજવાને રોજ લીમડાનાં પાન ઉકાળેલા પાણીથી ધોવું. સૂર્યસ્નાનથી સુકાયે ઉપર લીંબોળીનું તેલ હળવે હાથે માલિશ કરવું. દરદને ખંજોળવું નહિ, તેમ કપડેથી ઘસવું પણ નહિ. સૂકા તથા લીલા બન્ને ખરજવાં ઉપર, આમ કરવાથી આરામ થશે.

(મુંબઇ) —કાન્તિલાલ મે'તાજી

જુલાઇ અંકમાં શ્રી રતિલાલ મહેતાનો માનવમૂત્ર બાબતનો પત્ર વાંચી નવાઇ તો નથી લાગી, કારણ કે હવે તો એ પ્રયોગ ખૂબ જાણીતો થઈ ગયો છે; પરંતુ 'કુમાર'ને પાને એનો ઉલ્લેખ જોઈ દુઃખ તો જરૂર થયું.

શ્રી મહેતાએ સૂચવેલું પુસ્તક ઘણું લોકપ્રિય થયું છે ને કમનસીબે આપણા બે નેતાઓએ પણ જાણ્યે અજાણ્યે એને ઉત્તેજન આપ્યું છે.

શ્રી રાવજીભાઈ પટેલ, શ્રી 'ચિકિત્સક' વગેરે મહાનુભાવોએ દરેક સાજી-માંદી વ્યક્તિને સવારના ઊઠીને સ્વમૂત્રનો એક પ્યાલો ભરી પી જવાની સલાહ આપી છે અને તેમના પુસ્તક તથા લેખોમાં આ પ્રયોગથી ફાયદા થયાના ઘણા દાખલા ટાંકયા છે.

આવું સાહિત્ય વાંચીને ઘણાએ મૂત્રપ્રયોગ કર્યો હશે, પરંતુ વૈજ્ઞાનિક દૃષ્ટિએ વિચારતાં એ નરી મૂર્ખાઈ છે. ઈશ્વરે શરીરમાંનો કચરો બહાર લાવવા માટે જે રચના કરી છે એનો વિરોધ કરી એ જ કચરો ફરી શરીરમાં રેડવો એ કોઈ પણ સમજુ માણસને ગળે ઉતરે તેવી વાત નથી. વળી મૂત્રાશય વગેરેનાં દર્દોથી પીડાતા રોગીઓના મૂત્રમાં અનેક ખરાબ વસ્તુઓ હોય છે જે શરીરમાં ફરી જવી જ ન જોઇએ. મૂત્રપ્રયોગ કરવાથી બીમાર મૂત્રાશય કે મૂત્રપિંડ પર વધુ બોજો લદાય છે! ઉપર્યુક્ત પુસ્તકના લેખક તો પૅથૉલૉજીમાં નહિ માનતા હોય, પરંતુ હું તો ધંધાથી જ મૂત્ર વગેરે સાથે સંકળાએલો છું એટલે એમાં શા શા ખરાબ પદાર્થો હોઇ શકે એ જાણું છું.

પ્રસ્તુત પ્રયોગ ઉપર 'કુમાર'ના બહોળા વાંચકવર્ગમાંના ડૉકટરો, વૈદ્યો અને વૈજ્ઞાનિકો પોતાનાં મંતવ્યો રજૂ કરી પ્રકાશ પાડશે તો આભારી થઈશ.

શ્રી અરવિંદભાઈ પટેલના પ્રશ્નના ઉત્તરમાં સાધારણ રીતે કરમિયાં એટલે નાના અને મોટાં સફેદ જીવડાં ઝાડા વાટે નીકળે છે તે. અત્યારે તો એ માટેની દવાઓ ઘરગથ્થુ જેવી થઇ ગઈ છે: Antepar કે Hetoraran. છતાં ડૉકટરને બતાવી, શકય હોય તો ઝાડો તપાસાવી દવા કરવી વધારે વ્યાજબી છે.

(જૂનાગઢ) —પ્રસન્ન વછરાજાની

[* પત્રલેખક કદાચ એ તો જાણતા જ હશે કે ઉપર્યુક્ત પુસ્તક Water of Life નામના જાણીતા અંગ્રેજી પુસ્તક ઉપરથી સપ્રયોગ લખાયું છે અને તેની છ આવૃત્તિઓ થઈ છે.]

એક રે ઘડી

· ગાન ·

એક રે ઘડી,
બાદલ ઝડી વરસી ગયું આભની પેલી પાર.
ઘરનાં ભીનાં નેવલાં હજી ટપકે રે વારવાર : એક૦
અંગમાં એવાં વીજળી તુફાન
તેજનો તરલ તોર,
દુનિયા આંજી દીધ
કહાકે જગવી ચારેકોર;
ગાન રેલાયાં ઘોડલાપૂરે તીરની ભાંગી પાળ : એક૦
ગમતો પવન
સીમ'પ્હોળી નિજ પાંખમાં લાવ્યોસજલશ્યામલઘન
અવ લાગે અળખામણો જતાં ઓગળી સકલ ધન :
પાછલી રાતનું તિમિર મૂગું
તમરું યે નવ જાગે;
ઝરતા રે સૂનકારથી
અખિલ કેવળ ખાલી લાગે :
સોણલાંનો સથવાર ન, હરે ઊંઘનો યે આધાર : એક૦

રાજેન્દ્ર શાહ

માનો તો વ્હાલમ

· ગાન ·

નેહ છે ઝાઝો ને ઝમતી રાત રે
જાગો તો વ્હાલમ, જાતી રે વેળાને ઝાલી રાખીએ;
છળકે હૈયું ને છલકે વાત રે
સમજો તો સાજન, અમરત પીધાં છે ને તરસ્યાં છીએ.

કદી યે ઊગી ના આવી રાત રે
અલબેલો આવો કદી યે ક્યાં છાયો'તો અંધકાર;
બંધ બે હોઠો, ને કરું ધબકારે
વાત, પળમાં વીતાવું આખો યે અવતાર;
સોડ રે શાળી ને ઊના શ્વાસ રે
માનો તો વ્હાલમ, કાળના હેમાળા ગાળી નાખીએ.

હરીન્દ્ર દવે

દર્શન

· વિષમ હરિગીત ·

ખ્રિસ્તને ક્યારેય તે
બીજા રૂપે જાણે કદી જોયા નહીં.
સ્થંભ પરની એ ક્ષણોની આર્દ્ર મુદ્રા
દશ્યથી ખસતી નહીં.
એની અસર તો એટલી : કે
આવતાંજાતાં હજારો માનવીનાં
મુખ વિષે લંબાયલાં લોચનમહીં
હું ખ્રિસ્તના પથરાયલા
બે હાથ જોઉં;
નાસિકાના રૂપમાં દઢ પાય પેખું.

પ્રિયકાન્ત મણિયાર

સ્મૃતિ

· મિશ્ર ·

બપોરનું ઘેઘૂર મૌન ચિત્તને
સ્પર્શ્યું જરી ના, ત્યહીં નેત્ર પાછાં
ડૂબી ગયાં ગ્રંથ વિષે... પરંતુ રે
સુદૂર કોઈ તરુકુંજમાંથી
ટ્હૌકી ઊઠે કોકિલ; સ્હેજ થોભી
ફરી ફરી પંચમ સૂર એનો
બપોરની વ્યાપક રિક્તતાને
કંપાવતો આકુલ શો ઘૂમી રહે!
અસ્તિત્વને એ અડી જાય એવું કે
મૂકી દઉં પુસ્તક ને ઊભો થઈ
બારી ઉઘાડી જરી બ્હાર સામે
જોઇ રહું શાંત ઘરો, અશાંત
બની ગયું આ મન કેમ? શોધું...

સરોવરે ત્યાં તટમાં નમીને
ભરી રહી ગાગર દેહયષ્ટિ કો;
અષાઢભીંજ્યો, તડકે ઝલાંમલાં
ઝૂલી રહે છે લીમડો હર્ષેભર્યો;
ને ગામનું સ્ટેશન, રમ્ય પીલુડી,
ત્યાં થોરની સુંદર પુષ્ટ વાડમાં
છેડો લીલો પાલવનો ભરાયો;
દાદી તણાં બે નયનો મહીં ઊંડાં
ઝૂલી રહ્યા ચંદનહાર, આસ્ય
ટબૂકતું રાજકુમારીનું કશું
રૂપે મઢ્યું; ને ઘડીમાં સૂણી રહું
હેષા પુરાણા હયની—સુંવાળી
સ્પર્શી રહું છું પીઠને... બધે બધે
ભમી રહે વ્યાકુલ ને અશાંત
અતીતમાં આ મન...
ક્યાંક બેઠી
છુપાઇ ઘેરા ઘૂમટા મહીં સ્મૃતિ.

કોકિલનો પંચમ સૂર ક્યારનો
લપાઇ બેઠો અવ ચૂપ નીડમાં,
ભમી રહ્યું છે મન કિન્તુ બ્હાવરું
અતીતના ખેતરમાં, સરોવરે,
શેરી મહીં, સ્ટેશનમાં, ભીનીભીની
ધૂલિ મહિ શૈશવની... ઘણે બધે.

લાભશંકર ઠાકર

· રૂબાઈ ·

વિચાર્યું કે તરત ત્યાં જામ મળશે,
હૃદયને સ્હેજમાં આરામ મળશે;
ખબર ન્હોતી સુરાલયમાં ય પાછું
મને સાકી થવાનું કામ મળશે!

ચિનુભાઈ મોદી

મૃત્યુને

· પૃથ્વી ·

પ્રલંબભુજ, દીર્ઘદષ્ટિ, અતિચંડ, તું મૃત્યુ હે!
કઠોર, અનિવાર્ય, ક્રૂર, ભરખી જતો કો' ક્ષણે
ભમંત ભય તું સદાય શિર પે શરીરી તણે;
અચૂક ઝડપી લિયે ગણતરીમહીં આવતું
યથેચ્છ યદિ મ્હોરું કોપિ જગર્ચાસરે મ્હાલતું!
શિકાર કરવા કરે મથન કૈં કદી, તો કદી
બિરાટ મુખમાંહિ ભક્ષ્ય સ્વયમેવ આવી પડે!
કશી અકળ ને નિગૂઢ તવ ચાલ ને ચાતુરી!
નિરર્થ અહીં શ્વાન શા જીવનઅસ્થિના પિંડ પે
ભરાવી નિજ દન્ત રક્ત નિજ ચૂસી ચૂસી થતા
પ્રમગ્ન અનુરક્ત કર્મતણી પ્રક્રિયાને વિષે,
તને મરણ, સર્વ તે જીવનઅર્થીઓ નિંદતા.
તું કિંતુ નહિ રુક્ષ; આર્દ્ર, વળી વજ્ર ના; વ્હાલ તું
બની કુસુમશસ્ત્ર ત્રસ્ત અમ વક્ષને વીંધતું!

હેમંત દેસાઈ

તારા હાથમાં

· ગઝલ ·

ફેંકતા પાસા અમે, પણ દાવ તારા હાથમાં,
છે ભલે હથિયાર મારાં, ઘાવ તારા હાથમાં!

છે ઘણા સોદાગરો આ પ્રેમના બાઝારમાં,
દિલ અમારાં ત્રાજવે, ને ભાવ તારા હાથમાં.

શઢ ચડાવી સાત ઊપડી બેખબર મઝધારમાં,
તોડવી કે તારવી એ નાવ, તારા હાથમાં.

લાખ શમણાં અંતરે લઇ બાગમાં આવી કળી,
લે ચૂંટી, વા ઉમ્રભર મહેકાવ, તારા હાથમાં!

દ્વાર પર ઊભો છું હું ઉત્કંઠ, ભિક્ષાપાત્ર લૈ,
'જાવ' કહેવું કે કહેવું 'આવ', તારા હાથમાં!

માત્ર પાગલ પ્રીતની છે ભેટ, બીજું કૈં નથી,
આપવો કેવો મને સરપાવ, તારા હાથમાં!

મૂક વીણાના હૃદયમાં ગીત અપરંપાર છે,
ગીત કેવાં તાર પર રણકાવ, તારા હાથમાં!

પ્યાસ સહરાની અને રઘવાટ છે ચાતક તણો,
પેય કેવાં આંખથી છલકાવ, તારા હાથમાં!

છે અમારી પણ અમારા હાથમાં રહેતી નથી,
જિંદગી લાગે છે સાવેસાવ, તારા હાથમાં!

જટિલ

અંધના અંધાર!


હોય છે નિઃસત્ત્વ ખુદ એ બીજ કૈં ફળતાં નથી,
ઝાંઝવાં દેખાય છે, કિન્તુ પીવા મળતાં નથી;
અન્યના આધાર પર રહેનાર કાં સમજે નહીં—
અંધના અંધાર દીપકથી કદી ટળતા નથી!

'ચાતક'

'કામ કર હામનાં, નામ અવિચળ રહે'—એ જીવનમંત્ર જુવાનોના કાનમાં ફૂંકનાર



'સને ૧૮૩૭માં જન્મી ઠેઠ સને ૧૯૨૩ સુધીનું એમનું જીવન આપણા રાષ્ટ્રીય જીવનના ત્રણચાર યુગોને પોતામાં સમેટી લે છે. છેલ્લાછેલ્લા ગાંધીયુગમાં યે અસ્પૃશ્યતાની ચર્ચા કરવા સુધીનો લાભ પણ તેમને મળ્યો. આમ, રણછોડભાઈમાં આપણો આખો ગયો સૈકો જાણે કે વ્યક્ત થાય છે...તેમનું પહેલું પુસ્તક બહાર પડ્યા પછી તેઓ ૬૪ વર્ષ જીવ્યા, અને તે દરમિયાન તેમની ૬૩ કૃતિઓ તૈયાર થઈ; એટલે કે વર્ષેવર્ષે એક એક કૃતિ તેઓ દેવી માનસીને ચરણે ધરતા...પોતાની જાહોજલાલીના કાળમાં અથવા તો અત્યંત કામભરેલા અધિકારે આરૂઢ હોવા છતાં પણ તેમણે લેખનવ્યવસાયનું પોતાનું કામ અખંડ ચાલુ રાખેલું, ને એ સર્વમાં સોળસો પાનાંના પૂરવાળો એમનો 'રણપિંગળ'નો ગ્રંથ તો આજે પણ, શ્રી બલવંતરાય ઠાકોર કહે છે તેમ, અજોડ છે. "અનેક ભાષાઓમાં ડૂબકી મારી તેમણે 'રણપિંગળ'નું જે મહાભારત ઉપજાવ્યું છે તે અત્યંત રસીલું અને મહાન છે. અને એટલી ખંત તથા ચિવટવાળા ગ્રંથવિધાયકને માટે સહેજે અમર કીર્તિ નિર્માણ કરે છે."'—વિ.ક.



પચ્ચીસ વર્ષ પહેલાં

શ્રાવણ ૧૯૯૩ અંક ૧૬૮

એક સૈકા પહેલાંની વાત છે. આસો મહિનાની સુરખીભરી એ મનોરમ સન્ધ્યા હતી. ઘડીક વીતી, અંધારું ઊતર્યું ને મહુધાના વૈજનાથ મહાદેવના મંદિરમાં ઝાલર-થાળીઓનો રણકાર થયો. લોકોનાં ટોળાં દર્શને ઊલટ્યાં. આરતી થઈ રહી અને દસેકવર્ષનો એક બ્રાહ્મણ કુમાર સ્તુતિ ગાવા માંડ્યો. ભોળા શંભુ અને પાર્વતીનાં ભક્તિસ્તોત્રો લલકારતા એ બાળકે માનવમેદનીને મુગ્ધ કરી. લોકો માંહોમાંહે કહેવા લાગ્યા: 'કંઠ બહુ મધુર છે; ગળેથી જાણે અમી ઝરે છે. આ તે ભલા છે કોણ?' કોઈક જવાબ આપે છે, 'એ તો પેલા ઉદયરામ દવેનો નાનો દીકરો રણછોડ.' 'વાહ વાહ! છોકરો તો ભારે શ્રદ્ધાળુ છે. ઉદયરામ બિચારા ચારેક વર્ષ પર જ મરણ પામ્યા. એ આ જોત તો એમના જીવને કેવી ટાઢક વળત!' ત્યાં બીજો એક જણ બોલ્યો, 'પેલા જટાશંકર ત્રવાડીવાળો છગનો તો કે'તો'તો કે રણછોડ સ્તુતિ પોતે જોડી કાઢે છે ને કવિતાઓ પણ બનાવે છે.'

ગુજરાતની રંગભૂમિના આદ્યપ્રેરણાદાતા ને ઉત્પાદક, સમર્થ નાટ્યકાર ને સાક્ષર સ્વ. દી.બ. રણછોડભાઈ ઉદયરામની જીવનસીડીનું આ પહેલું પગથિયું. બાલપણમાં વૈજનાથ મહાદેવના મંદિરે કાવ્યનાં જે બીજ વવાયાં, તેમાંથી જ જતે દહાડે ફાલીફૂલી વિશાળ વૃક્ષ થયું.

એમના જન્મને આજ બરાબર સવાસો વર્ષ પૂરાં થયાં. કેવું એ સૈકા પહેલાંનું ગુજરાત! દેશ ઉપર ત્યારે કાળની જાદુઈ લાકડી ફરતી હતી. છિન્નભિન્ન થએલાં કાઠિયાવાડ-ગુજરાત પર બ્રિટિશ સરકાર પોતાની સત્તા જમાવતી આવતી હતી. તે વખતે સમાજના અંગેઅંગમાં કંગાલિયત વ્યાપી ગઈ હતી. સદીઓજૂના રિવાજો સામે માથું ઊંચકવાની કોઈની છાતી ચાલતી નહિ. સાંતી બે સાંતીની જમીન હોય, ઘરને આંગણે એકાદ ગાય કે ભેંશ બાંધી હોય અને છોકરાંના છોકરાં કે તેનાં છોકરાં દાદાજીના ખોળામાં રમતાં હોય તે માણસ ભાગ્યશાળી લેખાતો. લગ્નપ્રસંગનાં ગજા ઉપરાંતનાં ખર્ચમાં કે કારજ-કરિયાવરમાં લોકોની રહીસહી મૂડીનો નાશ થતો હતો.

અને આ રહી મહુધાની તે વખતની નિશાળ. બેઠા ઘાટનું હવા-અજવાળા વગરનું એક મકાન. તેમાં 'સરસ્વતી તું મોરી માય'થી શરૂ થતી સ્તુતિ સવારના પહોરમાં લલકારતા વિદ્યાર્થીઓ ઊભા છે. સ્તુતિ પૂરી થતાં શિક્ષક મોટા મોટા બરાડા પાડી કક્કો બોલાવે છે: 'ચચ્ચાજીની ચોપડી; છઠ્ઠો વધાવો પોદળો; જજ્જો જેર વાણિયો, ઝઝ્ઝારાની શેરી ખઉં; નન્નો ભાટ ડૂમેલો; મમ્માજીનું માટલું ને રરાજીનો રોટલો.'

કક્કો ને આંક બોલાઈ જાય છે. હવે કોઈ નિત્યપાઠ વાંચે છે તો કોઈ બારાખડી ઘૂંટે છે. ત્યાં કંઈક ઘોંઘાટ થાય છે કે તરત જ ઓચિંતો જાણે બૉમ્બ પડે તેમ શિક્ષકના હાથમાંનો દંડો ઊછળીને વાતો કરતા વિદ્યાર્થી પર પડે છે. સર્વત્ર શાંતિ પ્રસરે છે. ભૂગોળ, ઇતિહાસ, ગણિત વગેરે લેવાય છે. મોટા નિશાળિયામાંથી કોઈ નામું લખતાં શીખે છે, તો કોઈ 'સ્વસ્તિ શ્રી મુંબઈબંદર મહાશુભસ્થાને સર્વેશુભોપમાલાયક પૂજારાધ્ય શેઠશ્રી ૫ 'થી શરૂ થતા પત્રોના નમૂના ગોખે છે. દરમિયાન મહેતાજી રૂપેરી દાંડલાવાળાં ચશ્માં ચડાવી કંઈક વાંચવામાં ગૂંથાયા છે. જાણે વીજળીનો આંચકો વાગ્યો હોય તેમ ઊંચું જોઈ બોલે છે, 'અલ્યા રણછોડ! જો; નડિયાદના મહેતાજીએ કાગળ મોકલ્યો છે. સાથે ત્યાંના વડા નિશાળિયા મનસુખરામ સૂર્યરામે પાદપૂર્તિ માટે ત્રણ લીટીની કવિતા મોકલી છે. જો વાંચ, તારે એની ચોથી લીટી જોડી કાઢવાની છે.'

રણછોડ ચાર પંક્તિ પૂરી કરે છે ને વધારામાં ત્રણ નવી પંક્તિઓ જોડી કાઢી તેની પાદપૂર્તિ માટે નડિયાદ મોકલાવે છે. શિક્ષકનું મોં સહેજ મલકે છે અને ત્યારથી રણછોડને પોતાનો પટ્ટશિષ્ય બનાવે છે. પછી તો કપડવણજના હરિલાલ દામોદર, નડિયાદના મનસુખરામ સૂર્યરામ ને મહુધાના રણછોડભાઈ, એ ત્રણ પાદપૂર્તિ માટેની કવિતાઓ પરસ્પરને મોકલાવે છે અને એકબીજાની સરસાઈ કરી આગળ વધવા રોજબરોજ નવુંનવું સર્જવાની હોંશ વધારતા જાય છે.

રણછોડભાઈનો જન્મ ઈ. ૧૮૩૭ના ઑગસ્ટની ૯મી તારીખે મહુધામાં બાજ ખેડાવાળ બ્રાહ્મણ જ્ઞાતિમાં થયો હતો. પિતા ઉદયરામને પેશ્વાઈ તરફથી મળેલા વંશપરંપરાના ગિરાસ ઉપરાંત તે મહુધાના દેસાઈ માણેકલાલ અંબારામના મુખ્ય મુનીમ હતા. ગામમાં તેમની પ્રતિષ્ઠા સારી હતી અને પૈસેટકે પણ સામાન્ય રીતે સુખી કહી શકાય. રણછોડભાઈ સૌથી નાના પુત્ર એટલે માતપિતાના ખૂબ લાડીલા હતા. પણ તેમનું આ સુખ લાંબો વખત ટક્યું નહિ. તે છ વરસના થયા તે અરસામાં તેમના પિતા મરણ પામ્યા. બે વરસ

અને હયાતીની છેલ્લી ઘડી સુધી સદોદિત કામ કરતા રહીને ૬૪ વર્ષના કર્તવ્યકાળમાં ૬૩ પુસ્તકો આપી જનાર વિદ્વાન કવિ અને નાટકકાર ગુર્જર રંગભૂમિના પિતા અને કુશળ રાજપુરુષ

રણછોડભાઈ ઉદયરામ

જેમના જન્મને આ મહિને સવાસો વર્ષ થયાં

લેખક · રાયસિંહજી કાનજીભાઈ રાઠોડ

રહીને એમની માતાનું પણ અવસાન થયું.

મહુધાની ગુજરાતી શાળામાં વિદ્યાભ્યાસ પૂરો થઈ રહ્યા પછી તે માશી પાસે નડિયાદ ગયા. તેની જિજ્ઞાસાવૃત્તિ પહેલેથી જ પ્રબળ હતી અને કંઇ પણ કરવાનું માથે લે તે પૂરું કરે ત્યારે જ છોડે તેવી મક્કમતા તેનામાં હતી. આ અરસામાં તેને અંગ્રેજી ભણવાની હોંશ જાગી. નડિયાદના સરદાર ભાઉસાહેબ દેસાઈના પુત્રો સાથે તેણે દોસ્તી બાંધી. ભાઉસાહેબ પોતાના પુત્રોને અંગ્રેજી શીખવવા એક ટ્યૂટર રાખેલો હતો. રણછોડભાઇની ધગશ અને સાહિત્યપ્રેમ જોઇ સાહેબ તેમને પણ પોતાના પુત્રો સાથે જ ભણવાની સગવડ કરી આપી હતી. રણછોડભાઇએ નડિયાદના આ વસવાટમાં અંગ્રેજી ભાષા પર ઠીક ઠીક પ્રભુત્વ મેળવીલીધું. ઉપરાંત, શેકસપીઅર, મિલ્ટન ને બાયરન જેવા કવિઓનાં કાવ્યોનો રસાસ્વાદ પણ કર્યો. સંસ્કૃતનો અભ્યાસ એક શાસ્ત્રી પાસે કરેલો.

તારુણ્યમાં પગ માંડતા રણછોડભાઇને હવે વીસમું વર્ષ બેસે છે ને હિંદમાં ૧૮૫૭નો વિખ્યાત બળવો જાગે છે. સારા યે હિંદમાં એની ભભૂકતી જ્વાળાઓ પ્રસરી ગઈ હતી. આવા કપરા કાળમાં મુસાફરી કરવી એ તો મોતને ભેટવા જવા જેવું હતું. પણ જુવાન રણછોડભાઈની સાહસવૃત્તિ આવે વખતે પણ તેમને આગળ વધવા પ્રેરતી હતી. નડિયાદ જેવા નાના શહેરમાં આગળ વધવાનો માર્ગ ન હતો. મનમાં ને મનમાં તેમણે અમદાવાદ જવાનું નક્કી કરી નાખ્યું. વડીલોએ આનાકાની કરી. તે દિવસોમાં નહોતી ટ્રેન કે નહોતી પાકી બાંધેલી સડક. ખભે ખડિયો નાખી, ધૂળીએ રસ્તે ચાલી તે અમદાવાદ પહોંચ્યા. ત્યાં કાયદાનો અભ્યાસ ચાલુ કર્યો; સાથેસાથે શિષ્ટ સમાજમાં હળવાભળવાનું પણ ચાલુ રાખ્યું.

આ વખતે, ગુજરાતી સાહિત્યને વ્યાપક બનાવી લોકોને તેમાં વધુ રસ લેતા કરવાની પ્રવૃત્તિઓ ઉપાડનારા ત્રણ અંગ્રેજ વિદ્વાનો અમદાવાદમાં હતા: મિ. ફૉર્બસ, મિ. હોપ અને મિ. કર્ટિસ. તેમને હાથે જે યોજનાઓ ઘડાઈ તેને આગળ ધપાવનારા મંડળમાં કવિ દલપતરામ, રણછોડભાઈ અને તેમના સાહિત્યપ્રેમી મિત્રો હતા. આ મંડળે ગુજરાત વર્નાક્યુલર સોસાએટી સ્થાપી અને તેના મુખપત્ર તરીકે 'બુદ્ધિપ્રકાશ' નામનું માસિક ચાલુ કર્યું. રણછોડભાઇએ આ માસિકના તંત્રી તરીકે અમુક વખત સુધી કામ કર્યું. કવિ દલપતરામને જૂના કવિઓની કાવ્યપ્રસાદીઓ એકઠી કરી 'કાવ્યદોહન ભાગ ૧લો' પ્રસિદ્ધ કરવામાં રણછોડભાઈની મદદ મુખ્ય હતી. ગુજરાતી શાળાઓમાં પાઠ્ય પુસ્તકો માટેની હોપવાચનમાળા સમિતિમાં રણછોડભાઈ પણ ચૂંટાયા હતા. અમદાવાદના આવા ક્ષેત્રમાં ઠરીને ઠામ બેસાય તેટલા માટે એજ્યુકેશનલ ઈન્સ્પેકટરની ઑફિસમાં એમણે ઍકાઉન્ટન્ટ તરીકેની નોકરી સ્વીકારી.

રણછોડભાઈની કાર્યકુશળતાથી આકર્ષાઈ અમદાવાદના શેઠ બેચરદાસ અંબાઈદાસ લશ્કરીએ મુંબાઈમાં લૉરેન્સકંપનીમાંપોતાના પ્રતિનિધિ તરીકે તેમને નીમ્યા. ઈ. ૧૮૬૩.



આ અરસામાં મુંબાઈમાં યુનિવર્સિટી સ્થપાઈ ને ગુજરાતના યુવાનો કૉલેજમાં અભ્યાસ કરવા ત્યાં આવવા લાગ્યા. તેમણે વિવિધ મંડળો સ્થાપ્યાં. આ મંડળોમાં ક્યાંક સ્ત્રીકેળવણીના પ્રશ્નો ચર્ચાતા, તો ક્યાંક બાળલગ્નો અટકાવવા અને વિધવાવિવાહની છૂટ કરવાના ઠરાવો ઘડાતા. વળી કેટલાકને એમ થતું કે સમાજને નાટ્યપ્રયોગો દ્વારા નીતિ અને સદાચરણના સારામાં સારા પાઠ શીખવીએ. પલટાતા ગુજરાતના આ સ્વપ્નદ્રષ્ટાઓમાં રણછોડભાઈ પણ એક હતા.

એ જમાનામાં આજે જેને આપણે નાટક કહી શકીએ તેનું તો નામનિશાન પણ હતું નહિ; ગુજરાતમાં નાટકનું માત્ર અણઘડ સ્વરૂપ જીવતું રહ્યું હતું અને તે 'ભવાઇ'. 'રાસલીલા'ના રૂપમાં ભવાઇઓની મંડળીઓ ગામેગામ ફરતી. રાત્રે ગામના કોઈ ચોકમાં ખુલ્લા આકાશ નીચે બળતી મશાલોના અજવાળામાં તતૂડાના અવાજો વચ્ચે પોતાના ખેલો તેઓ કરતા; અને તેમાં બીભત્સ હાસ્યરસ, અશ્લીલ સંવાદો અને મનને ઉશ્કેરે તેવાં ગંદાં ગાયનો સિવાય કશું યે હતું નહિ. ઇંગ્લંડની રંગભૂમિ અને ત્યાંનાં નાટકોની વાતો સાંભળીને કેટલાક સાહસિક પારસીઓએ મુંબાઈમાં નવીન ઢબનું એક નાટ્યગૃહ ખોલ્યું હતું. એ નાટક કંપનીના માલિક હતા શેઠ કાબરાજી અને નાટ્યગૃહનું નામ હતું 'બાલીવાલા થીએટર'.

એક વખતે કેટલાક શિક્ષિત ગુજરાતી યુવાનો આ થીએટરની આગલી હારમાં રંગમંચ પર ભજવાતો ખેલ જોતા બેઠા હતા. પડખેની ખુરશી પર કંપનીના પારસી મૅનેજર પણ હતા. નાટકમાં સંવાદો બધા ઉર્દૂમાં બોલાતા અને ઍક્ટરો સંવાદો બોલતાં થાકી જાય એટલે વચ્ચે વચ્ચે ગાયનો ગાવા માંડતા. તેમાં પણ કોઈ ગાયન ગુજરાતીમાં હોય તો કોઈ મરાઠીમાં હોય! ક્યાંયે કલા કે સૌંદર્યનાં દર્શન થતાં ન હતાં. ગુજરાતી યુવાનો આ બધું જોઈ કચવાયા અને ધીમેથી અંદર અંદર વાતો કરવા મંડ્યા, 'આ ભવાઈ અને આ ભજવાતા ખેલ વચ્ચે બહુ ફેર તો નથી.' આવા અપમાનયુક્ત શબ્દો સાંભળી પારસી મૅનેજર ત્રાડુકી ઊઠ્યા, 'તમારામાં તાકાત હોય તો તમારું જ થીએટર બનાવી નાચો ને?' યુવાનોમાંથી એક જણે ધીમેથી જવાબ આપ્યો: 'શેઠ, ગભરાઓ નહિ. વખત આવ્યે તે પણ તમને કરી બતાવશું.' યુવાનોએ આ વાત રણછોડભાઈ પાસે કરી.

રણછોડભાઇને આ પ્રસંગે પાનો ચડાવ્યો. કેટલાક માસ્તરો, મુનીમો વગેરેને ભેગા કરી એક નાટ્ય ઉત્તેજક મંડળી સ્થાપી ને પહેલવહેલું શ્રી મણિલાલ નભુભાઈનું 'કાન્તા' નાટક ભજવ્યું. પણ આવાં નાટકો ફુરસદે થતાં હોઈ રણછોડભાઈનું દિલ એથી ન સંતોષાયું. પરિણામે તેમણે ધંધાદારી નાટક મંડળી કરવાનો પ્રયત્ન શરૂ કર્યો. એ પ્રયત્નનો પરિપાક તે 'મુંબાઈ ગુજરાતી નાટક મંડળી.'

ત્યાર પછી રણછોડભાઈ તરફથી 'લલિતા દુ:ખદર્શક' નામનું નાટક લખાઈ બહાર પડ્યું. સામાજિક કુરૂઢિઓના સપાટામાં સપડાએલી સુશીલ લલિતા નંદનકુમાર નામના એક મૂર્ખને પનારે પડે છે. કજીઆખોર સાસુ અને નણંદ તેને રિબાવી રિબાવી અધમૂઈ કરી મૂકે છે. તેના દુ:ખનો કંઈ પાર નથી. આ નાટકે એટલી બધી લોકપ્રિયતા મેળવી કે તેના બસો બસો ખેલો ભજવાયા ને એક ભાટીઆણી ડોશીએ તો પોતાની પુત્રીની પુત્રીના વિવાહ આ નાટક જોયા પછી તોડી નાખેલા! નાનપણમાં આ નાટક જોઈ પોતે રોયા હતા એમ કવિ નાનાલાલે ઘણી વખત કહ્યું છે.

રણછોડભાઇનો સંસ્કૃતનો અભ્યાસ બહુ ઊંડો હતો. તેમણે 'માલવિકાગ્નિમિત્ર', 'રત્નાવલી' નાટિકા અને 'વિક્રમોર્વશીય' જેવાં સંસ્કૃત નાટકોનું ભાષાંતર બહુ ભાવવાહી શૈલીમાં ગુજરાતીમાં કર્યું. શેક્સપીઅરનાં નાટકોએ તેમના હૃદય પર ઊંડી છાપ પાડી હતી અને એ નાટકોની ખૂબી ગુજરાતી વાચકો થોડે અંશે પણ માણી શકે એ આશયથી તેમણે ઘણાં અંગ્રેજી નાટકોનાં ભાષાંતર પણ 'શેક્સપીઅર કથાસમાજ' નામના પુસ્તકરૂપે બહાર પાડેલાં. આ ઉપરાંત ગુજરાતની ઐતિહાસિક વાતોનો સંગ્રહ કરી ફૉર્બ્સે અંગ્રેજીમાં 'રાસમાળા' લખેલી તેના ગુજરાતી ભાષાંતરનું કામ તેમને સોંપાયું.

કચ્છ-કાઠિયાવાડનાં રજવાડાંઓનો સંબંધ હજુ બ્રિટિશ સત્તા સાથે નવોસવો બંધાતો હતો. રાજ્યોરાજ્યો વચ્ચે સરહદની તકરારો ઉપસ્થિત થતી તેનો નિકાલ મેળવવા મુંબાઈમાં ગવર્નર પાસે રાજાઓને અને તેમના દીવાનોને અવારનવાર જવાનું થતું. તેમની હકીકત સચોટ રીતે સરકારને સમજાવી શકે તેવા અંગ્રેજી ભણેલાઓની બહુ જરૂર પડતી. મનઃસુખરામ ત્રિપાઠી, હરિદાસ દેસાઈ, રણછોડભાઈ વગેરેનો સંબંધ આવાં રાજદ્વારી કાર્યો માટે કાઠિયાવાડનાં રાજ્યો સાથે બંધાયો. રણછોડભાઇને ગોંડલ, પાલણપુર અને ઈડર વગેરે રાજ્યોના મુંબાઈ ખાતેના પ્રતિનિધિ તરીકેનું કામ સોંપાયું હતું. ૧૮૮૪માં તેમનાં પત્નીની તબિયત મુંબાઈમાં લથડી અને ડૉક્ટરોએ સૂકી હવાવાળા પ્રદેશમાં જવા સલાહ આપી. કચ્છના મહારાઓશ્રીએ તેમને હજુર ઍસિસ્ટન્ટ તરીકે નીમી લીધા.

સતત વીસ વર્ષ સુધી એમણે એ પદ સંભાળ્યું. એ પદે રહ્યાંરહ્યાં એમણે 'રત્નાવલી નાટિકા', 'રાસમાળા ભાગ ૨', 'નાટ્યશાસ્ત્ર' અને એ ઉપરાંત 'રણપિંગળ'ના જે ત્રણ દળદાર ગ્રન્થો બહાર પાડ્યા તે આજ પણ તેમની પ્રતિભા પ્રત્યે આદર ઉત્પન્ન કરે તેવા છે. એમાં છેક વેદકાળથી માંડીને આજસુધીના દરેક વૃત્ત અને છંદના સાંગોપાંગ આલેખન ઉપરાંત ફારસી શાયરી ને ડિંગળ ઉપરનું તેમણે કરેલું વિવરણ, ગુજરાતનો મોંઘામૂલો વારસો છે.

દીર્ઘદૃષ્ટિ, કુનેહ અને ચોકસાઈપૂર્વક કામ કરવાની રીતથી રણછોડભાઇની રાજકીય કારકિર્દી વધુ ને વધુ યશસ્વી બનતી ગઈ અને સને ૧૯૦૧ના એપ્રિલ માસમાં તેમના પર દીવાનપદની નવાજેશ થઈ.

હવે સડસઠ વર્ષ જેટલી તેમની ઉમર થઈ હતી; રાજકાજનો થાક પણ મગજને લાગ્યો હતો; એટલે સને ૧૯૦૪ના મે માસમાં તેમણે કચ્છમાંથી વિદાય લીધી. વાનપ્રસ્થ જીવનમાં સાહિત્યસર્જન એ જ એમનો મુખ્ય વ્યવસાય રહ્યો. ૧૯૦૭માં ભરાએલી બીજી સાહિત્ય પરિષદના તે પ્રમુખ ચૂંટાયા, પણ પોતાની પુત્રીની માંદગીને કારણે તેઓ એ પદ ન સ્વીકારી શક્યા. સને ૧૯૦૯માં રાજકોટ ખાતે મળેલી ત્રીજી સાહિત્ય પરિષદમાં તેમણે હાજરી આપી. સાહિત્ય પરિષદનું ચોથું સંમેલન વડોદરામાં ઈ. ૧૯૧૨માં ભરાયું તેના પ્રમુખપદે પરિષદે રણછોડભાઇને સન્માન્યા. દુશ્મનનાં પણ દિલ જીતી શકે તેવી વાણીની મીઠાશથી બધાય પક્ષોને રીઝવી સમાધાનીભરેલા ઠરાવો લાવી ને કુનેહપૂર્વક કામ કરી તેમણે સૌને સંતોષ્યા. જીવનભર સાહિત્યક્ષેત્રમાં જ ઘૂમનાર આ મહારથીની સાહિત્યસેવાની નોંધ સરકારમાં પણ લેવાઈ, ને ઈ. ૧૯૧૫માં હિંદી સરકારે તેમની સેવાઓ માટે દીવાન બહાદુરના ઈલકાબથી નવાજ્યા.

ઉપર જે પુસ્તકોનો નિર્દેશ કર્યો તે સિવાય પણ ઘણાં પુસ્તકો-ખાસ કરીને નાટકો-રણછોડભાઇએ લખેલાં છે. વેપારી જીવનને અત્યંત ઉપયોગી એવા 'યુરોપિયનોના પૂર્વપ્રદેશ આદિ સાથે વ્યાપાર' નામના એમના પુસ્તકના પાંચ ગ્રન્થો પણ વેપારી નજરે મહત્ત્વના છે. એમની એ તો પ્રબળ માન્યતા હતી કે ભાષાના ઐક્ય દ્વારા જ રાષ્ટ્રનું ઐક્ય શક્ય બને છે, એટલે પોતાનાં પુસ્તકો દેવનાગરી લિપિમાં જ છપાવવાનો એમણે ખાસ આગ્રહ રાખેલો.

(અનુસંધાન પૃષ્ઠ ૩૧૫)

મોટાં વહુ

લેખક · મુકુન્દરાય વિજયશંકર પરાશર્ય

'મારી નાડ તમારે હાથ, હરિ સંભાળજો રે!'

એવાં અનેક પદો રચનાર જાણીતા ગુજરાતી ભક્તકવિ કેશવલાલ (સંવત ૧૯૦૭ થી ૧૯૫૨)ના પિતા હરિરામ; એ હરિરામના પિતા વ્રજનાથ, અને વ્રજનાથના પિતા ઋગ્નાથ ભટ્ટના કુટુંબની આ વાત છે.

ઋગ્નાથ ભટ્ટ પોરબંદર રહેતા. પૌરાણિક કથાવાચન એ એમના કુટુંબનો વારસો હતો. એ ઋગ્નાથ ભટ્ટ તે સમયના રિવાજ પ્રમાણે તેરચૌદ વર્ષની વયે નવ વર્ષની કન્યા સાથે પરણેલા. એમનાં પત્નીનું નામ ભુલાઈ ગયું છે પણ પછીનાં વર્ષોમાં એ 'મોટાં વહુ'ના નામથી ઓળખાતાં. પતિપત્નીને પરસ્પર આસક્તિ ઘણી હતી. પત્ની ચૌદપંદર વર્ષની વયે કોઈ પ્રસંગે પિયર ગએલાં અને છઆઠ માસ રોકાએલાં. ત્યારે એક વખત 'મને સાસરે મોકલી દો' એમ કહી હઠ કરેલી અને તેથી કોઈએ તેને 'વરઘેલી' કહી ચીડવેલાં.

ઋગ્નાથ ભટ્ટ નાનપણથી વિદ્યાભ્યાસંગી અને ધર્મપરાયણ હતા. લગ્નગ્રંથિથી એમના વિદ્યાપ્રાપ્તિના કામમાં કચાશ આવી ન હતી. વ્યાકરણમાં પારંગત થઈ ઓગણીશ વર્ષની વયે એ શ્રીમદ્ભાગવત વાંચવામાં તથા શાંકરવેદાંતની ચર્ચામાં એટલા પ્રવીણ થએલા કે કાશી-મથુરાથી યાત્રાર્થે દ્વારકા આવેલા વિદ્વાન બ્રાહ્મણોને તથા સંન્યાસીઓને મળવા માટે દ્વારકાથી એમને ખાસ તેડું આવતું. કોઇકોઇ વાર એવા બ્રાહ્મણો તથા સંન્યાસીઓ દ્વારકા થઈ પોરબંદર પણ આવતા.

એ ઋગ્નાથ ભટ્ટ એકવીશ વર્ષની વયે સખત માંદા પડયા. બચવાની આશા ન રહી. વડીલ વૈદ્યોએ નિદાન કર્યું કે સ્ત્રીશોષથી ક્ષય થયો છે. એ વાત સાંભળી આત્મદોષની શરમથી અને પતિને થએલા ભયંકર વ્યાધિના ખયાલથી તેમનાં પત્ની હેબતાઈ ગયાં, ઢગલો થઈ પડયાં. વળતે દિવસે સવારે પતિને પ્રદક્ષિણા ફરી, ઘરના દેવ સમીપે જઈ, સંકલ્પનું જળ મૂકી રોઈ પડયાં. સાસુએ ઉઠાડયાં ત્યારે ઊઠી શકયાં. અને પછી એ સ્ત્રીએ વડીલોની હાજરીમાં માંદા પતિની સેવા શરૂ કરી. રાત્રે સૂવાનું મળે ત્યારે એ સાસુની પાંગતે સૂઈ રહેતાં.

પ્રભુકૃપાથી ઋગ્નાથ ભટ્ટ છઆઠ મહિને સાજા થવા લાગ્યા, ઘરમાં હરતાફરતા થયા ને વરસે-સવા વરસે ઘોડે બેસી દ્વારકા જઇ ભાગવત-સપ્તાહ વાંચી આવ્યા. એ પછી ઋગ્નાથ ભટ્ટની માએ પુત્રવધૂને કહ્યું, 'બેટા મારી પાંગતે હવે સૂવાની જરૂર નથી.' પણ વહુએ કહ્યું 'મા, મારું સ્થાન તમારી પાંગતે જ છે.'

થોડા વખત પછી બહારગામથી આવેલાં નણંદે વૃદ્ધ મા પાસે ઇચ્છા પ્રકટ કરી: 'ભાભીને હવે સીમંત આવે તો હું ઝટ રાખડી બાંધું.'

'હું તો હવે છોકરાના છોકરાનું મોઢું જોવાની આશાએ જીવું છું.' વૃદ્ધ માએ કહ્યું. પણ જાણે કંઈ સાંભળ્યું જ નથી તેમ વહુએ તો, કરતાં હતાં તેમ કામ કર્યા કર્યું.

પછીની કોઈ રાત્રે સૂવા જતી વખતે 'મારા ભાઈ તમને બોલાવે છે' એમ કહી નણંદે ભાભીને એના ઓરડે મોકલ્યાં. ઓરડે દાખલ થતાં જ બીજી પથારી જોઈ વહુ વાત કળી ગયાં. એ થથરતાં સીધાં પતિને પગે પડયાં ને રોઈ પડયાં. માફી માગીને કહ્યું, 'તમને બેઠા કરવા મેં જીવનભરનું ભગવાન પાસેથી વ્રત માગ્યું છે.'

ઋગ્નાથે નમીને પત્નીને તેના વ્રત માટે ધન્યવાદ આપ્યો ને મા પાસે તેડી જઈ કહ્યું, 'એ ભલે તમારી પાંગતે સૂવે.' હકીકત જાણી ત્યારે વૃદ્ધ સાસુ રોઈ પડયાં. કહ્યું, 'તને હું વહુ કહું કે મા કહું?!'

થોડા સમય પછી એ વહુ પિયર ગયાં. ત્યાં તેણે પોતાની માને વાત કરી અને પોતાથી આઠ વર્ષે નાની બહેનનું સગપણ પોતાના પતિ સાથે કરવા કહેણ મોકલાવ્યું. ઋગ્નાથ ભટ્ટે તથા વૃદ્ધ સાસુએ પહેલાં સ્પષ્ટ ના કહી, ત્યારે જઇને વહુએ જ એમને સમજાવ્યાં. કહ્યું, 'મારે પણ મારી પાછળ વાસ નાખનાર જોઇએ છે. એટલે મારે ખાતર પણ ના ન કહેશો.'

એક સ્ત્રી હયાત હોય તો બીજું લગ્ન ન થાય એવો જ્ઞાતિનો નિયમ હતો, તેથી જ્ઞાતિના મોવડીઓએ આ લગ્ન સામે વાંધો લીધો. વાંધો લેનારમાં વહુના મોસાળમાંથી એક દૂરના મામા હતા. વહુએ તેમને સંદેશો મોકલતાં પૂછાવ્યું, 'શું બીજાં લગ્ન થઈ શકે તેવી સગવડ કરી આપવા મારે કૂવો પૂરવો પડશે? મોટેરાંઓ સમજીને લગ્ન થવા દેશે?' આમ સૌને સમજાવવામાં વહુએ આગળપડતો ભાગ લીધો, જાતે કંસાર રાંધી પીરસ્યો ને લગ્ન કરાવ્યાં. ઋગ્નાથ ભટ્ટે પત્નીના આગ્રહને વશ થઈ લગ્ન કર્યાં.

એ નવી વહુથી ઋગ્નાથ ભટ્ટને બે પુત્ર અને એક પુત્રી થયાં. બે પુત્ર થયા પછી ઋગ્નાથ ભટ્ટે નવી વહુને કહ્યું: 'તમે તમારી બેનનાં જ બહેન છો, એટલે તમારે માટે એ સહજ છે. પણ રજા આપો તો હવે વાનપ્રસ્થ જીવન જીવીએ.'

નાની વહુએ પતિની ઇચ્છા મોટાં વહુને કહી; પણ મોટાં વહુએ એક પુત્રીની ઇચ્છા દર્શાવી. એ પુત્રીના જન્મ પછી ત્રણેયનું જીવન એકરૂપ વાનપ્રસ્થ બની ગયું.

ઋગ્નાથ ભટ્ટ ઘણા વિદ્વાન અને ધાર્મિક હતા અને પરમ માતૃભક્ત હતા. માતાને છોડી તે ધનમાનના લોભે કયાંયે ન ગયા. એ નિત્ય સાંજે ઘરમાં ઓસરીમાં મુખ્ય આસને માને બેસાડી તેમને પ્રણામ કરીને શ્રીમદ્ભાગવત, ભગવદ્ગીતા, શાંતિપર્વ કે યોગવાસિષ્ઠ વગેરે ગ્રંથો વાંચતા અને કથાસમાપ્તિ પછી ફરી પ્રણામ કરીને ઊઠતા. એ માતાના અવસાન પછી મોટાં વહુને એ જ આસને બેસાડી તેને પગે લાગી ઋગ્નાથ ભટ્ટ નિત્ય કથાશ્રવણ કરાવતા.

અનુસંધાન] વનસ્પતિ 'ઘી' [પૃ. ૩૦૮થી

લોકો થિજાવેલા તેલને 'ઘી' તરીકે ઓળખી વાપરે છે, પણ જાણવા જેવું છે કે એમાં નથી હોતા વનસ્પતિ–તેલના ગુણો કે નથી હોતું શુદ્ધ ઘીનું પોષણમૂલ્ય. વનસ્પત્યાહારીઓના આહારમાં ઘીનું પોષણમૂલ્ય પ્રાણિજ ચરબી તરીકે છે, તદુપરાંત ઘીમાં આયુર્વેદમાં વર્ણવેલા 'ઘી એ જ જીવન'ના સૂક્ષ્મ ગુણો રહેલા છે. સરાસરી ભારતવાસીને રોજ માંડ ખાવા મળતી અરધો ઔંસ ચરબીમાં જ્યારે તે ઘીની અવેજીમાં વેજીટેબલ ઘી ખાવા તરફ ઢળે છે ત્યારે તે વધારે પૈસા ખરચીને તેલ કરતાં પણ પોષણમાં હલકો એવો બનાવટી પદાર્થ ખાવા પામે છે. આમાં તેને વનસ્પતિ–તેલોના ખાદ્યપ્રાણો પણ નથી મળતા. આના કરતાં તો ઘાણીનું તાજું વનસ્પતિ તેલ ખાવું સારું,–જે ઑઇલમિલના તેલ કરતાં શ્રેષ્ઠ છે. તેમાં આથવણો અને તેલીબિયાંના બધા ગુણો જળવાઈ રહે છે. વનસ્પતિ તેલો કરતાં થિજાવેલા તેલની શ્રેષ્ઠતા હજુ સુધી પુરવાર થઈ નથી.

મારે મરવું નથી*…

રૂપાંતર ▪▪▪ રજનીકાન્ત મોદી



[દુ:ખથી પીડાતો એક વૃદ્ધ પથારી પર પડ્યો પડ્યો કણસે છે. બાજુમાં જ પથારી પર ઝભ્ભાથી વીંટાએલો એક પડછાયો બેઠો છે.]

વૃદ્ધ: હવે તો નથી સહેવાતું, ડૉક્ટર… નથી સહેવાતું!…

પડછાયો: આમાં શી મોટી વાત છે? બહુ બહુ તો તું મરી જશે.

વૃદ્ધ: તો તમે ડૉક્ટર નથી?

પડછાયો: હું બધાં દુ:ખનો નાશ કરનાર છું અને તારો મિત્ર છું.

વૃદ્ધ: મારે કોઈ મિત્રો છે જ નહિ. હતા એ તે બધા મરી પરવાર્યા…

પડછાયો: પણ હું હજી જીવતો છું ને?

વૃદ્ધ: તમે કોણ છો?

પડછાયો: હજી નથી સમજાયું?

વૃદ્ધ: ના.

પડછાયો: ત્રણ વરસથી તો હું ચેતવતો આવ્યો છું.

વૃદ્ધ: પણ મેં તો તમને ક્યારે ય જોયા નથી.

પડછાયો: હશે, પણ મેં તારી સાથે વાત સુદ્ધાં કરી હતી.

વૃદ્ધ: અરે મેં તમને સાંભળ્યા યે નથી…

પડછાયો: એ તો તારે મને સાંભળવો જ નહોતો તેથી. પણ તારું આખું ને આખું સ્વરૂપ તો મારું કહેલું જાણતું હતું.

વૃદ્ધ: આ તું શું લવે છો! તારે શું જોઇએ છે? ચાલ્યો જા…ચાલ્યો જા, અહીંથી!

પડછાયો: તું ડર નહિ…જો હું તને એ સમજાવું.

વૃદ્ધ: શું સમજાવે છે?

પડછાયો: મારું રહસ્ય.

વૃદ્ધ: મારે એ નથી જાણવું…

પડછાયો: તારે જાણવું જ પડવાનું.

વૃદ્ધ: પણ ન જાણવું હોય તો યે…?

પડછાયો: હા. હું મૃત્યુ છું…

વૃદ્ધ: શું…શૌં…ઊ?

પડછાયો: હું તારું મૃત્યુ છું અને તારે મારી સાથે આવવાનું છે.

વૃદ્ધ: (પથારીને જોરથી વળગતો): નહિ, નહિ; કદી નહિ!…

પડછાયો: તું બીશ નહિ; ચાલ, મારી સાથે ચાલ.

વૃદ્ધ: તું મને ક્યાં લઈ જશે?

પડછાયો: બીજી દુનિયામાં—અમારી દુનિયામાં.

વૃદ્ધ: મારે નથી આવવું. મને ડર લાગે છે.

પડછાયો: શાનો ડર?

વૃદ્ધ: મેં પાપ કર્યાં છે તેનો.

પડછાયો: મૃત્યુમાં કોઈ પાપ ટકતાં નથી.

વૃદ્ધ: ઈશ્વર શું કહેશે?

પડછાયો: જે તું કહેશે તે.

વૃદ્ધ: એ મારો ન્યાય કરશે?

પડછાયો: અરે તું પોતે જ તારો ન્યાયાધીશ હશે. તને તારો પોતાનો તો ડર નથીને?

વૃદ્ધ: ના; પણ મને બધાંનો જ ડર છે.

પડછાયો: કોઈ પણ તારું કશું નુકસાન કરી શકે તેમ નથી.

વૃદ્ધ: તું મને એકલો છોડીને તો નહિ જાય ને?

પડછાયો: હું હમેશ તારી સાથે જ રહીશ.

વૃદ્ધ: પાડ તારો. તારા પર ભરોસો મૂકું છું…પણ ત્યાં મારે શું બોલવાનું? શું કરવાનું?

પડછાયો: તારે નથી કશું બોલવાનું, કે નથી કશું કરવાનું. ત્યાં તો ખૂબ આરામ હશે.

વૃદ્ધ: પણ હું ત્યાં કેવોક લાગીશ?

પડછાયો: તું જે છે તે રૂપે. એક શાશ્વત સત્યરૂપે.

વૃદ્ધ: બસ, એટલું જ?

પડછાયો: સો વાતની એક વાત. એ બધાં જ શાશ્વત છે.

વૃદ્ધ: હું ખોટો તો નહિ દેખાઉં ને?

પડછાયો: મૃત્યુમાં સૌ હમેશાં સત્ય રૂપ જ હોય છે.

વૃદ્ધ: શું તું આ સાચું કહે છે?

પડછાયો: મૃત્યુ કરતાં કશું જ વધું સાચું નથી.

વૃદ્ધ: ભલે, હું તારી પાછળ આવવા તો તૈયાર છું, કેમ કે મારે બીજો છૂટકો નથી; પણ જે બધું મારી પાછળ મૂકી જાઉં છું તેનું શું?

પડછાયો: બધું જેમનું તેમ જ રહેવાનું.

વૃદ્ધ: મારી સાથે હું કંઈ જ……?

પડછાયો: કશું જ નહિ લઈ જવાનું; કેમકે તને કશાની જરૂર જ નહિ પડે.

વૃદ્ધ: પણ મારા શેરનું શું?

પડછાયો: કયા શેર?

વૃદ્ધ: શેરબજારના, વળી!

પડછાયો: ઓહ! એ તો બહુ સરસ છે. બધું જ બજાર ઊંચે જાય છે. તું પંદરસો કમાયો.

વૃદ્ધ (હસતો): હું બહુ રાજી થયો.

પડછાયો: પણ બધા કંઈ રાજી નથી થયા. પેલાઓએ તો ગુમાવ્યા.

વૃદ્ધ: તેમની મને શી પડી છે?… પણ મારો ઊઘડે ઊઘડો ન્યાય તો નહિ થાય ને?

પડછાયો: મેં કહ્યું ને કે તું જ તારો ન્યાયાધીશ હશે?

વૃદ્ધ: પણ કોઈ આખરી ન્યાય તો હશે ને?

પડછાયો: શાનો?–જ્યાં બધું જ ભુલાઈ જવાનું છે ત્યાં? પાપના જેટલું બીજું કશું પણ જલદી જીર્ણ થતું નથી. તારે કશા દુષ્કૃત્યની દાદ જોઇએ છે?

વૃદ્ધ: હેં……!

પડછાયો: કોઈ ગંભીર વાત તો નથી ને? બાકી બીજા બધા કરે છે તેવી નાનીનાની અપ્રામાણિકતાઓનો તો નિ:સીમમાં કંઈ જ વાંધો નહિ.

વૃદ્ધ: પણ મેં કોઈ મોટો ગુનો કર્યો હોય તો?

પડછાયો: તેં? એવું કરવાનું તારું ગજું

*મૉરિસ મૅટરલિંકના મૂળ અંગ્રેજી નાટક 'The old man who does not want to die'નો ટૂંકાવેલો ભાવાનુવાદ.

જ નહિ ને!

વૃદ્ધ: એ કંઈ કહી શકાય નહિ. પણ ધાર કે મેં કર્યો હોય, તો?

પડછાયો: તો તું તને પોતાને જ સજા કરશે.

વૃદ્ધ: શાની?

પડછાયો: એ હું કહીશ તો પણ તું સમજી નહિ શકે.

વૃદ્ધ: તું બીજાં પાસે જાય છે ત્યારે કેવી રીતે વર્તે છે?

પડછાયો: પણ હું બીજાં પાસે જતો જ નથી. હું તો તારી જ પાસે આવું છું.

વૃદ્ધ: શું તને ફક્ત મારી જ સાથે લેવાદેવા છે?

પડછાયો: હાસ્તો! દરેકને એનું પોતાનું જ મૃત્યુ હોય છે, જે એનું જીવન બને છે.

વૃદ્ધ: તો યે મને તો બીક લાગે છે!

પડછાયો: તું ઊંઘવાથી ડરે છે?

વૃદ્ધ: ના, કેમકે હું જાણું છું કે હું પાછો ઊઠીશ.

પડછાયો: તો મરી જવું એટલે યે પાછા ઊઠવું.

વૃદ્ધ: એવું કહેવાય છે ખરું; પણ એની કંઈ ખાતરી નથી.

પડછાયો: ધાર કે તું નહિ જ ઊઠે...તો હમેશને માટે ઊંઘ્યા કરશે. શું તું ઊંઘે છે ત્યારે દુ:ખી હોય છે?

વૃદ્ધ: એ બે બાબત એક નથી...ખેર, પણ મને તો આશંકા છે: પહેલી તો હું ક્યાં હોઇશ તેની. હું લુપ્ત થઈ જઈશ તો?

પડછાયો: તું જ્યાં છે ત્યાં ને ત્યાં જ હશે અને હમેશાં તને પોતાને શોધવાનો પ્રયત્ન કરશે. ગમે તેમ પણ હું તો હમેશ તારી સાથે જ હોઈશ.

વૃદ્ધ: હું ગમે ત્યાં હોઈશ તો પણ?

પડછાયો: હા, તું ગમે ત્યાં હશે તો પણ; કેમકે હું તું હોઈશ અને તું હું હશે; કેમકે આપણે જ બધાં હોઈશું.

વૃદ્ધ: મને તો આમાં કશી સમજ પડતી નથી. તું જે આ બધું કહે છે તે તું પોતે પણ સમજે છે ખરો?

પડછાયો: ન સમજતો હોત તો હું તને કહેત જ નહિ.

વૃદ્ધ: પણ તું કેવી રીતે સમજી શકે છે?

પડછાયો: કેમકે તું જે જાણવાનો છે તે હું અત્યારથી જાણું છું અને તું જે બનશે તે હું છું.

વૃદ્ધ: એ હું હમણાં જાણી શકું?

પડછાયો: ના, જ્યાં સુધી તું તારા શરીરમાં હોય ત્યાં સુધી નહિ.

વૃદ્ધ: પણ મારે એમાં રહેવું છે.

પડછાયો: એ તો બનવાનું જ નથી. એને છોડવાનો સમય પાકી ગયો છે.

વૃદ્ધ: મારે એને અહીં જ છોડી જવાનું છે?

પડછાયો: અલબત્ત, એને તું ત્યાં શું કરશે? ત્યાં એ નકામું હશે.

વૃદ્ધ: આપણે થોડો વખત થંભી ન શકીએ?

પડછાયો: શાને માટે? આજે કે કાલે, એમાં શો ફેર પડવાનો છે?

વૃદ્ધ: એ તને નહિ સમજાય. બધાંને શરીરની આસક્તિ હોય છે. તારે શરીર છે?

પડછાયો: ના, એનો અભાવ છુપાવવા મને તો માત્ર પાંખો જ છે,

[બારણા બહાર કૂતરાનો ભસવાનો અવાજ]

વૃદ્ધ: જો, કોઈ બારણે આવ્યું લાગે છે.

પડછાયો: હા, મને પણ સંભળાય છે.

વૃદ્ધ: એ મારો જૂનો કૂતરો છે–મને શોધે છે. કંઈ નહિ તો એ તો મને છોડીને નહિ જ જાય! એને અંદર આવવા બારણું ખોલ.

પડછાયો: હું બારણું ખોલીશ તો પણ એ અંદર નહિ આવે.

વૃદ્ધ: ન ઉઘાડે તો કાંઇ નહિ; બારણું કાંઇ ભીડેલું નથી. એના મોંથી ધક્કો મારશે કે તરત ખૂલી જશે... મોતી! અંદર આવ...

[કૂતરો બારણું ધકેલે છે ને અંદર આવે છે થોડાં પગલાં આગળ ભરે છે ત્યાં પડછાયા તરફ એનું ધ્યાન જાય છે અને એ તરત જ પાછો વળી જઇને, માથું તેમજ પૂંછડી નીચી કરીને ચાલી જાય છે.]

પડછાયો: માણસો મૃત્યુ પામે છે ત્યારે હમેશાં એકલા જ હોય છે.

વૃદ્ધ: બીજા ડૉક્ટરોને બોલાવવા જોઇએ– ખાસ નિષ્ણાતોને.

પડછાયો: યાતનાઓના નિષ્ણાતોને?... હું તેમને બરોબર ઓળખું છું. તેમને જ્યારે આવતાં મોડું થાય છે ત્યારે હું જ તેમનું સ્વાગત કરું છું. તેઓ પણ લગભગ હમેશ પોતાના દરદીઓ જેટલા જ માંદા હોય છે અને પોતે જે રોગોને મટાડવાનો દાવો કરતા હોય છે તેનાથી જ મરે છે.

વૃદ્ધ: તેઓ કદાચ થોડા વધુ દિવસ મને જિવાડી શકે.

પડછાયો: એવી રીતે મેળવેલા દિવસો બીજા બધા દિવસોના જેવા જ ગુમાવેલા દિવસો છે.

વૃદ્ધ: ભલેને એક કલાક પણ મળે.

પડછાયો: એ પણ પસાર થઈ જશે. કશાથી પણ ડરવાનું નથી...

વૃદ્ધ: અરે છેલ્લી ક્ષણો કેવી હોય તેની તને ખબર નથી...

પડછાયો: મને તેની ખબર છે.

વૃદ્ધ: તને લાગે છે કે મારો જલદી ન્યાય થશે?

પડછાયો: તારો આજે ન્યાય થાય કે દસ હજાર વર્ષ પછી, તેમાં શો ફેર પડવાનો છે?

વૃદ્ધ: મારાં મોટામાં મોટાં પાપોનો મારે તારી પાસે એકરાર કરવો છે.

પડછાયો: હું એ પાપોને જાણું છું. તેઓ અગત્યનાં નથી, ખરાબ ઉછેરવાળાં બાળકોની રમતોની જેમ. એની વળી ચિંતા શી કરવી?

વૃદ્ધ: મને ઈશ્વરનો ડર છે.

પડછાયો: ઈશ્વર એટલો મોટો છે કે એ ઊઠી વળી તને શું કામ ઇજા કરે?

વૃદ્ધ: ઓચિંતો જ હું એની સામે ઊભો રહું તો...

પડછાયો: તું એને નહિ જુએ.

વૃદ્ધ: તું પણ એને નથી જોતો?

પડછાયો: ના.

વૃદ્ધ: કેમ?

પડછાયો: કેમ કે આપણે બધાં એની અંદર છીએ.

વૃદ્ધ: મને એકલો ન મૂકી જતો!...પેલાં બધાંએ તો મને ત્યજી દીધો; એક માત્ર તું જ મારી પાસે છે!...ઓર મને તારો હાથ આપ! બચાવ...મને બચાવ...

પડછાયો: કોનાથી? શાનાથી?

વૃદ્ધ (મૃત્યુનો હાથ પકડતાં): તારાથી... સૌથી...ઓહ મારું ગળું રૂંધાય છે, શ્વાસ ભીડાય છે......

પડછાયો: હું એની જ રાહ જોતો હતો.

વૃદ્ધ: શા માટે હું જ પહેલો?...હું જ એકલો? બીજાં બધાં તો હજી જીવતાં...

પડછાયો: મૂગો રહે.

વૃદ્ધ: મારું હૃદય બંધ પડે છે...

પડછાયો: એની તને હવે જરૂર નહિ પડે.

વૃદ્ધ: પણ હું મરું છું...મરું છું...

પડછાયો: એને માટે તો તું જન્મ્યો'તો.

વૃદ્ધ (એક ભયંકર ચીસ પાડતાં): ઓ!...

[એ આગળ નમવા પ્રયત્ન કરે છે, પછી ઓશીકા પર ઢળી પડે છે.]

[પડછાયાનો ઝભ્ભો સરી પડે છે અને ત્યાં દેવદૂતનું સ્વરૂપ પ્રકાશી રહે છે.]

પડછાયો: આ ઉજ્જ્વલ જ્યોતિર્મય પાંખો જોઈ? આ જ્યોતિથી અંકિત શિર જોયું? હું જ તારું મૃત્યુ હતો. હવે હું તને લઈ જાઉં છું. ચાલ...હવે આપણે સાથે જ રહીશું, સદાય સાથે જ રહીશું...

[એક ક્ષણની શાંતિ પછી કડાકા સાથે બારી તૂટે છે અને તેજના અંબારમાં વીંટાઇને વૃદ્ધ તેમજ પડછાયો પ્રકાશમાં વિલીન થઇ જાય છે.]

ભારતમાં સર્વત્ર સુપ્રસિદ્ધ કારેલાંને સંસ્કૃતમાં કારવેલ્લ અને કટિલ્લ કહે છે. વર્ષાઋતુનું આ શાકવિશેષ હવે તો સર્વ ઋતુઓમાં સુલભ છે. 'કૈયદેવ નિઘંટુ'માં તેનાં ગુણકર્મોનું નિરૂપણ કર્યું છે: કારેલાં કડવાં, કંઈક તીખાં, હલકાં, ઉષ્ણવીર્ય, દીપન, ભેદન અને અવૃષ્ય છે તથા અરુચિ, પિત્ત, રક્તવિકાર, કફ, પાંડુવ્રણ, કૃમિ, શ્વાસ, ખાંસી, પ્રમેહ, પથરી, કુષ્ઠ તેમજ જ્વરનો નાશ કરે છે.

ડૉક્ટર દેસાઈના મતાનુસાર લીલાં કારેલાં આનુલોમિક, પિત્તશામક, કૃમિઘ્ન તથા મૂત્રજનન છે. વૃન્ત સાથેનાં તેનાં પાન આમાશય પૌષ્ટિક, મૂત્રલ, વામક તથા વિરેચક છે.

સુશ્રુતે પણ કારવેલ્લને 'ઉભયતોભાગહર' કહ્યાં છે, અર્થાત્ વમન અને વિરેચન દ્વારા શોધન કરવાનો એમાં ગુણ છે. સુશ્રુતે એના રસને સ્વરસવિરેચનોમાં ઉત્તમ કહ્યો છે.

કારેલાંનો કડવો રસ

કારેલાંનો મુખ્ય રસ તિક્ત છે. આયુર્વેદશાસ્ત્રમાં મધુર વગેરે છયે રસોનું સૂક્ષ્મ ને વૈજ્ઞાનિક નિરૂપણ થયેલું છે. અમુક રસવાળા પદાર્થની શરીરમાં ગયા પછી શી શી અસરો થાય છે એની વ્યવસ્થિત નોંધ આયુર્વેદજ્ઞોએ તારવી છે. 'તિક્ત દ્રવ્ય યકૃતને શુદ્ધ તથા સ્વકાર્યક્ષમ બનાવીને અગ્નિઓને પ્રદીપ્ત કરે છે. યકૃતની શુદ્ધિથી તાવ, આમ વગેરેથી ઉત્પન્ન થતાં વિષોના શોધનની ક્રિયા બળવાન બને છે. આપણા આહારમાં, કડવો રસ અરુચિકર હોવાથી એવાં દ્રવ્યોનો અયોગ કિંવા ઓછો વપરાશ થાય છે. અને મોટા ભાગના રોગોનું કારણ પણ આ જ છે. કડવા રસનું સમપ્રમાણમાં સેવન કરવાથી આરોગ્યને સ્થિર રાખી શકાય છે તથા ઉત્પન્ન થએલા રોગોને સરળતાથી દૂરકરી શકાયછે.' (વૈદ્ય રણજિતરાય દેસાઇ)

વર્ષાઋતુ અને કારેલાં

વર્ષાઋતુમાં 'ઝીણીઝીણી રોટલી ને કારેલાંનું શાક' પ્રશસ્ત છે. વર્ષામાં વાયુનો પ્રકોપ અને પિત્તનો સંચય થાય છે. વાયુ શીત ગુણવાળો હોવાથી વર્ષામાં ખોરાક ગરમ ગરમ લેવો હિતાવહ છે. વર્ષામાં જઠરાગ્નિ મંદ હોય છે. કારેલાં અગ્નિને પ્રદીપ્ત કરે છે અને પાચનશક્તિ વધારે છે. વર્ષામાં શરીરની ધાતુઓમાં ક્લેદ (ભીનાશ-આર્દ્રતા) વધી જાય છે. કડવો રસ ક્લેદને સૂકવનાર છે. વર્ષામાં પિત્ત સંચિત થઇ શરદમાં તેનો પ્રકોપ થાય છે. કારેલાં પરમ પિત્તશામક હોઈ વર્ષામાં જો એનું સેવન કરવામાં આવ્યું હોય તો શરદમાં એનો પ્રકોપ થવાનો સંભવ રહે નહિ. કારેલાં પચવામાં હલકાં અને કૃમિનાશક હોઈ ચોમાસામાં એનો ઉપયોગ હિતાવહ છે. આમ બધી રીતે કારેલાં વર્ષાઋતુનું એક અતિ ઉપયોગી શાક છે. વળી તેલના સંસ્કારથી કારેલાંમાં સહેજ પણ વાતલગુણ હોય તો તે દૂર થાય છે.

તાવમાં

તાવમાં શરૂમાં એકબે લંઘન ખેંચ્યા પછી દર્દીને કારેલાંના શાકનું સેવન કરાવવું લાભકારક છે. તાવમાં અરુચિ, અગ્નિમાંદ્ય, આમ અને પિત્તાધિક્ય હોય છે. કારેલાં અરુચિનો નાશ કરનાર, અગ્નિને પ્રદીપ્ત કરનાર, આમને પચાવનાર અને ઉત્તમ પિત્તશામક હોઈ જ્વરનાશક મનાયાં છે. કારેલાંની છાલ કાઢી નાખી પછી મીઠામાં ખૂબ નિચોવી નાખીને તેનું જે શાક કરવામાં આવે છે, એ લાભ નહિ કરે. કારેલાંનો ગુણ તો એની કડવામાં કડવી છાલમાં છે, એટલે એ કડવાશ દૂર કર્યા વગર એનો ઉપયોગ થવો જોઇએ.

કૃમિમાં

કારેલાં કૃમિનું પણ એક ઉત્તમ ઔષધ છે. બાળકોને દૂધિયા કૃમિ થાય છે એ વખતે મોટું બાળક હોય અને આહાર લેતું હોય તો એને થોડા દિવસ કારેલાંનું શાક ખવડાવવું. નાના બાળકને કારેલાંને છૂંદી એનો રસ કાઢી દિવસમાં ત્રણ વખત ચમચી ચમચી પિવડાવવો. મોટેરાં કૃમિથી પીડાતાં હોય એમણે ચોમાસામાં રોજ કારેલાંનું શાક ખાવું. કારેલાંની કૃમિનાશક કડવાશ ઘણો લાભ કરશે.

ધાવણશુદ્ધિ

કડવા રસમાં ધાવણને શુદ્ધ કરવાનો ગુણ છે. માતાના ધાવણમાં કફ કે પિત્તનો વધારો થયો હશે તો કારેલાંના સેવનથી દૂર થશે. બેત્રણ દિવસ કારેલાંને બાફીને બનાવેલું શાક સવારસાંજ લેવાથી ધાવણનું શોધન થશે. કારેલાં કફ ને પિત્ત બંનેની વિકૃતિઓને ટાળનાર છે.

યકૃતના વિકારો

કડવા રસમાં યકૃતની વિકૃતિઓને દૂર કરવાનો ગુણ છે. આથી યકૃત અને પ્લીહાના વિકારમાં કારેલાંનું શાક પરમ પથ્ય છે. પાંડુરોગમાં યકૃતની વિકૃતિને કારણે રસધાતુનું રંજન થઇને રક્તમાં પરિણમન થવાનું કામ અટકી જાય છે. એથી પાંડુરોગમાં કારેલાંનું શાક પથ્ય તરીકે તથા ઔષધ તરીકે હિતાવહ છે. બરોળ કે લીવર (યકૃત)ની વિકૃતિનો પ્રારંભ થયો હોય ને એને પરિણામે જલોદર થવાની શરૂઆત હોય ત્યારે કારેલાંનાં પાનનો રસ કાઢી દર્દીને દિવસમાં બેત્રણ વખત એક એક તોલો આપવાથી મૂત્ર વાટે તેમજ મલ વાટે સંચિત જલીય અંશ બહાર નીકળી જાય છે. આવા દર્દીને કેવળ ગાય કે બકરીના દૂધ પર રાખી, પાણી બંધ કરાવી, કારેલાંના રસનો ઔષધ તરીકે ઉપયોગ કરવામાં આવે તો અવશ્ય ફાયદો થાય. જલોદરમાં અગ્નિમાંદ્ય પણ કારણભૂત છે. કારેલાં અગ્નિદીપક છે.

મધુપ્રમેહ

આયુર્વેદમાં ૨૦ પ્રકારના પ્રમેહોનું નિરૂપણ છે. એમાં વાયુને કારણે ચાર તથા પિત્તને કારણે છ પ્રકારના પ્રમેહ થાય છે. વાતજપ્રમેહ અસાધ્ય છે. પિત્તજન્ય પ્રમેહ યાપ્ય છે; અર્થાત સદંતર મટી શકતા નથી, પણ પથ્યપાલન અને ઔષધોપચારથી સાધારણ રીતે દર્દી સ્વસ્થ રહી શકે છે. કફને કારણે દસ પ્રકારના પ્રમેહ થાય છે. બધી જાતના પ્રમેહ-વ્યાધિઓનો જો સત્વર ઔષધોપચાર કરવામાં ન આવે તો તે સર્વ મધુમેહની અવસ્થાને પામે છે. ચરકે મધુમેહને કષ્ટસાધ્ય માન્યો છે; એટલે કે તે મહામહેનતે મટે છે.

કફજન્ય પ્રમેહોનું કારેલાં ઉત્તમ ઔષધ છે, કેમકે કફનો નાશ કરી અગ્નિને પ્રદીપ્ત કરવાનો એનામાં મહત્ત્વનો ગુણ છે. પિત્તજન્ય પ્રમેહમાં પણ કારેલાં પિત્તનું શમન કરી વ્યાધિને આગળ વધતો અટકાવે છે. પ્રમેહની પ્રારંભાવસ્થામાં દર્દી આહારમાં નિયમન કરી, બેઠાડુ જીવનનો ત્યાગ કરી, રોજ કારેલાંના શાકનો ઉપયોગ કરવા માંડે તો અવશ્ય રોગમુક્ત થાય. પ્રમેહ થવાનું મૂળ કારણ અતિશય આહાર અને બેઠાડુ જીવન છે, એટલે એવા જીવનનો ત્યાગ રોગમુક્ત થવા માટે અનિવાર્ય છે. મધુપ્રમેહની શરૂઆત થઈ ગયા પછી યોગ્ય ચિકિત્સક પાસે વ્યવસ્થિત ચિકિત્સા કરાવવી જોઇએ અને ટુચકાઓ ઉપર આધાર રાખવો જોઈએ નહિ. કારેલાં મધુપ્રમેહમાં પરમ પથ્ય શાક છે એટલે એનો ઉપયોગ કરી શકાય; એથી લાભ જ થશે. પણ મધુપ્રમેહ જેવા કષ્ટસાધ્ય વ્યાધિઓમાં વેળાસર ચેતીને ચિકિત્સકની સલાહ-સારવાર લેવી.

સંધિવા

સંધિવાનાં દર્દીઓ માટે પણ કારેલાંનું સેવન લાભકારક છે. શ્રી બાપાલાલ વૈદ્ય લખે છે: 'સંધિવાના રોગીઓએ કારેલાંનું શાક અવશ્ય ખાવું જોઇએ. એકલું કારેલાંનું શાક પાણીમાં તેમજ તેલમાં બાફેલું સાતઆઠ દિવસ સુધી ખાવાથી સંધિવાના કેસો સારા થાય છે.'

લાભશંકર ઠાકર

આત્મકથાનક-૮ # જીવનપટનાં સ્મૃતિચિત્રો

લેખક-આલેખક

રવિશંકર રાવળ




રાજસવારીનાં ડંકાનિશાન

૨૭ મેં જોએલું ભાવનગર ઈ. સ. ૧૯૦૦

અત્યાર સુધીમાં મેં મારી સમજણ પ્રમાણે ભાવનગરનો ખયાલ મેળવી લીધો હતો. કોઈ સંગાથ વગર એકલા જવાની હિંમત હું કરી શકતો નહિ, પણ કાકાની સાથે પર્સિવલ માર્કેટ જાઉં ત્યારે વચ્ચોવચ આવેલો ટાવર અને તેની પાસેના દરબારગઢના કોતરણીવાળા દરવાજા મને બહુ જ આકર્ષણ કરતા. એ પૈકી આજે એક જ દરવાજો સુરક્ષિત છે. બજાર તરફનો દરવાજો એ જ અરસામાં લાગેલી કાપડ બજારની આગમાં ખલાસ થએલો.

એ દિવસ મને બરોબર યાદ છે. સાંજના ચાર વાગ્યે બૂમ પડી કે કાપડ બજાર સળગી છે, એટલે હું કેટલાક છોકરાઓ સાથે ડહેલાના નાકે દોડયો તો ત્યાંથી જ પોલીસ લોકોને રોકતી હતી. ગામના તળાવની પાસે રાખવામાં આવતો એક મોટો આગબંબો ઘોડા ખેંચી લાવ્યા હતા. પછી તેઓ લાંબી કંતાનની પાઇપો (જેને અમે 'સૂંઢો' કહેતા)નાં ફીંડલાં ઉકેલી અમારા ફળીમાં આવેલી ટાંકી સુધી લંબાવી લાવ્યા. બીજા જિલ્લાની હાથ-હલામણની ડંકીઓ પણ આવી હતી (આજના બંબાઓ આગળ તો આ બધાં રમકડાં જેવાં લાગે.) કાપડના વેપારીઓ તેમના માલના ગાંસડા મજૂર-લારીઓ દ્વારા ખસેડી રહ્યા હતા. સાંજ સુધીમાં સાંભળ્યું કે આગે સામી બાજુ દરબારગઢને પણ ઝાળ મારી છે, અને ત્યાં તો કચેરી અને દફતરો હતાં! રાત પડી ત્યારે રાધનપુરી બજારની બને બાજુની હારો પર ભડકા દેખાવા લાગ્યા. પાછળ માર્કેટ હતી તે તો લોખંડના થાંભલા અને છાપરાવાળી હતી. આ તરફ આગ ઓલવવાની શકયતા ન દેખાઈ એટલે બંબાવાળાઓએ બીજાં મકાનો બચાવવા વચ્ચેથી પાંખો કાપવા માંડી, અને તે પછીના ભાગો બચી ગયા. બાકી બધું ચાર દિવસ સુધી સળગ્યા કર્યું. સુભાગ્યે કોઈ માનવીને ઈજા પહોંચ્યાનું જાણ્યું નહિ.





સામેની બાજુ: દરબારગઢનો કોતરણીવાળો દરવાજો;
નીચે: આગ લાગ્યા પછી નવું બંધાએલું ભાવનગરનું રાધનપુરી બજાર: તેમાં જમણી બાજુ, દૂર કેસરબાઈની મસ્જિદનો ઘુમટ. ડાબી બાજુ, દરબારગઢની ઘુમટીઓ.

રાધનપુરી બજારની પાછળ અમારા એક સંબંધી જોષી કુટુંબના મોતીલાલ કાકા રહેતા હતા. તેમને સાવચેતી ખાતર મકાનમાંથી સામાન સાથે દૂર ખસેડી જવા કાકા બીજા સંબંધીઓ સાથે પહોંચી ગયા હતા અને રાત્રે વાળુ કરાવવા ઘેર લાવ્યા હતા, એ વાત મોતીકાકા જનમભર



ભાવનગર શહેરનું સૌંદર્યસ્થાન ગંગામંદિર; નીચે : એવું જ બીજું રમણીય સ્થળ ગૌરીશંકર તળાવ (બોર તળાવ)


આભારથી યાદ કરતા. ભાવનગરની એ આગ સમસ્ત ભાવનગરની સાંભરણમાં યાદગાર પ્રસંગ બની રહી છે.

ભાવનગરનું મારું રોજ સાંજનું આકર્ષણ તો ઘોઘા દરવાજા બહાર ભરાતી ગુજરી હતી. તે માટે દરબારે ગામના તળાવની પાળે એક મોટો ચોતરો બંધાવ્યો હતો તે પર ગામના નાના વેપારીઓ, ફેરિયા, મોચીઓ, રમકડાંવાળા વગેરે હાટ પાથરતા. તેની કોઇને ફી આપવી પડતી નહિ. ચોતરાની આસપાસ ભજનિકોની મંડળીઓ અને તમાશગીરોનાં જૂથ જામતાં, અને ખાણીપાણીવાળી લારીઓ ફરતી. તેમની પાસેથી પ્રેમોદ્રી, દાડમના દાણા, ગંડેરી કે જામફળનાં મસાલેદાર પતીકાં જેવો થોડા પૈસાનો સ્વાદિષ્ટ નાસ્તો લઈ તળાવની પાળે બેસી ખાતાં લોકો લહેર માણતા.

તળાવની વચ્ચોવચ આવેલું તાજમહાલના રૂપની યાદ કરાવતા ગુંબજવાળું તમામ આરસનું ગંગામંદિર અને ત્યાં સુધી પહોંચવા માટે એવા જ નાના ગુંબજોની હારવાળો આરસનો પુલ ભાવનગરનું મનોહર સ્થાન છે. એ પુલ પર થઇને મંદિરના ઊંચા પરથાર પર જઇને બેસવાની અને સાથે ખાવાનું હોય તો તે મિત્રો સાથે વાતો કરતાં ખાતાંખાતાં પાણીમાં અસ્ત પામતી સંધ્યાના રંગો જોવાની માણેલી મજા મેં મારી ભાવનગરની ચિરસ્મરણીય સ્મૃતિ માની છે. આ આરસમંદિરની રૂપકલ્પના મુંબાઈની સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટના પ્રિન્સિપલ જે. ગ્રિફિથ્સે આપી હતી.

તળાવની પાળે આગળ ચાલતાં બાજુમાં વિક્ટર સ્ક્વેરમાં સાંજે કથા કરનારા, ચારણી વાતો સંભળાવનારા અને ગામગપાટા મારનારા સહેલાણીઓનાં ટોળાં જામતાં. ત્યાંથી આગળ જતાં તળાવનો ખૂણો વળતાં સામે જ મોતીબાગનો દરવાજો આવતો. તેને દરવાજે ખડો પહેરેગીર રહેતો અને માત્ર દરબારી અધિકારી કે મોટા માણસો જ તેમાં પ્રવેશ કરી શકતા. આ મહેલ એક વખત મહારાજા તખ્તસિંહજીનું નિવાસસ્થાન હતું. તેમની પહેલાંના રાજાઓ તો જે દરબારગઢમાં આગ લાગી હતી ત્યાં જ, ગામ વચ્ચોવચ રહેતા. આ વખતે મહારાજા ભાવસિંહજી વળી દૂર દૂર એક વિશાળ ઉપવન વચ્ચે નીલમબાગ નામનો બંગલો બંધાવી રહ્યા હતા. તખ્તસિંહજી મહારાજના સમયમાં 'સરસ્વતીચંદ્ર'ના લેખક શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠી ભાવનગરમાં







↑ ડાબી તરફ પીલ ગાર્ડનનો દરવાજો. સામે એ સમયની શામળદાસ કૉલેજ


બાર્ટન લાયબ્રેરી અને દીવાનપરાની હવેલીઓ ↑

એ મોતીબાગ ખાતે નોકરીમાં રહેલા એ મેં પુખ્ત વયે જાણ્યું હતું.


તળાવની ચારે બાજુ મોટી સડકો બાંધેલી હતી તેમજ તળાવની પાળ પણ એક નાની સડક જેટલી પહોળી હતી, એટલે પુષ્કળ લોકો તેના ઉપર ચાલવામાં મઝા લેતા, કારણ કે ત્યાંથી તળાવ વચ્ચેનું આરસનું મંદિર અને ચારે તરફ આવેલાં મકાનો પાણીમાં જે પ્રતિબિંબ પાડી રહેતાં તેનું સુંદર દૃશ્ય નજરે પડતું. આ દૃશ્ય બારે માસ કાયમ રાખવા માટે એ તળાવમાં એક નહેર વાટે બોર તળાવનું પાણી છોડવામાં આવતું, અને વરસાદમાં છલકાય ત્યારે તેને વડવા તરફના એક ગરનાળામાંથી કાઢી નાખવામાં આવતું. એ ઠેકાણે વડવામાં નગરની સ્ત્રીઓ માટે કપડાં ધોવાનો ઘાટ પણ હતો.

વડવા તરફ જતાં તળાવનો ખૂણો પૂરો થાય ત્યાં યશોનાથ મહાદેવનું વિશાળ ચૉકવાળું મંદિર નગરના ટાઉનહૉલની ગરજ સારતું. ત્યાં મહાપંડિતોનાં વ્યાખ્યાનો, શાસ્ત્રીઓની કથાઓ, ચાતુર્માસનાં કીર્તન અને અભિનંદન કે શોકની સભાઓ થતાં, પર્વો તેમજ ઉત્સવો પણ ઊજવાતા.

એ મંદિરની બાજુમાં ભાવનગરની જનતા અને પ્રવાસીઓના શ્રેષ્ઠ આકર્ષણ રૂપ આવેલો પીલ ગાર્ડન હાલ પણ છે તો ખરો, પરંતુ એ વખતે ત્યાં જે સજીવ પ્રાણીઓ અને પક્ષીઓનાં સંગ્રહસ્થાનો હતાં તે, લોકોના કહેવા પ્રમાણે મુંબાઈના વિક્ટોરિયા બાગની સ્પર્ધા કરતાં. રીંછો, સિંહો, વાઘ, વરુ, જરખ, શાહુડી, જાતજાતનાં વાંદરાં, સસલાં અને અવનવાં પક્ષીઓએ ભાવનગરમાં એક પ્રકારનો પ્રકૃતિપ્રેમ કેળવ્યો હશે. પીલ ગાર્ડનની વનરાજિ પણ ફુલ્લપલ્લવિત રખાતી. સાંજના વખતે તેના બાંકડા તો બધા ભરચક હોય જ; ઉપરાંત એની લીલીછમ ગોંદરીઓ પર પણ સભ્ય લોકોનાં ટોળાં ને ટોળાં આવીને બેસતાં. બાગની વચ્ચે એક ઊંચી ગોંદરી પર આવેલા મંડપમાં દર બુધવારે રાજ્યની બૅન્ડની ટુકડી દેશી રાગો વગાડતી. મહારાજા ભાવસિંહજીનો એ ખાસ શૉખ હતો કે દેશી રાગો બૅન્ડમાં ઉતારવા. અલબત્ત, તેમાં આલાપી ગાન તો આવી જ ન શકે, પણ રાગનું સ્વરૂપ અને ધૂન સમજાતાં. મારા મોટા ભાઈ દર બુધવારે અચૂક જતા અને હું પણ તેમની આંગળીએ પહોંચી જતો. ત્યાં જઇને બૅન્ડ-મંડપ પાસે એક થાંભલા પર મૂકેલા રાગોની નોંધ વાંચી લેતા અને પછી પોતાના દોસ્તદારો સાથે નજીકની ગોંદરી પર ગુણગુણાવતા બૅન્ડ–રાગોની નકલ કરતા.



મહારાજા તખ્તસિંહજી



મહારાજા ભાવસિંહજી


આ ગાર્ડનને પીલ સાહેબનું નામ કેમ મળ્યું હશે? ભાવનગરની કોઈ વહીવટી પંચાતમાં પીલ સાહેબનો ફેંસલો અનુકૂળ થયો તેથી તેમની યાદગીરી અહીં રચાઈ છે. કવિ દલપતરામ ક્યાંક કોઇને અપીલ વિષે જવાબ આપતાં બોલ્યા હતા:

પીલ તણી પંચાતથી દુનિયા રીઝે દિલ,
ફરે કરેલો ફેંસલો, એને જાણ અપીલ.


વર્ષમાં જે અનેક તહેવારો આવતા તેમાં એક વાર રૂવાપરી માતાએ મેળો થતો. આ સ્થાન દરિયા તરફ ખારવાળી જમીન પર આવેલું છે. ઘણા કહેતા કે 'સરસ્વતીચંદ્ર'ની કથાનો પ્રારંભ આ સ્થાન જોઇને ગોવર્ધનરામભાઇએ કર્યો હશે. ત્યાં સુધી ચાલીને જતાં હું બહુ થાકી જતો, પણ ત્યાં જવાનું કુતૂહલ ખૂબ રહેતું. નગર છોડી, ખારનો સૂકો·



ત્યાં ઊભાં ઊભાં જ ઘીનો લોટો ઘટઘટાવી ગયો



જશોનાથ મંદિર • ભાવનગર





વચ્ચેની આલ્ફ્રેડ હાઈસ્કૂલ તથા તેના જેવાં–તખ્તસિંહજી હૉસ્પિટલ, બાર્ટન લાયબ્રેરી, ગૌરીશંકર તળાવ, ગંગામંદિર આદિ ભાવનગરનાં શોભાસ્થાનો બાંધનાર બાહોશ એન્જિનીઅર પ્રૉક્ટર સિમ્સની સ્મૃતિમાં બંધાવેલું (નીચે) સિમ્સ જળાશય અને ફુવારો

સૂનો વૃક્ષહીણો સપાટ પ્રદેશ, દૂર દરિયાની રેખા, કે જતી–આવતી એકાદ સ્ટીમરના ધુમાડા, ખારમાં માણસ ખૂંચી જાય એવાં ભોરાં પડે છે તેની વાતો, તેલના ટશિયા ફૂટતા હોય તે ભાગમાં તેલ ભરેલાં વહાણો ડૂબ્યાં હોવાના તુક્કા, બધું મને નવા તરંગે ચડાવતું.

ભાવનગર રાજ્યની સાંસ્કૃતિક એકતાનું પ્રતીક તો બળેવની સવારી હતી. સવારના ભાગમાં તો બ્રાહ્મણો નદી તળાવ કે બીજાં જળાશયો આગળ ટોળેટોળાંમાં ભેગાં થઈ જનોઈ બદલવાનું ઉપાકર્મ કરતા. અમારા જ્ઞાતિ–શુક્લનો પાટલો સૌથી ઊંચો ગણાતો. તે પરભુદાસના તળાવે જમાવાતો. ઘેરથી કાકા પરોઢિયામાં તરભાણું, પંચપાત્ર, પૂજા-નૈવેદ્ય અને અમારા માટે થોડો નાસ્તો એક પોટકામાં બાંધી, અમને સારાં કપડાં પહેરાવી ઉપાડતા અને રસ્તામાં બેચાર સંબંધીઓને ઘેર તેમને સાદ પાડતા કે સાથે ખેંચતા. પરભુદાસના તળાવની પાસેની કોઈ મંદિરની જગ્યામાં અમને બેસાડતા. મને જનોઈ નહોતું મળ્યું એટલે હું જનોઈવાળાઓને પાણીમાં કૂદાકૂદ કરતા જોઈ જરા સોરાતો, પણ ગમે ત્યારે નાસ્તો કરવાનો અધિકાર હતો તેથી સંતોષ માનતો.

સાંજે સમુદ્રપૂજન માટે મહારાજાની સવારી નીકળવાની હોય, એટલે ઘરેઘરમાંથી છોકરાંઓને લઈ લોકો નીકળી પડે. જેમને ઓળખાણપિછાન હોય તેઓ પોતાના સંબંધી કે મિત્રોની દુકાને બાળકોને બેસાડીને પોતે રસ્તા પર ઊભા રહે. દરેક મહોલ્લાને નાકે સ્ત્રીઓ, છોકરાંઓ ને બુઢ્ઢાઓ ઊભાં હોય તે સવારીના વખતે ખૂબ ખેંચાઈ ખેંચાઈ જોયા કરે કે ડંકો–નિશાન દેખાયાં કે નહિ.

લગભગ ચાર વાગ્યે મોતીબાગથી સવારી ચડે અને સીધી બજારમાંથી ખારના દરવાજેથી દરિયા પર જાય. ત્યાંથી અરધા કલાકે શહેર વચ્ચે આવે. ડંકા–નિશાનવાળા સવારો રસ્તાની બે બાજુઓ પર ઘૂમતા આવે. પોલીસ લોકોની હાર સરખી કરતા જાય. પહેલી આરબોની બેરખ આવે. તેઓ સ્વકીય પોષાકમાં હોય, કેડે જમૈયો ખોસ્યો હોય અને હાથમાંની જામગરીવાળી બંદૂકોમાંથી ભડાકા કરતા ચાલે. ભડાકો થાય એટલે અમે ચમકી તો જઈએ, પણ બંદૂક ફૂટતી જોયાનો હરખ થાય. તે પછી પાયદળ લશ્કર આવે. તેના અમલદાર પાછળ ખુલ્લી તલવારે ઘોડા પર હોય. પછી રાજ્યનું બૅંડ આવે. તેનો અવાજ સંભળાતાં જ અમે સમજીએ કે પાછળ મહારાજાનો હાથી હશે. તેની પાછળ એકબે નાના હાથી હોય, તે પર મહારાજાના ભાઈ મંગળસિંહજી અને દીવાન હોય. મેં વિઠ્ઠલભાઈ દીવાન અને વજલભાઈને છેલ્લી સવારીમાં જોએલા એવું યાદ છે. પણ તે તો વિક્ટોરિયા ગાડીમાં હતા, એટલે નિવૃત્ત દીવાન તરીકે એ માન મળ્યું હશે.

મહારાજાએ અમુક સાફો બાંધ્યો છે, તે ઉપર ફોટોગ્રાફમાં દેખાતું ગરુડનું બિંબ દેખાય છે, સાફાને સોનેરી દોરીથી ગળા ઉપર બાંધી લીધો છે એમ બારીકીથી તેની વિગતો વર્ણવાય. તુરત પાછળ રાજ્યના મુખ્ય ભાયાતોની ગાડીઓ અને પછી નાયબદીવાન અને રેવન્યુ તથા મેડિકલ વગેરે અધિકારીઓનો ક્રમ હોય. સમુદ્રપૂજન કરી સવારી પાછી આવે ત્યારે દીવા થઈ જાય, પણ લોકો ત્યાં સુધી ગિરદી કરીને ઊભાં જ હોય.

આ સવારીમાં તે વખતે પ્રાઇવેટ સેક્રેટરી પ્રભાશંકર પટ્ટણી, ડૉ. શિવનાથ અને બીજા અધિકારીઓ ઉપરાંત કૉલેજના પ્રિન્સિપલ તેમજ પ્રોફેસરોને પણ ગાડીમાં બેસવાનું માન મળતું.

સવારીના સમયમાં રાજ્યની આગળપાછળની જાહોજલાલી તથા દીવાનો અને મહાત્માઓની વાતો સાંભળવા મળતી.

મહારાજા તખ્તસિંહજી ઈ. ૧૮૭૫ થી ૧૮૯૬ સુધી ગાદીએ રહ્યા. તેમના અમલ દરમ્યાન મિ પ્રૉક્ટર સિમ્સ નામના બાહોશ એન્જિનીઅર થઈ ગયા. ઈ. ૧૮૮૫માં તેમની દેખરેખ નીચે તખ્તસિંહજી હૉસ્પિટલ, આલ્ફ્રેડ હાઈસ્કૂલ, બાર્ટન લાયબ્રેરી, ગૌરીશંકર તળાવ, ગંગામંદિર વગેરે ભાવનગરનાં શોભાસ્થાનો બંધાયાં. એ બધાનાં ડિઝાઈનો (ગંગામંદિરના અપવાદ સિવાય) ઈંગ્લંડથી કરાવી મંગાવ્યાં હતાં. પ્રૉક્ટર સિમ્સને આઝમ ગગા ઓઝા સાથે સારો સંબંધ હતો. એ સિમ્સ ઈ. ૧૯૦૦માં કૉલેરા થતાં તેમણે યોજેલા ભાવનગરના પોર્ટ આલ્બર્ટ વિક્ટરમાં અવસાન પામ્યા.

મહારાજા ભાવસિંહજી ભાવનગરની ગાદીએ આવ્યા તે પહેલાં રાજકારભાર 'કાઉન્સિલ'થી ચાલતો. મહારાજા તખ્તસિંહજીને ચાર રાણી હતાં. તેમાં ગોંડલનાં માજીરાજબા સાત માસના ભાવસિંહજીને મૂકી દેવલોક પામેલાં. વઢવાણવાળાં બાઇને નાના કુંવર મંગળસિંહજી હતા. એક રાણી કેસરબા તે સંગીતપ્રવીણ મુસ્લિમ ગાયિકા હતાં, તેમનું ધર્માંતર કરાવી મહારાજા પરણ્યા હતા અને તેમની યાદગીરી-

માં ભાવનગરમાં બંધાવેલી કેસરબાની મસ્જિદ અને તે હિન્દુ બન્યા પછી દર્શન કરવા જતાં તે માટેની કેસરબાની હવેલી પણ છે.

તખ્તસિંહ મહારાજના રંગમહેલની અને ખવાસોની ખટપટોની વાતો ઘણી બોલાતી, પરંતુ તે સાથે તેમની ઉદારતાની વાતો પણ બહુ ગાજતી. તેમના વખતમાં ૧૮૮૫માં રાજ્યમાંથી વેઠનો રિવાજ કાયદાથી નાબૂદ થયો. તેમના મહેલમાંથી કોઇ યાચક ખાલી હાથે પાછો વળતો નહિ. કહેવાતું કે ટેબલના ખાનામાં હાથ નાખી મૂઠીમાં આવે તે આપી દેતા—જેવું માગનારનું નસીબ! બ્રાહ્મણોએ તેમને શાસ્ત્રવિધિથી કેસરબા પરણાવી આપ્યાં એટલે તેમને માટે દાનોની મોટી બારી ઊઘડી ગઇ હતી. મહારાજા વર્ષમાં એકબે વાર બ્રાહ્મણોની ગામચોર્યાશી જમાડતા, જેમાં ઘણી વાર દક્ષિણા પણ આપતા. તે માટે તખ્તેશ્વર ટેકરી પાસેના હાથીખાનામાં દરેક બ્રાહ્મણ નાતની પંક્તિઓ પડતી. એક વખત તેમણે ઉપર ધારે ઘી અને ચુરમાની ચોર્યાશી કરી, તેમાં એક બ્રાહ્મણે જમતાં જમતાં ઘીનો લોટો ભરી લીધેલો તેને બહાર નીકળતી વખતે દરવાજે દરબારી માણસે ટપાર્યો: 'મહારાજ, લોટામાં શું છે?' જવાબ મળ્યો: 'કંઈ નહિ, પાણી છે.' કહ્યું, 'પાણી હોય તો પી જાઓ!' કહેતાં જ તેણે લોટો મોઢે માંડયો અને ઘટઘટાવી ગયો! આથી દરબારી ચિંતામાં પડી ગયો કે આ બ્રાહ્મણ આથી કદાચ મરી જશે તો બ્રહ્મહત્યા લાગશે. પણ એવું કશું બન્યું નહિ.

બ્રાહ્મણોમાત્ર ઘર આગળથી મુગટા–પીતાંબરો પહેરી, ઘણા તો ઠંડા પાણીના લોટા લઈ ઘરેઘરથી નીકળી પડતા ત્યારે એક માઈલના રસ્તા પર પીતાંબરોની સેના ચાલતી હોય એમ લાગતું. નાગર મુત્સદ્દીઓને બ્રાહ્મણોના આ દશ્યમાં મઝા પડતી હશે. મહારાજની કીર્તિ થાય અને બ્રાહ્મણો ભિક્ષુકો જ રહે એ માટેની પણ આ નીતિ તેમણે આવકારી હશે. લાડુભૂખ્યા બ્રાહ્મણો પણ કહેતા કે તખ્તસિંહજી મહારાજ જેવા ફરી આવે અને ચોર્યાસીઓ થાય તો જ બ્રાહ્મણોનું તેજ વધે. પણ ભાવસિંહજી મહારાજના વારસામાં તખ્તસિંહજીએ તિજોરી તળિયાસાફ કરી મૂકી હતી. વળી ઈ. ૧૮૯૯-૧૯૦૦નું વર્ષ મોટા દુષ્કાળ અને પ્લેગથી ખરાબ નીવડયું હતું, એટલે તેમને રાજ્ય ચલાવવામાં ખૂબ કરકસરના ધોરણ પર જવું પડયું હશે.

મહારાજા ભાવસિંહજીનું બચપણ નાગર અધિકારીઓની દેખરેખ નીચે વીત્યું હતું. કાઉન્સિલમાંના અંગ્રેજ અધિકારીઓ બદલાતા રહેતા. તેમાં મિ. પર્સિવલે ઘણી લોકપ્રિયતા મેળવી હતી. તેની યાદગીરીમાં રૂપાપરી દરવાજે 'પર્સિવલ ફુવારો' છે. રાજ્ય-મહાલોના વહીવટના ઇજારા આપી દેવામાં આવતા જેનો લાભ મોટે ભાગે નાગર મુત્સદ્દીમંડળને જ મળતો અને તેમાંથી જ ભાવનગરના દીવાનપરા અને નાગર વિસ્તારની મિલકતોની આબાદી થઈ મનાય છે. નાગરમંડળ સામે ઊંચું માથુ કરી શકે એવો વર્ગ કોઈ નહોતો. વણિકો, પારસીઓ વગેરે તેમના પડખામાં સમાઈ જતા. બ્રાહ્મણ કોમ તો હજુ નવા યુગમાં પગલાં પાડતી હતી. તે વર્ગમાંથી માત્ર શિક્ષકો, મહેતાજીઓ અને પ્રોફેસરો થવા લાગ્યા હતા.

મહારાજા ભાવસિંહજી રાજકોટની રાજકુમાર કૉલેજમાં શિક્ષણ લેતા હતા ત્યારે શ્રી પ્રભાશંકર પટ્ટણી એક સાદું દવાખાનું ચલાવતા, તેમનો એમને સમાગમ થયો. પ્રભાશંકરભાઈ કુમાર ભાવસિંહજીની અનેક પ્રકારે શુશ્રૂષા કરી તેમના સલાહકાર બન્યા હતા, તેથી ગાદીએ આવતાં જ મહારાજાએ તેમને પોતાના અંગત સેક્રેટરી નીમ્યા અને પાંચ વર્ષમાં તો કાઉન્સિલનો વહીવટ બંધ કરી દીવાન અને ન્યાયાધીશની નિમણૂકોવાળો વહીવટ દાખલ કર્યો. તે પછી રાજ્યમાં નાગર કારભારનું વર્ચસ્વ ઓસરી ગયું ને બીજી કોમોના અધિકારીઓ આગળ આવવા લાગ્યા.



યુવાન પ્રભાશંકર પટ્ટણી
મહારાજાના સેક્રેટરી થયા ત્યારે

આવી બધી વાતો મહોલ્લાઓમાં પડેલાં કુટુંબોનાં જૂથોમાં ઓછાવધતા મસાલાથી રંગાતી. વણિક વસવાટો વચ્ચે અમારાં બ્રાહ્મણોનાં ઘર વ્યવહાર અને વૈભવમાં ઘણાં જ વિનમ્ર અને અપ્રસિદ્ધ ગણાતાં. એ સર્વમાં મને અમારા પડોશમાંના એક વણિક ગૃહસ્થ ખાસ યાદ છે તે મગનલાલ ધોળકિયા વકીલ તરીકે ઓળખાતા. તેનો પુત્ર લક્ષ્મીદાસ બીજા વણિક છોકરાઓથી અલગ રહેતો. તેના પિતા ધોળકિયાને લોકો રાજના બહારવટિયા કહેતા, કારણ કે તેણે ઘણી વાર કારભારની પોલ ઉઘાડતી પત્રિકાઓ બહાર પાડેલી, કેસો ચલાવેલા અને પરિણામે અધિકારીઓની ખફા વહોરી જેલમાં પણ જઈ આવેલા. જેલમાં જઇ આવેલા માનવ માટે એ કાળે સમાજમાં કંઈક ભય અને શંકા સહજ રહેતાં, પણ મને તો એમને જોતાં માન અને આદર થતાં. તેમનામાં આપત્તિ સામે હસતું મોં રાખવાની તાકાત હતી અને વિપરીત સંજોગોમાં પણ તે જેમતેમ કરીને આબરૂભેર ઘરસંસાર ચલાવતા.

ભાવનગરના આ ગાળા દરમિયાન ખબર મળ્યા કે પિતાશ્રીની બદલી ફરી વઢવાણ કૅમ્પમાં રેકર્ડ ક્લાર્કની જગ્યાએ થઇ છે. ત્યાં જવાનો અમે બંને ભાઇઓ વિચાર કરતા હતા ત્યાં દોઢેક માસમાં વળી જાણવા મળ્યું કે મહેસાણા ખાતે પોસ્ટ ઈન્સ્પેક્ટર તરીકે રૂ. ૮૦ના પગારથી તેમની કામચલાઉ નિમણૂક થઈ છે.

હવે મેં ગમે તેમ કરી તેમની પાસે જ જવાની જક લીધી. મોટા ભાઇનો અભ્યાસ આગળ ગયો હતો, એટલે તેમનાથી તો હવે મૅટ્રિક સુધી ભાવનગર છોડાય નહિ એવું ઠરી ચૂકયુ હતું. (ચાલુ)

બ્રહ્મદેશને ગુલામ બનાવનાર સાગના થાંભલા

આજથી પચીસ વર્ષ પર, બ્રિટિશ રાજ્ય હતું ત્યારે, જવાહરલાલ બ્રહ્મદેશ ગએલા. એ મુલાકાતને લગતું અનેક રસમય પ્રસંગો આલેખતું પુસ્તક 'બ્રહ્મદેશમાં જવાહરલાલ' ત્યાંના સ્થાનિક મંત્રીઓ પૈકી એક શ્રી રમેશ રંગનાથ ગૌતમે બહાર પાડેલું. એમાંનો એક પ્રસંગ:

રાજગઢીના સાગના થાંભલા બતાવતાં ઉ ચ્યો મ્યીંએ કહ્યું, 'આ થાંભલા રાજા થીબોના રાજ્યની જડ ઉખેડવામાં કારણભૂત હતા.'

'એ કેવી રીતે?' જવાહરલાલજીએ પૂછ્યું. ઉ ચ્યો મ્યીંએ કહ્યું: 'બૉમ્બે બર્મા કૉર્પોરેશનને એ રાજાએ જંગલનાં લાકડાંનો ઇજારો આપેલો હતો; પરંતુ તેમાં એક શરત હતી: અમુક માપથી વધારે જાડાઈનાં થડ, જે 'શાહી લાકડાં'માં ગણાતાં તેમને હાથ લગાડવો નહિ. એવાં થડોમાંથી રાજાની ઇમારતો બનતી. જ્યારે કંપનીને ટંટો કરવાનું મન થયું ત્યારે તેણે એ શાહી થડો કાપ્યાં. રાજાએ આ નાફરમાની પર વાંધો લીધો ને તેનો દંડ કર્યો. બસ, એટલું જ બહાનું. અંગ્રેજ સરકારે પોતાની જાતવાળાની મદદમાં હથિયાર ઉપાડયાં ને એ બહાને બ્રહ્મદેશ પણ હિંદની સાથે ગુલામગીરીમાં ઝડપાઈ ગયો.'

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી ★

ખોટા નામે ઓળખાતું વનસ્પતિ 'ઘી'

વાપરનાર–નહિ વાપરનારા સૌએ વાંચવા જેવો લેખ

કુદરતી પદાર્થોની આબેહૂબ પ્રતિકૃતિ ઉતારવામાં આજના વિજ્ઞાનના અજબ સિદ્ધિ છે. ઈ. ૧૮૭૦મા પારી(સ)ના ઘેરા વખતે ફ્રાન્સમાં માખણની અછત વરતાવાથી ફ્રેન્ચ રસાયનશાસ્ત્રી મિગી–મૉરિસ (Meges–Mouries)ની દોરવણી હેઠળ સૌપ્રથમ માગરીન નામનું બનાવટી માખણ ચરબીમાંથી બનાવાયું. સસ્તા એવા આ બનાવટી માખણની માંગ ઘણી વધી પડી; પણ યોગ્ય પ્રાણિજ ચરબીના મર્યાદિત પુરવઠાને લીધે તે સંતોષાઈ નહિ, એટલે ચરબી મેળવવાનાં બીજાં સાધનોની શોધમાં વિજ્ઞાનીઓની નજર વનસ્પતિ તેલો ઉપર ઠરી. તેલી બિયાનો પાક જલદી ઉતારી શકાય ને વળી વનસ્પતિ તેલો સસ્તાં પણ ખરાં. પરંતુ આ તેલ ઘટ્ટ નહિ હોવાથી માર્ગેરીન બનાવવામા મુશ્કેલી આવી. ખંતીલા વિજ્ઞાનીઓએ ઈ.સ. ૧૯૧૦માં પ્રવાહી તેલોને લોંદા જેવા બનાવવાની હાઇડ્રોજિનેશન (થિજાવવાની) પદ્ધતિ શોધી. દસ વર્ષ પછી યુરોપના ઘણા દેશોમાં કારખાનામાં બનેલું માર્ગેરીન રોજિંદા આહારનું માનીતું ખાદ્ય બન્યું. પછી તો વનસ્પતિ તેલોમાંથી શૉર્ટનિંગ નામની રાંધવાની ચરબી પણ બનાવાઈ, જેણે પરંપરાગત વપરાતા લાર્ડ (ડુક્કરની ચરબી)નું લોકપ્રિય સ્થાન પચાવી પાડ્યું.

પહેલા વિશ્વયુદ્ધ બાદ હૉલૅન્ડમાંથી શૉર્ટનિંગ હિંદમાં સૌપ્રથમ આયાત થયું. લોકોને તે ખૂબ ગમ્યું. ઈ. ૧૯૨૮–૨૯માં એના અઠ્ઠાવીસ હજાર ટન વપરાશ થવાથી ઈ. ૧૯૩૦માં હિંદમા પહેલવહેલું તેલ થિજાવવાનું કારખાનું નંખાયું.

ઉત્પાદકોએ આ થિજાવેલા તેલને 'વનસ્પતિ' નામ આપ્યું, પણ તેનાં રૂપરંગ અને સોડમ ઘી જેવા હોઈ, ઘી તરફ ભક્તિભાવ ધરાવતી ભારતની ઘેલી પ્રજાએ તેને 'વેજટેબલ ઘી' તરીકે ઓળખવા માંડ્યું, તો ક્યાંક વળી તેના યથાર્થ સ્વરૂપને ઓળખાવનાર બનાવટી કે નકલી ઘી નામ પણ પડ્યા. શરૂઆતથી બજારમાં આવેલા ડાલડા નામના થિજાવેલા તેલની પરિચિતતાના કારણે આ પ્રકારનાં બીજાં ઘટ્ટ તેલો પણ મોટા ભાગે આજે ડાલડાને નામે જ ઓળખાય છે.

આ થિજાવેલું તેલ મગફળીના તેલમાંથી બનાવાય છે. કપાસિયાનું તેલ પણ થોડું વપરાય છે. થિજાવવામાં પ્રથમ તો તેલનો રંગ ઉડાડી દેવામાં આવે છે; સ્નેહામ્લો, ગુંદર ને કચરો સાફ કરવામાં આવે છે. આ છે તેલની શુદ્ધિકરણ (રીફાઇનિંગ)ની ક્રિયા. પછી આ તેલને નિકલ ધાતુના અત્યંત બારીક ભૂકાના કે કુંડલિત તારોના સંબંધમાં લાવવામાં આવે છે. આથી તેલમાં રાસાયનિક પરિવર્તન થાય છે. ત્યાર બાદ હાઈડ્રોજન વાયુ સાથે તેનો સંયોગ કરવામાં આવે છે, જેથી તેલનો તરલ ભાગ અર્ધઘટ્ટ પદાર્થ રૂપે બંધાય છે. આ ક્રિયા ૧૫૦ થી ૨૦૦ સેન્ટીગ્રેડ ગરમી ઉપર થાય છે. તેને ફરી ઠંડું પાડતાં તે સફેદ અને દાણાદાર બને છે. પછી તેના ઉપર પુષ્કળ ગરમ વરાળ છોડવામાં આવે છે, જેથી તેલનાં ગંધ અને સ્વાદ પણ દૂર થાય છે. એમાં સરકારી નિયમન મુજબ ગંધવિહીન તલનું તેલ, નકલી વિટામિન 'એ' અને વિટામિન 'ડી' ઉમેરવામાં આવે છે. છેવટે ઘીની આબાદ પ્રતિકૃતિ આણવા ઘીની નકલી સુગંધ પણ તેમાં ઉમેરાય છે. આમ 'વનસ્પાત' તૈયાર થાય છે.

થિજાવીને ઘી જેવા બનાવેલા આ 'વનસ્પતિ'માં નથી હોતા ઘીના વિશિષ્ટ ગુણ, કે નથી રહેતા તેમાં તેલના પણ ગુણ. તેલનાં મૂળ પોષણ-

૧૯૨૭માં પંજાબ રાજ્યના કેમિકલ ઍડવાઇઝરે 'વનસ્પતિ' હાનિકારક હોવાનો અભિપ્રાય આપ્યો.

મુંબાઈ રાજ્યની લૅબૉરેટરીના ડિરેક્ટર જનરલે તેનું વેચાણ બંધ કરવાની ભલામણ કરી.

ભારત સરકારના અન્નસચિવે 'વનસ્પતિ' ખાધેલા ઉંદરોને અંધાપો આવતો હોવાનું નિવેદન કર્યું.

મુંબાઇ હાફકીન ઈન્સ્ટીટ્યૂટના ડિરેક્ટરે એવા ઉંદરોનાં શરીરની વૃદ્ધિ અટકતી હોવાનું જણાવ્યું.

બરેલીની સરકારી પ્રયોગશાળામાં એવા ઉંદરોને પક્ષાઘાત, નપુંસકતા તથા મરણ આવ્યાં.

૧૯૪૭ના અન્ન-પ્રદર્શનમાં હિંદ સરકારે આ પરિણામો ચિત્રાંકિત કરી જનતા સમક્ષ મૂક્યાં.

૧૯૬૧માં લોકસભામાં આરોગ્ય પ્રધાને જણાવ્યું કે લાંબાગાળે એથી હૃદયરોગનો હુમલો થાય છે.

★

દ્રવ્યો એ ક્રિયાઓમાં નાશ પામે છે. વળી તે પચવામાં ભારે બને છે એ વધારામાં. થિજાવવાની ક્રિયામા અતૃપ્ત સ્નેહામ્લો બદલાઇને તૃપ્ત બને છે. આપણે આગળ જાણી ગયા છીએ કે વનસ્પતિ તેલોનું ખાસ પોષણમૂલ્ય અતૃપ્ત સ્નેહામ્લોને લીધે છે. તે થિજાવવાની ક્રિયામાં (વિખ્યાત બાયોકેમિસ્ટ શેરમાનના કથન મુજબ) તૃપ્ત બને છે. આમ વનસ્પતિ તેલોની સરખામણીમાં થિજાવેલું તેલ ઊતરતું છે. આ બાબતમા આચાર્ય પ્રફુલ્લચંદ્ર ઘોષ આવું લખે છે: 'ચરબી ઉપરાંત વનસ્પતિ તેલોમાં અર્ગોસ્ટેરોલ (વિટામિન 'ડી'નું પૂર્વરૂપ) અને ટોકોફેરોલ (વિટામિન 'ઇ'નું પૂર્વરૂપ) છે, પણ થિજાવવાની ક્રિયામા તે રૂપાંતરિત થવાથી વિટામિન 'ડી' અને 'ઇ' આવતા નથી.

વળી થિજાવેલા તેલનાં પાચન અને શોષણના ઊતરતાપણા વિષે મહીસૂરની ખેતીવાડી ખાતાના ડિરેક્ટર શ્રી એ. કે. યજ્ઞનારાયણ પણ આવું કહે છે: 'ઘી અને વનસ્પતિ તેલો કરતાં થિજાવેલા તેલો પાચન અને પોષણમા ઊતરતાં કહેવાય છે. ઘી તેલ અને થિજાવેલા તેલના પાચનના પ્રયોગોમાં જાણવામાં આવ્યું છે કે પચવામા ઘી મોખરે છે, તે પછી તેલો છે અને થિજાવેલા તેલનું સ્થાન છેલ્લું છે.'

આપણા શરીરની સામાન્ય કરતા ઓછી ગરમીએ પીગળનારી અતૃપ્ત પ્રવાહી ચરબી સહેલાઈથી પચે છે. અતૃપ્ત સ્નેહામ્લોના પ્રમાણમાં તેલ જલદી ઓગળી, પચી, લોહીમાં ભળે છે. શુદ્ધ ઘી, તલના તેલ અને સરસિયામાં પણ આ ગુણ છે. પણ વનસ્પતિ તેલને થિજાવવામાં અતૃપ્ત સ્નેહામ્લો તૃપ્ત બનતાં શરીરની ગરમી કરતા બહુ ઊંચી ગરમીએ તે પીગળી શકતું હોવાથી અપાચ્ય બને છે.

આમેય બધા પ્રકારનાં તેલોમાં મગફળીનું તેલ પચવામા મુશ્કેલ છે, કારણ એમાં ૭૮ અંશ સેન્ટિગ્રેડ ગરમીએ ઓગળતો હેક્ઝાકોસાનિક ઍસિડ છે. આવું તેલ જ્યારે થિજાવવામા આવે છે ત્યારે બાકીના અતૃપ્ત સ્નેહામ્લો તૃપ્ત બનવાથી તે વધારે અપાચ્ય બને છે. શિકાગોની

અમેરિકન ઑઈલ કેમિસ્ટ સોસાઍટીના સક્રિય સભ્ય બી. આંજનેયુલુ કહે છે: 'જમાવવાની અને ગંધ ઉડાડવાની ક્રિયામાં વનસ્પતિ તેલોનાં બધાં વિટામિનોનો નાશ થાય છે.' જોકે સરકારી નિયમન પ્રમાણે વનસ્પતિનું પોષણમૂલ્ય અંકાવવા માટે વિટામિન 'એ' ઉપરથી ઉમેરવામાં આવે છે, પણ હૉટસ્પ્રિંગ (વર્જિનિયા-અમેરિકા)ની ઈન્ટરનૅશનલ ફૂડ કૉન્ફરન્સના કથન મુજબ વિટામિનોનું ઉમેરણ આરોગ્યની દૃષ્ટિએ હાનિકારક છે.

થિજાવવાની ક્રિયામાં ઉત્પ્રેરક (કૅટેલિસ્ટ) તરીકે નિકલની જે બારીક ભૂકીનો ઉપયોગ થાય છે તેની પણ સૂક્ષ્મ માત્રા વનસ્પતિમાં આવવા સંભવ છે. નિકલ ભારે ધાતુ છે, અને ભારે ધાતુઓ થોડા પ્રમાણમાં પણ જો લાંબા વખત સુધી ખાવામાં આવે તો શરીરમાં થતો રહેતો એનો જમાવ લાંબા ગાળે સીસાના ઝેર જેવી જ અસર કરતો હોવાનું ધારવામાં આવે છે. વળી બ્લીચિંગ માટે વપરાતી ફૂલર્સ અર્થના કેટલાક કણો ગળણીમાંથી ગળાઈ 'વનસ્પતિ'માં આવવા સંભવ છે, જે માનવશરીર માટે ચોક્કસ હાનિકારક તો છે જ.

આમ હોવાથી શુદ્ધ તેલના ગુણોવિહીન અને પચવામાં ભારે એવું 'વનસ્પતિ' નુકસાનકારક હોવાનું લોકોનાં મનમાં વસ્યું. ૧૯૨૭માં પંજાબ રાજ્યના કેમિકલ ઍડવાઈઝર કૅપ્ટન ટૉમસે પ્રયોગોના આધારે 'વનસ્પતિ'નો આહાર હાનિકારક હોવાનો અભિપ્રાય દર્શાવ્યો. મુંબાઈ રાજ્યની બૅક્ટીરિયૉલૉજિકલ લૅબોરેટરીના ડિરેક્ટર કર્નલ મૅકકેએ થિજાવેલા તેલ ખાવાથી નાનાં અને મોટાંનું આરોગ્ય બગડવાનો મત આપ્યો અને તેનું વેચાણ બંધ કરવાની ભલામણ કરી. 'વનસ્પતિ' ખવડાવેલા ઉંદરોની ત્રીજી પેઢીએ અંધાપો આવતો હોવાના ભારત સરકારના અન્ન-સચિવ ડા. રાજેન્દ્રપ્રસાદના નિવેદન અંગે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતાં મુંબાઈની હાફકીન ઈન્સ્ટીટ્યૂટના ડિરેક્ટર સર સાહેબસિંગ સોખેએ કહ્યું કે ઉંદરો ઉપરના અખતરામાં થિજાવેલા તેલથી ઉંદરોમાં શરીરની વૃદ્ધિ અટકી, કૅલ્શ્યમનું અભિશોષણ મંદ પડ્યું ને શારીરિક બંધારણમાં ફેર પડ્યો. ઇજ્જતનગર (બરેલી)ની સરકારી પ્રયોગશાળામાં તા. ૧-૧૦-૪૫થી છ મહિના સુધી ચાલેલા પ્રયોગોનું પરિણામ ચોંકાવનારું નીવડ્યું; 'વનસ્પતિ' ખાધેલા ઉંદરોને પક્ષાઘાત, પેશાબની તકલીફ અને નપુંસકતા પ્રાપ્ત થયા બાદ મરણ આવી પડ્યું; જ્યારે શુદ્ધ ઘી ખાધેલા ઉંદરોને શારીરિક વૃદ્ધિ અને આરોગ્ય પ્રાપ્ત થયાં. આ પ્રયોગનાં વિનાશકારી પરિણામો જાહેર જનતાની જાણ ખાતર ચિત્રાંકિત કરી ઈ. ૧૯૪૭માં ભરાએલા અન્ન-પ્રદર્શનમાં હિંદ સરકારે ખુલ્લાં કર્યાં. ઈ. ૧૯૫૦માં મુંબાઈમાં ભરાએલી વનસ્પતિ-વિરોધી કૉન્ફરન્સના વરાએલા પ્રમુખ આચાર્ય પ્રફુલ્લચંદ્ર ઘોષે પોષણીય, નૈતિક અને અર્થશાસ્ત્રીય કારણોસર થિજાવેલા તેલનું ઉત્પાદન દેશના શ્રેષ્ઠ હિતમાં નહિ હોવાની વિગતો વૈજ્ઞાનિક ધોરણે રજૂ કરી, અને તેલો કરતાં તેમાંથી બનતું 'વનસ્પતિ' પોષણની દૃષ્ટિએ હલકું હોવાનો દૃઢ મત રજૂ કર્યો.

હલકા અને બનાવટી સિક્કાનો વધારો શ્રેષ્ઠ અને સાચા સિક્કાઓને બજારમાંથી હડસેલી મૂકે છે, એ અર્થશાસ્ત્રના જાણીતા સિદ્ધાંત અનુસાર ઈ. ૧૯૩૭થી દસ વર્ષની અંદર શુદ્ધ ઘીનું ઉત્પાદન અગાઉના કરતાં આ દેશમાં અરધું થઈ ગયું, જ્યારે 'વનસ્પતિ'નું પાંચ ગણું વધ્યું. માત્ર રૂપ અને રંગમાં ઘી જેવા દેખાતા આ નકલી ઘીનો વપરાશ ખૂબ વધ્યો. આની માઠી અસર પ્રજાના નૈતિક ધોરણ અને ગ્રામ-અર્થરચના ઉપર થયા વિના ન રહી, શુદ્ધ ઘીમાં નકલી ઘીની ભેળસેળ થવા માંડી; અને આજે તો એ સ્થિતિ આવી પડી છે કે બજારમાં શુદ્ધ ઘી મળવું દુર્લભ છે. 'વનસ્પતિ'નાં કારખાનાંની વધતી જતી સંખ્યાના ભાર નીચે દેશનું ગોધન (અને સાથે ભેંસો પણ) દિવસે દિવસે જાણે કે કચરાવા લાગ્યું. શુદ્ધ ઘીનું ઉત્પાદન ઘટવા માંડ્યું. ખેડૂતોના ઘીના વેચાણની ઊપજ કમી થઈ. સાથેસાથે ઘીની આડનિપજ છાશનું ઉત્પાદન પણ સાવ ઓછું થયું. દૂધ-ઘી જવલ્લે પામતા ગરીબો ને ખેતમજૂરો માટે મોટું પોષણમૂલ્ય ધરાવતો છાશનો મફત મળતો ખોરાક હવે તો તદ્દન છિનવાઈ ગયો છે. પ્રજાની શારીરિક અધોગતિનાં પગરણ આ બાબતમાં છે. ગ્રામપ્રજાની શારીરિક સુખાકારી અને આબાદીને દગો દેનાર 'વનસ્પતિ' સામે પુણ્યપ્રકોપ ઠાલવતાં રાષ્ટ્રપિતા ગાંધીજીએ લખ્યું કે 'હિંદુસ્તાનના કરોડો લોકોને નથી દૂધ મળતું, નથી ઘી કે માખણ મળતું; અરે છાશ પણ નથી મળતી. પરિણામ એ આવે છે કે પ્રજા મરે છે; નિસ્તેજ ને નિઃસત્ત્વ બને છે. તેથી લાગે છે કે મનુષ્યશરીરને માંસ અથવા દૂધ કે દૂધમાંથી બનતી વસ્તુઓ છાશ, ઘી માખણ વગેરેની જરૂર છે. આ બાબતમાં જે દગો દે છે, અથવા દગા સામે આંખ આડા કાન કરે છે, તે હિંદનો દુશ્મન છે.' (૩-૧૦-'૪૬)

વનસ્પતિનાં કારખાનાંને કાચો માલ પૂરો પાડવા ઠેર ઠેર તેલની મિલો નંખાઈ. આ કારણે ગામડે ગામડે પથરાએલી ઘાંચીની ઘાણીઓ નાબૂદ થતાં ગ્રામોદ્યોગ ઉપર જબ્બર ફટકો પડ્યો અને પ્રજાના નશીબમાંથી તાજું તલનું તેલ ખાવાનું ટળ્યું. રોકડ આવક આપતી મગફળીની ખેતી વધી અને તલનો પાક ઘટ્યો. આનો અંજામ એ આવ્યો કે અત્યારે બધા પ્રકારના તેલોમાં ઉત્તમ એવું ઘાણીનું તલનું તેલ મોઘું અને દુર્લભ બન્યું છે.

દેશની અર્થરચનામાં અવ્યવસ્થા આણનાર 'વનસ્પતિ'નાં નવાં કારખાનાં માટે પરદેશથી યંત્રો મંગાવવામાં ધન અને હૂંડિયામણનો દુર્વ્યય થતો ભાળી ઈ. ૧૯૪૯માં કૉંગ્રેસની વર્કિંગ કમિટી 'વનસ્પતિ' કારખાનાં માટે નવા પરવાના નહિ આપવાના ને યંત્રોની ખરીદી બંધ કરાવવાનાં પગલાં લેવાના નિર્ણય ઉપર આવી. સને ૧૯૫૦માં પંડિત ઠાકુરદાસ ભાર્ગવે હિંદની પાર્લમેન્ટમાં થિજાવેલા તલના ઉત્પાદન અને તેના વેચાણ ઉપર પ્રતિબંધક બિલ પેશ કર્યું. સરકાર જો 'વનસ્પતિ'નું ઉત્પાદન બંધ ન કરાવી શકે તો શુદ્ધ ઘીમાં ભેળસેળ થતી અટકાવવા માટે સરદાર સર દાતારસિંગે બે ઉપાય સૂચવ્યા: એક તો ઉત્પાદન વખતે જ વનસ્પતિમાં રંગ નાખવો, અને બીજું તેમાં દસ ટકા પ્રમાણમાં તલનું તેલ ઉમેરવું જેથી ભેળસેળ તરત પકડાઈ જાય.

પ્રજાના આ બધા ઊહાપોહને સરકારે મચક ન આપી. આથી અકળાઈને જે.સી. કુમારપ્પાએ લખ્યું કે વૈજ્ઞાનિક અખતરાઓનાં પરિણામો જાણવા બાદ પ્રજાનું હિત ધરાવનારી કોઈ પણ સરકારે દેશમાંથી 'વનસ્પતિ'ને દેશવટો આપ્યો હોત અને તેના ઉત્પાદકોને અસામાજિક તત્ત્વો ગણી કેદ ભેગા કર્યા હોત. હા, હિંદ સરકારે આટલું કર્યું કે ભેળસેળ પકડવા માટે 'વનસ્પતિ'માં મૂળ તેલના પાંચ ટકા ઉમેરવાનો અને 'વનસ્પતિ'ને રંગ આપવાનો સિદ્ધાંત સ્વીકાર્યો. વિજ્ઞાનીઓનો અભિપ્રાય દસ ટકા તલનું તેલ ઉમેરવાનો હોવા છતાં ય સરકારી નિયમન મુજબ અત્યારે વનસ્પતિમાં પાંચ ટકા તલનું તેલ ભેળવાય છે, અને ગ્રામ દીઠ ૨૫ ઈન્ટરનૅશનલ યુનિટ વિટામિન 'એ' અને ૨ ઈ.યુ. વિટામિન 'ડી' ઉમેરવામાં આવે છે. આ વિટામિનો પ્રાણિજ નહિ પણ બનાવટી હોય છે અને 'વનસ્પતિ'માં નાખવાનો રંગ તો હજી સુધી મળી આવ્યો નથી.

રૂપ, રંગ અને પોતમાં ઘીની નકલ જેવું થિજાવેલું તેલ કોઈ રીતે માર્ગેરીનની સરખામણીમાં આવી શકતું નથી. માર્ગેરીન તો પ્રાણિજ ચરબી અને વનસ્પતિ તેલોના મિશ્રણને દૂધ સાથે વલોવી, બરફમાં

ઠારીને બનાવાય છે. પ્રાણિજ ચરબીયુક્ત એવું માર્ગેરીન યુરોપ અને અમેરિકામાં પુષ્કળ ખવાય છે, અને ત્યાંના લોકો માંસાહારી હોઈ તેમને આહારમાંથી પણ વિવિધ રૂપે પ્રાણિજ ચરબી મળી રહે છે. પરંતુ આપણા દેશના વનસ્પત્યાહારી લોકોને જો એકલા થિજાવેલા તેલમાંથી જ ચરબી પામવાની હોય તો પછી તેમને મુદ્દલે ય પ્રાણિજ ચરબી મળતી નથી એ હકીકત છે.


'વનસ્પતિ' આરોગ્ય માટે નુકસાનકારક હોવાના ઈજ્જતનગરના પ્રયોગો વિષે આપણે આગળ જોઇ ગયા. આ બધી શંકાઓના નિવારણ માટે હિંદ સરકારે ઈ. સ. ૧૯૪૭માં વ્યાપક તપાસ આદરી. ત્રણ વર્ષ પર્યંત ચાલેલી આ તપાસના અંતે જાહેર થયું કે 'વનસ્પતિ' આરોગ્ય માટે નુકસાનકારક નથી.

હશે; પણ લખનૌના લેફ્૦ કર્નલ એ. કે વસુના ખાદ્ય ચરબીના પ્રયોગોનું ઈ. ૧૯૬૦માં પ્રગટ થએલું તારણ કંઈક જુદું જ કહી જાય છે. ૪૮ અઠવાડિયાં સુધી મરઘાંને રાંધવામાં વપરાતી જુદીજુદી જાતની ચરબી—જેવી કે તલ ને મગફળીનાં તેલ, સરસિયું, કોપરેલ, ગાય ને ભેંશનાં ઘી અને 'વનસ્પતિ' શરીરના વજનના પાંચ ટકા લેખે બીજા આહાર સાથે ખવડાવી. એ પછી કરેલા શબછેદન-નિરીક્ષણમાં માલૂમ પડયું કે વનસ્પતિ ખાધેલાં આઠ મરઘાંમાંથી સાતની શુક્રગ્રંથીઓ (testes)નું ગાત્રશોષણ (એટ્રોપી) થયું હતું અને તેમાં શુક્રાણુઓ થોડા કે બિલકુલે ન હતા. વનસ્પતિ તેલો ને ઘી ખાનારાં મરઘાંઓમાં આવા ફેરફારો થયા ન હતા. નથી લાગતું કે ઈ. ૧૯૪૩ના ઇજ્જતનગરના નપુંસકતા દર્શાવતા પ્રયોગોને આનાથી સમર્થન મળે છે?

ન્યૂ ટ્રીશન રીસર્ચ લૅબોરેટરીઝ (પોષણ-સંશોધન પ્રયોગશાળા)ના પ્રયોગોના આધારે લોકસભામાં આરોગ્યપ્રધાન ડી. પી. કરમારકરે સરકારનો નિર્ણય ૧૯૬૧માં પ્રગટ કર્યો હતો કે આહારના કુલ ઉષ્ણાંકોના ૪૦ ટકા જેટલી ગરમી 'વનસ્પતિ' આહારમાંથી રોજ મેળવાય તો લોહીમાં કોલેસ્ટેરોલનું પ્રમાણ ખૂબ વધે છે. આવું થવાથી લાંબાગાળેલોહીનીનળીઓનીકઠણાઈ(એથેરોસ્ક્લેરોસિસ)ની સ્થિતિ ઊભી થાય છે, જેના કારણે અકાળ અને આકસ્મિક મરણ આણનાર કૉરોનરી થ્રૉમ્બૉસિસ (હૃદયરોગનો હુમલો) અને સ્ટ્રોક (મગજમાં લોહીની નસ તૂટવા)ની દશા પ્રાપ્ત થાય છે. ઉપલા પ્રયોગોનો બીજો નિર્ણય એ છે કે જો થિજાવેલા તેલના પ્રમાણના ૨૦ થી ૩૦ ટકા જેટલું શુદ્ધ તેલ ખાવામાં આવે તો લોહીમાં કોલેસ્ટેરોલનું પ્રમાણ ઓછુંરહે છે. ટૂંકામાં 'વનસ્પતિ'થી કોલેસ્ટેરોલનું પ્રમાણ વધે છે અને કોપરેલ સિવાયનાં વનસ્પતિ તેલોથી તેનું પ્રમાણ ઘટે છે.

ઉપરની બાબતો સમગ્રપણે વિચારતાં ચોક્કસ થાય છે કે 'વનસ્પતિ' ભલે આરોગ્યને નુકસાનકર્તા ન હોય, પણ વનસ્પતિ તેલો કરતાં પોષણમાં તો તે ઊતરતું છે જ.

થિજાવેલાં તેલ કરતાં વનસ્પતિ તેલો સસ્તાં હોવા છતાં પણ એમના કરતાં મોંઘા થિજાવેલા તેલનો ઉપાડ વધતો જાય છે એ પણ એક હકીકત છે. ઈ. ૧૯૫૧થી દસ વર્ષની અંદર થિજાવેલા તેલનું ઉત્પાદન દોઢ લાખ (૧,૫૦,૦૦૦) ટનથી વધી આશરે સાડા ત્રણ લાખ (૩,૩૮,૦૦૦) ટન થયું છે. થિજાવેલા તેલના આવા વધતા વપરાશનું આગળપડતું કારણ એનો ઘીનો નકલી સ્વાંગ છે. શુદ્ધ ઘીની અછત અને ઊંચા ભાવને કારણે લોકો બનાવટી ઘી ખાવા આકર્ષાયા છે. આથી ઘીની શુદ્ધતા, પ્રતિષ્ઠા અને મૂલ્ય બાજુએ હડસેલાઈ ગયાં છે. શ્રી વિનોબા ભાવે શંકા વ્યક્ત કરે છે કે 'એક વખત એવો આવશે કે લોકોને શુદ્ધ ઘીનો સ્વાદ નવાઈભર્યો જણાશે.'



ઈ. ૧૯૪૫માં હાફકીન ઈન્સ્ટીટયૂટે છ માસ સુધી ઉંદરો પર કરેલા અખતરામાં વનસ્પતિ ઘીનું જે નુકસાનકારક પરિણામ જોવા મળ્યું તે જાહેર જનતાની જાણ માટે ઉપર પ્રમાણે ચિત્રાંકિત કરીને ૧૯૪૭માં અન્ન-પ્રદર્શનમાં હિંદ સરકારે રજૂ કરેલું.


તેલ કરતાં આપણે થિજાવેલા તેલ ભણી વધારે ઢળીએ છીએ. ખાવાના પદાર્થોની પસંદગીમાં વિવેક જાળવવો ઘણો જરૂરી છે; પણ શ્રી વિનોબા ભાવે કહે છે તેમ આપણામાં 'ગેલી ઇયળ જેટલી પણ અક્કલ નથી. કોઈ પણ ખોરાકમાં ઈયળ શા માટે બેસે છે એ વિચારવું જોઇએ. હાથે છડેલા ચોખ મા બીજા ચોખા કરતાં વધારે પોષણ આપનારાં તત્ત્વો છે, એટલે એ પોષણ લેવા ગમે ત્યાંથી ઈયળ તેમાં આવી જાય છે. જ્યારે આપણે તો એ પોષણનો જ વિચાર કરતા નથી, અને જ્યાં ઈયળ પણ જતી નથી એવા, મશીનથી સાફ કરેલા, પોષણ વગરના ખોરાક તરફ આપણું મન વળે છે. આ કેવી કમનસીબી છે!' આ ઉલ્લેખ સંચામાં છડાવેલા ચોખાના સંબંધમાં છે, પણ કારખાનાંમાં બનેલા થિજાવેલા તેલના વપરાશને પણ તે એટલો જ લાગુ પડે છે. (અનુ. પૃ ૨૯૭મે)

કલાવંતો

વ્યંગચિત્રકાર
ઈન્દ્રદેવ આચાર્ય

મુલાકાતી પરિચય : જયંતી પટેલ

સવાર પડે કે તરત ચા ને છાપું જોઇએ એવી આદત તો સમજી શકાય, પણ છાપું હાથમાં આવતાં જ સમાચારની યે પરવા કર્યા વગર 'આજનું કાર્ટૂન શું છે?' એ જોવાની તાલાવેલી લાગે એ નવાઈ જ ગણાય. અનેક ગુજરાતીઓને આવી તાલાવેલી લગાડનાર 'જનસત્તા'–'લોકસત્તા' દૈનિકોમાં તંત્રીલેખના પાના ઉપર આવતી 'આચાર્યની આજકાલ' નામક દૈનિક 'ચિત્રવિનોદિકા'ના સર્જક ઈન્દ્રદેવ આચાર્યની સચોટ, મર્માળી ને પ્રબોધક આનંદગંગાએ આપણા વ્યંગચિત્ર સાહિત્યમાં નોંધપાત્ર ઉમેરો કર્યો છે. તાજેતરમાં એમાંનાં



'ચકોરે' આલેખેલું આચાર્યનું કૅરિકેચર

લગભગ પોણા બસ્સો કાર્ટૂનોના પ્રકટ થએલા સંગ્રહ (આચાર્યની આજકાલ, લોકભારતી પ્રકાશન લિ. ગાંધીરોડ અમદાવાદ રૂ. ૧-૨૫)-ની પ્રસ્તાવનામાં શ્રી કલાગુરુ રવિશંકર રાવળે એમની કળા વિષે યથાર્થ કહ્યું છે કે :

"જાદુગરની માફક હવામાંથી તેમને વિષય હાથ લાગે છે, અને પછી તો તેમના હાથમાં રમતાં સ્ત્રી પુરુષો, શેઠશેઠાણીઓ, નેતાઓ, અધિકારીઓ આદિ સમાજનાં પાત્રો જ કામ ઉપાડી લે છે. એક વાર ચિત્રનું વસ્તુ હાથ લાગ્યું, પછી આચાર્યની કલમ કાગળ ઉપર સાદી રેખાઓમાં તરતી ચાલે છે અને કોઈ જાતની કરામત કે કારીગરીનું નખરૂં કર્યા વિના જ જેવી ને તેવી સ્પષ્ટ આકૃતિઓ ઉતારે છે.

ટમાટાં કે ગાજર જેવાં નાક, ફાટેલાં ડાચાં, કોઠી જેવાં બદનો, વિચિત્ર ઢંગવાળા પોશાકો અને મર્માળા હાવભાવો, બધાંમાં એક જાતનું લૈંઘાપણું રજૂ થાય છે. વિચારોનાં હાસ્યજનક પરિણામ અને પ્રસંગો તથા કાર્યોની વિચિત્રતામાં મૂર્ખાઇ કે બોથડપણું પ્રકટીકરણ પામે છે. સમાજની નેતાગીરી કરનારા આપડાહ્યાઓ ને પદવીધારીઓના દંભો, દંપતીઓના વિચિત્ર ઝગડાઓ, ઋતુઓની મૂંઝવણો, જાહેર બાંધકામો, વ્યાખ્યાતાઓ, કોઈ જ એમની નિશાનબાજીમાંથી છટકી શક્યું નથી. સત્કામોના ધખારા, યોજનાઓના ગબારા, રાજકારણની રંગતો, સંસ્કારની બનાવટો, અમદાવાદી સલુકાઈ, ઘરસંસારનાં ધમસાણો વગેરે માનવજીવનના ખૂણેખૂણાનાં દશ્યોમાંથી તેમની ચબરાક નજર ચિત્રોનો 'ટેબ્લૉ' પકડી લે છે, ને માનવીની મામૂલી જીવનલીલામાંથી ખરી વાત ઉઘાડી પાડી દે છે.

આચાર્યની સરળચિત્રશૈલીમાં પણ પાત્રોનું વૈવિધ્ય અને ભાવમુદ્રા સચોટ અને સ્પષ્ટ થયાં છે. કોઈ વક્તાની મૂર્ખાઈભરી ગંભીરતા તો કોઈ શેઠાણીની બળતરાભરી ત્રાડ, ખુશ થએલા પતિનું ફાટેલું ડાચું કે ડોળા ફાડતો ગુંડો, ટેલીફોન પર ચાળા કરતાં સ્ત્રીપુરુષો, ગભરાએલો મુસાફર, એ સર્વ તેમના સ્થાને બંધબેસતી પણ સંસ્કૃતિની વિકૃત આકૃતિઓ છે અને ચિત્રો જોનાર પોતે એવું ન કરી બેસે તે માટે સાવચેત બનવા મૂંગી સલાહ પણ આપે છે."

કલમના થોડાક જ લસરકાથી આચાર્ય આપણી માનસિકસૃષ્ટિમાં આનંદની લહરીઓ ફરફરતી કરે છે. સર્જનજૂની માનવ નબળાઇઓ અને બેવકૂફીને દિનપ્રતિદિન આકાર આપતાં આચાર્યનાં વ્યંગચિત્રોમાં રહેલી સૂક્ષ્મ ચિંતનની ઝલક પામનારને, એ માનવક્ષતિઓ પ્રત્યેની અનુકંપાશીલ સહાનુભૂતિનાં



ગુજરાતના પ્રથિતયશ પ્રકૃતિવિદ્ શ્રી હરિનારાયણ આચાર્યના પિતરાઇ ગાયત્રીપ્રસાદ આચાર્યના એ વચલા પુત્ર. જન્મ ઊંઝામાં ઈ. ૧૯૨૬ની ૧૧મી નવેમ્બર. અભ્યાસ અને ઉછેર અમદાવાદમાં. ચિત્રો કરવાની ઊર્મિ પ્રથમથી જ, એટલે નાનપણમાં ઘરની ભીંતો અને શાળા–કૉલેજમાં નોટો તથા ચોપડીઓ ચીતરામણથી ભરી દેતા. અભ્યાસના એ કાળમાં જ શ્રી રવિશંકર રાવળના કલાસંઘમાં ચીતરવાનો મહાવરો પાડ્યો. ૧૯૪૭માં અર્થશાસ્ત્રમાં ઑનર્સ સાથે બી.એ. થયા અને મુંબાઇ સ્કૂલ ઑવ ઈકૉનૉમિક્સમાં સંશોધનકાર્ય કર્યું. ૧૯૫૩માં 'ઈકૉનૉમિક્સ ઑવ મિનિમમ વેઇજિઝ' વિષય પર મહાનિબંધ લખી પી. એચ. ડી. થયા અને આર્થિક સર્વે તથા સંશોધનનાં ક્ષેત્રોમાં વિવિધ કાર્યો કર્યાં : દારૂબંધી તપાસ-સમિતિ પર તેમ જ સૌરાષ્ટ્રની આર્થિક મોજણીમાં. તે પછી 'ઈન્ડિયન સોસાઍટી ઑવ ઍગ્રીકલ્ચરલ ઈકૉનૉમિક્સ'ના આશ્રયે મહેસાણા જિલ્લાની આર્થિક તપાસમાં દોઢ વર્ષના પરિશ્રમે જે તલસ્પર્શી અહેવાલ તૈયાર કર્યો તેની બરોબરીનું કામ (માત્ર બૂલેલની તપાસ સિવાય) ગુજરાતમાં કદી થયું નથી. આવી તેજસ્વી કારકિર્દીવાળા તરુણની કદર પરદેશી કંપનીઓ જ કરે; અને પરિણામે આજે તેઓ મુંબાઇમાં જગતની એક સમૃદ્ધ તેલકંપનીના આર્થિક પ્રશ્નોના સલાહકારના ઊંચા હોદ્દા પર કામ કરે છે.



જુઓ ! નહાવા તો જાઓ છો, પણ આજે એક પણ ફિલ્મી ગીત ગાવાનું નથી, સમજ્યા ? હા ! જો ન રહેવાય તો નરસિંહ કે મીરાંનું ભજન ગાજો...



એટલે ? તમારા મનમાં છે શું ? પહેલાં પૂછ્યું દીકરી છે ? હા કહી એટલે નામ પૂછ્યું, પછી ઉંમર પૂછી, ને હવે પૂછો છો 'પરણેલી છે કે કુંવારી...?'



આ વખતે તો મંડળે બહેનોની તબિયત ધ્યાનમાં લઇ ગરબાની રેકર્ડ વગાડવાનું, ને બેઠાંબેઠાં જ તાલીઓ પાડવાનું નક્કી કર્યું છે; આવજો ને...

જ દર્શન થશે. સુંદરતાનો સ્વાંગ સજીને આવતી કુરૂપતાને, શિષ્ટતાના આવરણ હેઠળ મહાલતી મલિનતાને, સાધુતાનો અંચળો ઓઢી સમાજમાં ફરતી દુષ્ટતાને આચાર્યની પીંછી સત્ય સ્વરૂપમાં ઉઘાડી પાડી દે છે. એમનાં વ્યંગચિત્રો સમાજમાં સાર્વત્રિક પ્રવૃત્તિમાં પ્રવેશેલાં દર્દની ચિકિત્સા કરી આપણને આપણી માનસિક તંદુરસ્તી બક્ષે છે. સંગીતની પરિભાષામાં કહીએ તો સૂર માટે કાન તો સૌ પાસે હોય છે, પણ સૂરને સ્વરમાં બાંધીને ગાવાની બક્ષિશ તો થોડાને જ વરેલી હોય છે. ગુજરાતમાં આવાં વ્યંગચિત્રોના ઉસ્તાદ ગાયકોની સંખ્યા ઠીકઠીક પ્રમાણમાં છે. એ સૌની ગાયકીમાં સૌની આગવી વિશિષ્ટતા રહેલી છે. અને એ વિશિષ્ટતાઓ જેવીતેવી નથી. 'ચકોર'ના કટાક્ષો જેમ ડેવિડ લોનું, 'ચન્દ્ર'ની કૃતિઓ વિકીનું તેમ આચાર્યની કૃતિઓ અમેરિકાના સમર્થ કલમબાજ સ્વ. થર્બરનું સ્મરણ કરાવે છે.



ત્રીજી કોઠી · નવી રોશની

એમનું પૂરું નામ છે ઈન્દ્રદેવ ગાયત્રીપ્રસાદ આચાર્ય. નામ ઈન્દ્રદેવ છે પણ એ પૂરેપૂરા ધરતીના વાસી છે એ તો એમનાં ચિત્રો જોતાં જ પ્રતીત થાય છે. એમનાં પાત્રોને ગુજરાતની પોળોમાં, દુકાનોના ગાદી-તકિયા ઉપર, કોર્ટકચેરીઓમાં, મંદિરોમાં કે ઘરોમાં જોતાં વહેમ આવી જાય કે આચાર્યનાં પાત્રો જોઇને તો ઈશ્વરે આ માણસજાતનું સર્જન નહિ કર્યું હોય ને?

બાકી આચાર્યનું સર્જન ઈશ્વરે ઈ. ૧૯૨૬માં કર્યું છે. અને વ્યંગચિત્રકાર તરીકે તેમનો જન્મ ઈ. ૧૯૬૦માં થયો. તેઓ આમ તો ઉત્તર ગુજરાતના ઊંઝા ગામના વતની અને અમદાવાદમાં ઊછર્યા, પણ હાલમાં મુંબઈમાં અંધેરીનગરીમાં રહે છે. ઉપનગર અંધેરીમાં હું એમની મુલાકાતે ગયો ત્યારે ઈન્દ્રના વજ્રને બદલે ત્યાં એક જૂની તલવાર લટકતી હતી. તેની સામે એક ભયભરી નજર નાખી મેં મુલાકાત લેવી શરૂ કરી:

'વ્યંગચિત્ર એ જ તમારો વ્યવસાય છે?'

'ના જી, મારો વ્યવસાય તો બીજો છે. એમાંથી નવરાશને સમયે હું વ્યંગચિત્રો દોરું છું.'

'ત્યારે તમારો વ્યવસાય શો?'

'એક જાણીતી તેલની કંપનીમાં આર્થિક-વ્યાપારિક પ્રશ્નોને લગતું કામ સંભાળું છું.'

આ વાત મને કાંઈ બરાબર જચી નહિ. એક ગુજરાતી, ને તેમાં યે અમદાવાદી માણસ કેવળ બીજાને હસાવવા માટે જ આટલી તસ્દી લે એ કંઈ ગળે ઊતરે એવી વાત નહિ; એટલે મેં એમને પૂછ્યું: 'બીજાને હસાવવા ખાતર જ તમારા જેવા ઊંચી પાયરીના ગૃહસ્થ આટલી બધી કડાકૂટ કરે એની પાછળ કાંઈ...'

'કાંઈ જ ઉદ્દેશ નથી—માત્ર લોકોને હસાવવા સિવાય.'

'પણ એમાં લાભ શો?'

'મને જે આનંદ મળે છે તે.'

'પૈસા મેળવવા કંઇક કરો તે સમજાય એવું છે, પણ આ આનંદ મેળવવા માટે... ?'

'આનંદની ખૂબી જ એ છે કે બીજાને આનંદ આપો તો જ તમને આનંદ મળે. પૈસા મેળવવા મુશ્કેલ છે, પણ આનંદ મેળવવો તો એના કરતાં પણ મુશ્કેલ છે. અને પૈસા મેળવ્યા પછી પણ આનંદ મેળવવા તો ફાંફાં મારવાનાં જ રહે છે.'

'આજકાલનાં સમાજમાં વ્યંગચિત્રોનું સ્થાન તમને કેમ લાગે છે?'

'વ્યંગચિત્રોની અગત્ય કે શક્તિ ન હોત તો તે આટલાં લોકપ્રિય થાત જ નહિ. બુદ્ધિપ્રધાન સમાજરચનામાં સમાજ-સ્વાસ્થ્યની રખેવાળી માટે વ્યંગચિત્ર એ એક સબળ સાધન ગણાવું જોઇએ.'

એમની ઘસાઈ ગએલી તલવાર સામે જોતાં મેં એમને પૂછ્યું, 'તમે એમ માનો છો કે આ તલવારનું સ્થાન પીંછી લઈ શકશે?'

'હા જી, અને તે પણ અહિંસક રીતે તેમ જ તમને હસાવતાં હસાવતાં.'

'તમે રાજકારણ, યૂનો, ઍટમબૉમ્બ, લાઓસ, કૉંગો, અલ્જીરિયા એવા બધા વિષયો



ના, ના. આ વખતે તો અમારે બધા જ દીવાળી અંકો આવ્યા છે, સમજ્યાં. હવે તો 'એ' મોટીપોરટ ઑફિસમાં કામ કરે છેને ?...



કાંઈ ચિંતા જેવું નથી. આરામ કરવા દો, ને એ સાજા થઇ જાય એટલામાં તમે એક કામ કરો... માણસ પચાવી શકે તેવી રસોઇ કરતાં શીખી લો.



નહિ, એ તો 'ટ્રિક' હતી. જરા ઘર સાફસુફ થાય, ને રસોઇ સારી ખાવાની મળે તે હિસાબે મેં ગપ મારેલી કે 'આજ જમાઇ જમવા આવવાના છે.'

ઉપર શા માટે કાર્ટૂનો દોરતા નથી?'

'એ બધા પ્રશ્નાંનો પણ ખરેખર ગંભીર છે, પણ છતાં સામાન્ય માણસને તો નળમાં પાણી ન આવતું હોય, પડોશીનો રેડિયો પજવતો હોય, પત્નીની ખિદમત ઉઠાવવાની હોય... એ બધા પ્રશ્નો વિશ્વશાંતિના પ્રશ્નો કરતાં ય વધારે ગંભીર લાગે છે; અને ખરી મઝા તો એ છે કે એમાં કોઈની લવાદીની જરૂર નથી હોતી.'

'ફક્ત વ્યંગચિત્રોનું કામ આજીવિકાનું સાધન બની શકે ખરું?'

'ગુજરાતમાં એ જરા કઠણ કહેવાય; બાકી પરદેશમાં તો કાર્ટૂનિસ્ટો અને એમનાં ચિત્રો વેચનારા એમાંથી ધૂમ કમાણી કરે છે.'


જમણી બાજુ: 'અફવાનું સ્વરૂપ'–અફવા કઈ રીતે ફેલાય છે તે દર્શાવતા આ સચોટ આલેખનની બીજી ગુણવત્તા એ છે કે એમાં વિવિધ પાત્રોની લાક્ષણિક મુદ્રાઓ ઉતારી છે. નીચે: કાર્ટૂનમાં ભાવચિત્રો–આચાર્યનું એક નવું નિદર્શન: અનુક્રમે–'શકા' 'વિજ્ઞાનની પ્રગતિ', 'મૂઝવણ' અને 'આધુનિક તરાપો'.







આ છોકરાંના બાપુજીનો ધંધો ? એ તો છે ને. તે છે કુટુંબનિયોજન ઝુંબેશના મોટા પ્રચારક.



ના... નવી છત્રીનો ખરચ કરવાની કૈં જરૂર ? મારી એક કાળી સાડી છે એમાંથી જ આને કપડું લગાવી દો ને... સાડી હું નવી લાવીશ.



હે દયાળુ મહાત્મા ! મારા એક સવાલનો જવાબ આપવા કૃપા કરો તો હું જીવનભર તમારી ઋણી રહીશ. વાળ વધારવા આપ કયું તેલ વાપરો છો ?

'તો પછી આપણા વ્યંગ ચિત્રકારો આજીવિકા શી રીતે કાઢતા હશે?'

'એમાંના ઘણાખરા તો ક્રિકેટમાં આપણે જેને ઑલ રાઉન્ડર કહીએ છીએ તેવા છે; ચિત્રકલાના કોઇ પણ ક્ષેત્રમાં ઊભા રહી શકે તેવા શક્તિશાળી છે.'

'એટલે એમ કે સારું ચીતરતાં આવડે તો જ કાર્ટૂનિસ્ટ થઇ શકાય?'

'એમ પણ નહિ.'

'તો કાર્ટૂનિસ્ટ થવા માટે શું હોવું જોઇએ?'.

'દૃષ્ટિ—હળવી રીતે જોવાની અને હસી-હસાવી શકવાની દૃષ્ટિ.'

'તમને દરરોજ આવા નવાનવા વિચારો ક્યાંથી આવે છે?'



પોતે આલેખેલું પોતાનું વ્યંગચિત્ર

'આજુબાજુમાંથી...સાંભળેલા, વાંચેલા, જોએલા પ્રસંગોમાંથી, સમાચારોમાંથી અન્ય કાર્ટૂનોમાંથી અને કાર્ટૂન જેવાં માણસોમાંથી. આંખ અને કાન ખુલ્લા રાખવાથી આવા વિચારો તો ઉભરાઈ ચાલે છે.'

'પણ આખો દિવસ આવું આંકડાઓનું કડાકુટિયું કામ કરો છો તો પછી આ વિચારોને ચિત્રોમાં ક્યારે ઉતારો છો?'

'વિચાર આવતાં જ હું એ ટપકાવી લઉં છું. પછી ઑફિસેથી છૂટ્યા પછી તેના સ્કેચ ગોઠવી લઉં છું અને રવિવારે શાહીથી એ બધાં ચિત્રો પૂરાં કરું છું.'

'છાપાની નીતિ પ્રમાણે જ તમારે ચિત્રો દોરવાં પડે એવું ખરું?'

'ના; સામાન્ય રીતે એવી પ્રણાલિ હોય છે ખરી, પણ મારા માટે એવો કોઇ નિયમ તંત્રીએ રાખ્યો નથી. ગુજરાતી પત્રકારત્વમાં આ એક નોંધવા લાયક હકીકત છે.'

'આવી દૈનિક કટારો દૂર બેઠાં ચલાવવી મુશ્કેલ તો હશે.'

'પરદેશમાં તો એ લોકો બાર મહિનાનું પ્લાનિંગ કરે છે. એમાં જે દિવસે એ પ્રસંગનું મહત્ત્વ હોય તે જ દિવસે તેનું કાર્ટૂન આવે. આપણે ત્યાં હવે એ બધું ધીમે ધીમે બનતું આવે છે. હું પણ આવી યોજનાપૂર્વક અઠવાડિયાનાં ચિત્રો સામટાં જ મોકલી દઉં છું.'

'તમારા વ્યસાયને લઇને કોઈક વખત ચિત્રો દોરી ન શકાય તો?'

'સંકટ સમયે સાંકળ ખેંચવા હું મારો સંગ્રહ તૈયાર જ રાખું છું.'


'તમારો અનુભવ શું કહે છે?–વ્યંગચિત્રની લોકો ઉપર શી અસર પડે છે?'

'જીવનનાં દુ:ખો વધુ સહ્ય બને છે; બીજાની મુસિબતો સમજવા પ્રત્યેનો સમભાવ કેળવાય છે. સામાન્ય જીવનમાં ત્રાસરૂપ અને બોજારૂપ પાત્રો જોડે માયામેળ બંધાય છે.... અરે, પણ તમે કેમ ઊઠ્યા?'

'ઊઠું નહિ તો શું કરું? તમે તો આ તમારી તલવાર કાઢી!'

'અરે! એ તો પેન્સિલ છોલવા માટે જ છે. આઝાદીમાં દેશી રાજાઓનું વિલીનીકરણ થયું ત્યારે આ તલવાર હું મારી લાવેલો. તમે નાસો નહિ; આ પેન્સિલ ગભરાતી નથી અને તમે ગભરાઈ ગયા?'

આને હસતાં હસતાં હું એમના ઘરનાં પગથિયાં ઊતરતો હતો ત્યારે એક જ વાતનો મને આનંદ હતો કે આ દેશમાં આપણે ગૌરવની વાતો ઘણી કરી—એટલી બધી વાત કરી કે એ ગૌરવ હવે હાસ્યાસ્પદ બનતું જાય છે. હવે તો આપણે એ શોધવાની જરૂર છે કે ગૌરવ શામાં લેવા જેવું નથી. અને એવું શોધનાર તથા બતાવનાર વ્યંગ ચિત્રકારોની ટોળી વધતી જાય છે એ આનંદનો વિષય છે.





અરે, શાંતિકાકા ! તમારો રેડિયો જરા બંધ કરો-ને! મારા ઍટમબૉમ્બનો અવાજ સંભળાતો નથી.



પણ... આના કરતાં બીડી સળગાવવા એક દીવા-સળી વાપરશો તો દેવાળું નહિ નીકળે, સમજ્યા...?



બધા કારકુનો વતી સહર્ષ આ પંખો હું પાછો આપું છું; કેમકે બધાની વચ્ચે એક પંખાની માગણી કરેલી તે તો વીજળીના પંખાની; આની નહિ.



શું ? આમ દબાવીશ એટલે શાહી નીકળશે ?



ઓહ! હવે દેખાયું... નાસ્તો નહિ નાસ્તાની ચમચી જ અટકી રહી છે.



હું કહેતો'તો તે ખરું પડ્યું ને ? કે ટિકિટ લેવા લાઈનમાં ઊભા રહીએ ને જે ટાઇમ જાય તેના કરતાં ચાલવા માંડીએ તો વહેલા પહોંચી જવાય ?



'જિસ દેશમેં ગંગા બહતી હય...'



નહિ સાહેબ, મને ચોક્કસ ખબર છે કે યોજનામાં રેલવે લાઇન નાખવાનું જ છે, ઝાડ કાપવાનું નહિ.



યોજના મુજબ પૂલ જલદી પૂરો કરવા બંને બાજુથી ધમધોકાર કામ શરૂ કર્યું, પણ પૂલ પૂરો થઈ જવા આવ્યો ત્યારે ભૂલની ખબર પડી.




‘કોમનવેલ્થ ટુડે’ નામે અનિયતકાલિકના તાજેતરમાં બહાર પડેલા ૯૨મા અંકના પૂંઠા ઉપર રજૂ થયેલી આ ટિકિટોની સંખ્યા રાષ્ટ્રસમૂહની વિપુલતા ને વિશાળતા અંગે દર્શાવી રહે છે.


MAURITIUS
GRENADA WEST INDIES
8c
POSTAL CENTENARY
1½d
1609
BERMUDA
GILBERT & ELLICE ISLANDS
BRUNEI
8c
FALKLAND ISLANDS DEPENDENCIES
½D
30 SEN
30 CENTS
PERSEKUTUAN TANAH MELAYU
4 CENTS
BARBADOS
NORTHERN RHODESIA
2d
15 CENTS
SEYCHELLES
10
NATIONAL DAY
10
STATE OF SINGAPORE
$1
HONG KONG
ER
1911
1961
6d
SWAZILAND
10
ZANZIBAR
NORTH BORNEO
10 CENTS
VIRGIN ISLANDS
5c
ST. URSULA
LEEWARD ISLANDS
POSTAGE
REVENUE
8c
ST. VINCENT
TWO CENTS
BRITISH GUIANA
$1
POSTAGE & REVENUE
$1
ANTIGUA
5
5
4½d
ST HELENA
POSTAGE & REVENUE
4d
SOUTHERN RHODESIA
2d
BASUTOLAND
ADEN
35
BAHAMAS
3d
3d
6
SARAWAK
BRITISH HONDURAS
25



કલકત્તા હાઇકોર્ટની સ્થાપનાની શતાબ્દિ નિમિત્તની ખાસ ટિકિટ. આ જ રીતે મદ્રાસ અને મુંબઈની હાઈકોર્ટની શતાબ્દિની ટિકિટો પણ બહાર પડી છે. (મોકલનાર: કુ. હેમાંગિની દેસાઇ-મુંબાઇ) સ્વ. શ્રી રમાબાઈ રાનડેની શતાબ્દિ જયંતીની પણ એક ટિકિટ બહાર પડી છે. બાલદિન-ની ટિકિટ ૧૪મી નવેમ્બરે, નેત્રવિજ્ઞાન માટેની ૧૯મી આંતરરાષ્ટ્રીય કૉંગ્રેસને અનુલક્ષીને તા. ૩જી ડિસેમ્બરે અને પ્રખ્યાત ગણિતજ્ઞ શ્રીનિવાસ રામાનુજનના માનમાં તા. ૨૨મી ડિસેમ્બરે ખાસ ટિકિટો બહાર પડશે. આ ઉપરાંત, ઑક્ટોબરમાં જંગલી પશુઓને તથા ડિસેમ્બરમાં ગોવાની મુક્તિને લગતી ટિકિટો બહાર પડવાની છે.



નાઈલનદીનું મૂળ શોધાયાને સો વરસ થયાં એ પ્રસંગે યુગાન્ડાએ ઉપર પ્રમાણેની ચાર ટિકિટો બહાર પાડી છે. (મોકલનાર : ભૂપેન્દ્ર એ. પટેલ, કંપાલા; મોહનભાઈ જિન્ન અને માધવજી ડાહ્યાભાઈ–ઇટિગા.)

નીચે : પાકિસ્તાનની રાષ્ટ્રીય ધારાસભાની પ્રથમ બેઠક નિમિત્તની નવી ટિકિટ (મોકલનાર : નુરુદ્દીન લુત્ફ).



કલાવાર્તા

ભારતીય કલાસંપત્તિ

ભારતની કલ્પના ને સર્જનપ્રતિભાએ કેટલી વિપુલ અને વિસ્તારવંત કલાસૃષ્ટિનું નિર્માણ કર્યું છે તેનો ખ્યાલ યુનિવર્સિટીનાં પુસ્તકોમાં દબાએલા માનવોને ય નથી, તો સામાન્ય જ્ઞાન ધરાવતા શિક્ષકો, વિદ્યાર્થીઓ કે દૈનિક વ્યવસાયી જનસમૂહને તો ક્યાંથી જ હોય?

ભારતની શ્રેષ્ઠતમ શિલ્પસંપત્તિ દેશભરમાં માઈલોના અંતરે પડેલી ગિરિગુફાઓ અને અગોચર વનોમાં અજ્ઞાત પ્રાચીન દેવમંદિરોમાં પડી છે. અનેક અગવડો, થાક ને ભૂખતરસ વેઠીને ત્યાં જઈ તેનો સૌંદર્યાનુભવ પામેલા વિદ્વાનો અને વિવેચકોની વાણીમાંથી તેનાં જે સ્તુતિસ્તોત્રો નીસર્યાં છે તેનો સાક્ષાત્કાર સામાન્ય જનને અપ્રાપ્ય રહ્યો હતો. તેથી ભારતીય જન કલાસંસ્કારના ક્ષેત્રે એક પ્રકારનું કાલ્પનિક દૈન્ય અને ક્ષોભ અનુભવતો હતો.

ફોટોગ્રાફીની કલાએ પ્રવાસ અને પરિશ્રમની આવી આપત્તિ નિવારીને એ દૂરદૂર પડેલા અગોચર કલાપ્રકારોને આપણા હાથમાં લાવી મૂક્યા છે. પુસ્તકો, દીપચિત્રો અને ફિલ્મોથી તેનું સાન્નિધ્ય સહજ સુગમ બન્યું છે. ભારત એ દિશામાં પોતાની કોઈ પ્રવૃત્તિ શરૂ કરે તે પહેલાં પશ્ચિમના વિદ્વાનોએ ધૂમીધૂમી અનેક મોંઘા ચિત્રસંપુટોથી પોતાના દેશના કલારસિકોને સંતૃપ્તિ આપી તેનું સૌંદર્યભાન કરાવ્યું પણ ભારતની વિદ્યાપીઠોએ એ વિષયમાં આજ સુધી નોંધપાત્ર પગલું લીધું ન હતું.

વિદ્યાધામોનું આ કલંક 'ભૂલાભાઈ મેમોરિયલ ટ્રસ્ટ'ની પ્રવૃત્તિના એક વિભાગ રૂપે એ પુસ્તકમાળાથી દૂર થાય છે. *સ્વ. ભુલાભાઈ દેસાઈનાં કલાપારખુ પુત્રવધૂ શ્રીમતી મધુરીબહેન દેસાઇના પ્રયત્નોથી સંસ્થાપિત આ 'કલાનિધિ' તરફથી પ્રકટ થએલી એ પુસ્તિકાઓ ઉત્તમ મુદ્રણમાં રુચિપૂર્ણ ચિત્રો, નકશા ને નામાંકિત વિદ્વાનોએ લખેલા સ્પષ્ટ વિશદ પરિચયલેખો વગેરેથી તથા માફકસર કિંમતથી એટલી આકર્ષક બની છે કે કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા તે વસાવી લેવાનો નિશ્ચય કરે.

આ પુસ્તિકાઓમાં નિરૂપેલી શિલ્પસમૃદ્ધિનો આસ્વાદ પામવા કોઈને કળાનાં ખાસ તત્ત્વોના જ્ઞાન કે સૌંદર્યશાસ્ત્રની અપેક્ષા જણાશે નહિ, બલકે તેના અનુશીલનથી તે પ્રકાશ મેળવી ભારતીય કળા માટે રસ ને આદર કેળવતો થશે. એમાં નિરૂપેલી કલાસમૃદ્ધિ અલબત્ત, ભારતના આધ્યાત્મિક ને ઉચ્ચ ધાર્મિક સંસ્કારોની તેજસ્વી નિષ્પત્તિ છે અને તેની પાછળ પુરાણકથાઓ તથા (અનુ. પ્લેટ ચોથી)



વિલિયમ ફૉકનર

પ્રસિદ્ધ અમેરિકન લેખક વિલિયમ ફૉકનરનું ગઈ તા. ૬ઠ્ઠી જુલાઇએ ૬૪ વર્ષની વયે હૃદયરોગના હુમલાથી અવસાન થયું. ઈ. ૧૮૯૭ની ૨૫મી સપ્ટેમ્બરે આલ્બની ગામે ત્રણેક પેઢીથી જાણીતા એક કુટુંબમાં એનો જન્મ થયો. ૧૯૧૮માં પહેલા વિશ્વયુદ્ધમાં એને કૅનેડાના રૉયલ એર ફોર્સમાં જોડાવું પડયું કેમકે અમેરિકન હવાઈ દળમાં એની પાંચ ફૂટ પાંચ ઈંચની ઊંચાઈ ઓછી પડતી હતી. લશ્કરમાં તાલિમી ક્ષેત્રમાંથી ભાગ્યે જ બહાર નીકળી શકવા છતાં એ પગ ભાંગીને ઘેર આવેલો. આજીવિકા માટે અનેક કામધંધામાં પડયો, પણ એકેમાં ફાવટ જ આવી નહિ. પણ કવિતાના વાચને એને લખતો કર્યો હતો અને ૧૯૧૯માં એની કવિતા પ્રથમવાર છપાઈ હતી, જે પ્રવૃત્તિ પછી 'ધ માર્બલ ફૉન' નામે કાવ્યસંગ્રહમાં વિકસી. અમેરિકન લેખક શેરવુડ ઍન્ડરસને એને ગદ્ય તરફ વાળ્યો અને પછી ઉત્તરોત્તર એની નવલકથાઓ પ્રકટ થતી રહી. શરૂઆતમાં ખાસ કંઇ છાપ પાડી ન શકનાર એની કથાઓમાં પાછળથી એની આગવી શૈલી એવી ઝળકી ઊઠી કે એની વિશિષ્ટતાઓએ ઈ. ૧૯૪૯નું સાહિત્ય માટેનું નૉબેલ પ્રાઇઝ એને અપાવ્યું. તે પછી ૧૯૫૪માં 'એ ફેબલ' નામની એની કૃતિને અમેરિકાનું જાણીતું પુલિત્ઝર પારિતોષિક પણ મળ્યું. ઈનામની રકમમાંથી એણે સાહિત્યની સમજદારી વધારવા અને મુખ્યત્વે દક્ષિણ પ્રદેશના હબસી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા તથા સૌથી વધુ નોંધપાત્ર પ્રથમ નવલકથા માટેનાં ઈનામો સારુ એક ફાઉન્ડેશન સ્થાપ્યું.

પોતાની નવલકથાઓમાં, મિસિસિપીની ભૂમિમાંથી પ્રેરણા લઈ એણે 'યૉકનાપાટૉફા' નામક એક કાલ્પનિક પ્રદેશનું સર્જન કર્યું છે:

સાહિત્યસંપર્ક

એમાં અમેરિકાનાં દક્ષિણ રાજ્યોનાં લગભગ એક સૈકાના જીવન અને સમાજની પ્રણાલિકાઓ ને નૈતિક સમસ્યાઓ આલેખી છે અને સ્વમાનની અતિ કૂંળી લાગણી ધરાવતા રૂઢિચુસ્ત ભદ્ર સમાજની વર્તમાન જગતસાથેતાલ મિલાવી નહિ શકતી મન:સ્થિતિ પર કટાક્ષો કર્યા છે. આમાં લગભગ દરેક પ્રકારનું વસ્તુ જોવા મળે છે. પોતાના કથનને સીધેસીધું કહી ન દેતાં અસ્પષ્ટ, ધૂંધળા, કંઈક અવાસ્તવિક ને અતિ ધીરી ગતિએ જાણે ઊંડા પાણીમાં સરકતા હોય એ રીતે છૂટાછૂટા આલેખેલા પ્રસંગોથી એ પોતાનું વસ્તુ રજૂ કરે છે. કટાક્ષોમાં વધુમાં વધુ ઉગ્ર હોવા છતાં એ વાસ્તવજીવનમાં પોતાનો અવાજ પણ નહિ ઉઠાવવા જેટલો નમ્ર હતો. દારૂની આકરી લત છતાં એ જાત પ્રત્યે પૂરો સભાન રહેતો. સાહિત્યની ચર્ચામાં એ કદિ ઊતરતો નહિ. પોતાનાં લખાણો વિષે એણે માત્ર એક જ વખત જાહેર વક્તવ્ય કર્યું હતું–નૉબેલપ્રાઈઝ લેવા ગયો ત્યારે. અને ત્યારે માનવજાતની વેધક ટીકા કરનારા એણે એમાં જ–માનવજાતમાં જ પોતાનો સંપૂર્ણ વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો.

ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદનાં નવા પ્રકાશનો

અનંત ચાવડો: લે. ગુણવંતરાય આચાર્ય. વિક્રમ સંવત્સરના પ્રારંભ કાળની, ગુજરાતના રાજવીઓ અને હજી સુધી માત્ર દરિયાને કાંઠે કાંઠે ભમતાં ગુજરાતનાં વહાણોને મધદરિયાના સફરી જહાજો બનાવનારા દરિયાખેડુ ચાવડાઓની આ કથા, મહારાજા કનકસેન, તેમના ગુન્હેગાર નાસતા ફરતા પિતરાઈ ભાઈ અનંત, અનંત ચાવડાને કારણે ગુજરાત પર પહેલી પરદેશી ચડાઈ લાવનારા શકરાજ નહપાન અને સૌરાષ્ટ્રના સાગરખેડુ સંધાર જાતિના હેરોલ વગેરે પાત્રોના જીવનપ્રસંગો આસપાસ રચાઈ છે. મૂલ્ય રૂ. ૫. **હસતાં આંસુ:** લે. જયાબેન ઠાકોર. લગ્નજીવનનું સૌંદર્ય દર્શાવવાના ઉદ્દેશથી લખાયેલી અને લગ્નજીવનની સફળતા સ્ત્રીના કોમળ સ્ત્રીત્વમાં અને પુરુષના ઉદાર પૌરુષમાં રહેલી છે એ ધ્વનિ પ્રસ્ફુટ કરવાનો આશય સેવતી સામાજિક નવલકથા. મૂલ્ય રૂ. ૭. **આશા અને રેણુકા:** લે. રતિલાલ ગિરધરલાલ શાહ. પતિવ્રતા આશાની કષ્ટદાયી કસોટીની અને ભારતીય નારીની એકનિષ્ઠા અને સમર્પણમાં શ્રદ્ધા ન ધરાવનારાના હૃદય પરિવર્તનની આ સામાજિક નવલકથા આર્ય સ્ત્રી કદિ અનાર્ય નહીં બની શકે એવી ભાવના વ્યક્ત કરે છે. કિં. રૂ. ૫–૨૫. **પિતૃહૃદય:** લે. નરેશચંદ્ર સેનગુપ્ત. અનુવાદક રમણલાલ સોની. વૃદ્ધ પણ શક્તિશાળી વકીલ મહેન્દ્ર બેનર્જીની આત્મકથની સ્વરૂપે પિતાના હૃદયની ઊર્મિઓ અને આકાંક્ષાઓનું કરુણગંભીર ચિત્ર આલેખતી બંગાળી નવલકથા 'વંશજ'નો પ્રાસાદિક અનુવાદ. મૂલ્ય રૂ. ત્રણ. **છેલ્લી રોશની બહાદુરશાહ 'ઝફર':** લે. (સ્વ.) 'શયદા'. અનેક ઐતિહાસિક નોંધોના અભ્યાસ પછી રચાયેલી શહેનશાહ બહાદુરશાહ 'ઝફર' અંગેની ઉર્દૂ ભાષાની છાંટવાળી ઐતિહાસિક નવલકથાની શ્રેણીનું ત્રીજું પુસ્તક. કિં. રૂ. ૫–૨૫. **પરમ માહેશ્વર:** તત્કાલિન સમાજરચના વગેરે પરની સંશોધનાત્મક સામગ્રીના અભ્યાસ પછી રચાયેલું દશાનનરાવણના વ્યક્તિત્વને પ્રગટાવતું ત્રિઅંકી નાટક 'પરમ માહેશ્વર', મૂળ તૂર્કી નાટક પરથી રચાયેલું 'વઝીર અને એની બે વહુઓ' અને શાકુન્તલના ચોથા અંક પરથી લખાયેલું નાનકડું 'કન્યા વિદાય' એ ત્રણનો સંગ્રહ. કિ. રૂ. ૧–૫૦. **કપૂરનો દીવો:** સ્વ. છોટુભાઈ દેસાઈ વિરોના સ્વામી આનંદના લેખો પરથી રચાયેલું નિશાળોમાં ભજવવા લાયક, અને મોટાંઓને પણ રસદાયક માત્ર પુરુષ પાત્રોવાળું ચાર પ્રવેશનું નાટક 'કપૂરનો દીવો' અને મૂળ રેડિયો પર રજૂ થયેલું એકાંકી 'પ્રીત ભઇ'. કિ. રૂ. ૧–૫૦. બંનેના કર્તા ચંદ્રવદન ચી. મહેતા; **શકુંતલા:** અનુવાદક જશવંત ઠાકર. ભજવવા માટે જ સરલ ભાષામાં મૂળ શાકુંતલને રજૂ કરવાના ઉદ્દેશથી કરવામાં આવેલો મુક્ત અનુવાદ, ભજવવા અંગેની સૂચનાઓ સાથે કિં. રૂ. ૨–૫૦. **સંશોધનની કેડી:** લે. ભોગીલાલ જ. સાંડેસરા. ૧૯૫૫માં રણજીતરામ સુવર્ણચંદ્રક પ્રાપ્ત કરનાર વિદ્વાન સંશોધકના સંશોધન પ્રવૃત્તિ અંગેનાં, પ્રાચીન અને મધ્યકાલીન ગુજરાત તેમજ ભારતના સમાજજીવન અને સાહિત્ય અંગેના રોચક લેખો. સંશોધન એટલે કુદરતનાં રહસ્યો ખોલવાં... નહીં શોધાયેલું શોધવું એટલું માત્ર નહીં, પણ શોધેલું વ્યક્તિ અને સમષ્ટિના જીવનના ઉર્ધ્વીકરણમાં કેવી રીતે સહાયભૂત થઈ શકે તે જોવાની 'વૈજ્ઞાનિક દૃષ્ટિ', એ કથન લેખકનો આદર્શ વ્યક્ત કરે છે. 'રામાયણ', પ્રાચીન સાહિત્યમાં ચૌરશાસ્ત્ર, એક સાહિત્યયાત્રા વગેરે લેખો સામાન્ય વાંચકને પણ ગમશે. કિં. રૂ. ૬-૦૦. –ત્રિ.

શબ્દકથા: 'માતુશ્રી'

શિષ્ટાચાર લેખે અને આદર સૂચવવા વ્યક્તિઓનાં નામ આગળ 'શ્રી' લગાડાય છે. ખયાલ એવો છે કે એ 'શ્રીમાન' ('શ્રીમતી') કે 'શ્રીયુત'નું ટૂંકું રૂપ હોય. પણ મધ્ય યુગમાં 'શ્રીકૃષ્ણ', 'શ્રીનાથ' વગેરેનો પ્રચાર જોતાં નામોમાં 'શ્રીવાળું' 'શોભાવાળું' કે 'મંગળ' એવા અર્થમાં 'શ્રી' વપરાતો થયો હશે એમ લાગે છે.

પણ નામની આગળ જ નહિ, કેટલીક વાર પાછળ પણ 'શ્રી' આદરવાચક લેખે વપરાય છે. 'પિતાશ્રી', 'ભાઇશ્રી', 'મુરબ્બીશ્રી', 'માતુશ્રી', 'આપશ્રી' વગેરે સુપ્રચલિત છે. શંકા થાય એવું છે કે આગળ તો બરાબર પણ પાછળ 'શ્રી' લગાડીને થતો પ્રયોગ સાચો છે? આનો ઉત્તર એ કે વ્યાપક કે રૂઢ પ્રયોગની બાબતમાં સાચાખોટાનો પ્રશ્ન જ ઉપસ્થિત નથી થતો. વ્યવહાર એ જ ભાષાનો પાયો. વ્યાકરણ ને કોશ તેને આધારે જ થાય.

પ્રાચીન સમયમાં ઇસવી બીજી શતાબ્દીમાં થએલા સાતવાહન રાજાઓમાં 'વેદીશ્રી' 'શક્તિશ્રી', 'યજ્ઞશ્રી', 'ચંદ્રશ્રી' જેવાં નામો હતાં ખરાં; પણ અર્વાચીન વપરાશને એવા કોઈ પ્રાચીન પ્રયોગ સાથે સંબંધ નથી. 'ભાઈશ્રી રામલાલ', 'કાકાશ્રી શામલાલ' વગેરે ઉપરથી 'ભાઈશ્રી' વગેરે, જાણેકે વિશેષણ હોય તેમ, સમજાયાં અને પ્રચલિત થયાં. ને વિશેષણ નામ તરીકે વપરાતું થાય એ ભાષાવિકાસનું ઘણું જાણીતું વલણ છે. 'શ્રીમતી' શબ્દ 'પત્ની'ના અર્થમાં એ રીતે જ વપરાતો થયો છે ને? વળી આખા વાકયમાંથી અમુક ખંડ એક શબ્દ તરીકે સમજાઇને પ્રચારમાં આવ્યાનાં ઉદાહરણ પણ અનેક છે. ગ્રંથની સમાપ્તિ થતાં 'ઇતિશ્રીભાગવતપુરાણે' વગેરે ઉપરથી 'ઇતિશ્રી' શબ્દ 'સમાપ્તિ'ના અર્થમાં પ્રચલિત થયો છે. વારંવાર 'ખાદત' (=ખાઓ) 'મોદત' (=મજા કરો) એવું જ્યાં બોલાય તે ક્રિયા માટે સંસ્કૃતમાં 'ખાદતમોદતા' વપરાયું છે. 'અકસ્માત્', 'પશ્યતો હર' (=ચોર) વગેરે વાકયમૂલક અનેક શબ્દો સંસ્કૃતમાં પ્રચલિત છે. ગુજરાતીમાં 'સંતાકૂકડી' જેવા શબ્દ ટાંકી શકાય.

'માતુશ્રી'માં 'તું'નો ઉકાર 'માતુ': એમ ષષ્ઠીના રૂપ ઉપરથી હોવા સંભવ છે. પાછળ 'શ્રીચરણમાં નમસ્કાર' એવા શબ્દો આવતા હોય એમ સમજી શકાય.

હરિવલ્લભ ભાયાણી

ભારવાહક જાનવરો-૨

ઘોડાં-ગધેડાં ને ખચ્ચર

લેખક · અવંતીલાલ વસાવડા

ઘોડાં, ગધેડાં, ખચ્ચર અને ઝિબ્રાને ફાટ વિનાની આખી ખરી હોય છે. આ સૌમાં ઘોડાંની શક્તિ વધુ છે ને પૃથ્વીના સર્વ દેશોમાં એ ભારવહન તથા સવારી માટે ઘણો કાર્યસાધક નીવડયો છે.

માણસજાતે ગાય-બળદનું પાલન પ્રથમ કર્યું તેથી શરૂઆતમાં ઓછી શક્તિવાળા બળદ બધા દેશોમાં ભારવહન માટે વપરાતા. ત્યારબાદ ઘોડાં પળાઇને કેળવાયાં. ઘોડાં કઠણ જમીનવાળા સપાટ પ્રદેશમાં ભારવહન તથા મુસાફરી માટે ઉત્તમ પ્રાણી છે. તે લાંબા સમય સુધી એકસરખી ઝડપથી મુસાફરી કરી શકે છે. ઉત્તર અમેરિકા, બ્રિટન અને યુરોપના કેટલાક દેશોમાં સવારી અને ભારવહન ઉપરાંત ખેતીમાં પણ એનો ઉપયોગ થાય છે. શરૂઆતમાં આ કાર્ય માટે એને બળદ જેવી ધૂંસરીથી જોડવામાં આવતા. પણ તેથી એનું ગળું દબાતું અને તેની તાકાતના પ્રમાણમાં કાર્યક્ષમતા ઓછી થતી હતી ને ધાર્યા કરતાં કામ ઓછું ઊતરતું, એટલે એને ગળે ગલપટ્ટો નાખીને તેના પર ખભે ધૂંસરી જેવી વ્યવસ્થા કરી.

બળદની સરખામણીમાં એની ઝડપી ગતિને લીધે મુસાફરીમાં ઘોડા જોડેલાં વાહનોનો ઉપયોગ ઘણો છે. ઝડપી ગતિ માટે સૂર્યના રથને સાત અશ્વો ખેંચતા હોવાની પૌરાણિક વાત સર્વવિદિત છે. રામના વનગમન વખતે અને મહાભારતના યુદ્ધમાં અશ્વ-રથો વપરાયાનો ઉલ્લેખ છે. ઇજિપ્ત, સુમેર, રોમ, ગ્રીસ વગેરે દેશોમાં પણ પ્રાચીન સમયનાં યુદ્ધોમાં અશ્વરથો વપરાયા હતા. આધુનિક યુદ્ધોમાં ઘોડેસવાર લશ્કર માટે અને તોપોની હેરફેર માટે ઘોડાંનો ઉપયોગ થતો રહ્યો છે. મુંબઇ-વડોદરામાં વીજળીથી ચાલતી ટ્રામ દાખલ થઇ તે પહેલાં ઘોડા જ ટ્રામ ખેંચતા હતા.


ઘોડાની ઘણી ઓલાદો છે. યુનાઇટેડ સ્ટેટ્સમાં મુસ્ટંગ નામના ઘોડા જંગલી હાલતમાં મળી આવે છે. ઉત્તમ કાર્યક્ષમતા માટે એનાં ઉછેર અને માવજત સારી રીતે કરવાં પડે છે. દિવસમાં અવારનવાર એને ખોરાક અને પાણી આપવાં પડે છે. અરબી ઘોડા પરના પ્રેમ માટે પ્રખ્યાત બેદુવિન આરબો પોતે ખાધાપીધા સિવાય ચલાવી ખર્ચ બચાવી પોતાના ઘોડાને ખોરાક પૂરો પાડે છે. આ લોકો હલ્લો કરવા માટે ઘોડા વાપરે છે. સૌરાષ્ટ્રના કાઠીઓ પોતાના ઘોડા પરના પ્રેમ માટે પ્રખ્યાત છે. અરબી, કાઠિયાવાડી અને કચ્છી ઘોડાની જાત ઉત્તમ પ્રકારની ગણાય છે.




અરબી ને દેશી ઘોડો. મધ્ય એશિયા અને એની આસપાસના મુલકોમાં વિકસેલી ઘોડાની જાતમાંથી ઊતરી આવેલાં આ ઘોડાં નમણી ને પાતળી દેહકાઠીવાળાં તથા ચપળ હોય છે. નામી ગણાએલા બધા જ ઘોડાં આ જાતમાંથી જ વિકાસ પામેલાં હોય છે.

કોચ-ખુરશીની બેઠકો અને ગાદલાંમાં ભરવા માટે ઘોડાના વાળ અને બીજી કેટલીક ચીજવસ્તુઓ બનાવવા માટે એનું ચામડું વપરાય છે. મધ્ય એશિયામાં તો કેટલીક જાતિના લોકો એનું દૂધ પીએ છે ને માંસ પણ ખાય છે. વછેરું જનમ્યા પછી ઘોડી થોડા સમય માટે દૂધ આપે છે અને તે દૂધ વાપરવું હોય તો એને દિવસમાં ઘણી વાર અવારનવાર દોહવી પડે છે. દક્ષિણ આફ્રિકામાં 'ત્સેત્સે' માખીના ઉપદ્રવવાળા વિભાગમાં માખીના કરડથી ઉત્પન્ન થતા રોગથી ઘોડાં મરી જાય છે એથી ત્યાં એ નિરુપયોગી છે. અત્યારે મોટરો, બસ, રિક્ષા અને ટ્રક વગેરે યાંત્રિક વાહનો પ્રચલિત થવાથી શહેરોમાં અને દૂરની મુસાફરીના માર્ગો પર તથા ભારવહન વગેરેમાં ઘોડાનો ઉપયોગ ઘટવા માંડીને હવે તો લગભગ નહિવત્ થઈ ગયો છે.

ઘોડાના નિકટનાં સગાં ગધેડાં છે. એ કદે નાનાં હોવાથી ઘોડાં જેટલી ઝડપથી હેરફેર કરી શકતાં નથી અને ભાર પણ ઓછો ખેંચે છે. છતાં તે લાંબા સમય સુધી પાણી વિના ચલાવી લે છે ને હલકા પ્રકારનો ખોરાક ખાઈ નિભાવી શકે છે, તથા એ ઉષ્ણ પ્રદેશના હવામાનમાં સારી રીતે ટકી શકે છે, એટલે મજૂરી જેવાં કાર્યોમાં એમનું પાલન ઘોડા કરતાં સસ્તું પડે છે. નાનાં શહેરો અને ગામોમાં કુંભાર-





ઘોડાનો ખેતીમાં ઉપયોગ. આ ઘોડાં ઉત્તર યુરોપ તરફ વિકસેલી જાતમાંથી ઊતરી આવેલાં છે. ભારે શરીર અને તાકાતવાળાં આ ઘોડાંની સહનશક્તિ પણ સારી હોઈ તે ઘણો બોજ વેઠી શકે છે. બળદને અભાવે પશ્ચિમના દેશોમાં ઘોડાનો જ ઉપયોગ થતો આવ્યો છે. (જમણી બાજુ) ખચ્ચર. એ જિદ્દી ગણાય છે પણ હકીકતે એ થાકે છે ત્યારે જ જિદ કરે છે. એના કદના ઘોડા કરતાં એ વધુ મહેનત કરી શકે છે.



ગધેડું તો એની ઉપયોગિતા માટે જાણીતું છે. પાળતુ જાનવરોમાં એ જ એક સૌથી વધુ જીવે છે. ઇજિપ્ત મધ્ય પૂર્વના દેશો, સિંધ અને કચ્છમાં એનો ઘણાં વર્ષોથી ઉપયોગ થતો રહ્યો છે. બીજું તે ઝિબ્રા. ઘોડાના જ વર્ગનું. માત્ર આફ્રિકામાં જોવા મળે છે અને હવે તો એમની સંખ્યા પણ ઘટવા માંડી છે. એને પાળી શકાતું નથી

ની માટી, ચણતરની રેતી, નકામાં ઈંટરોડાં કે ધોબીનાં કપડાંની લાવ-લઈજામાં એનો ઉપયોગ થાય છે. ઉત્તર આફ્રિકા અને આસપાસના દેશોમાં સવારી અને બોજાના વહન માટે પણ આ જાનવર વપરાય છે. સિંધમાં પણ એનો આ કાર્ય માટે તેમજ ગાડી ખેંચવા માટે ઉપયોગ થાય છે. ડુંગરાળ ને ખરબચડા પ્રદેશમાં એની ચોકસાઈથી ચાલવાની ટેવ ખાસ ઉપયોગી જણાઈ છે. પ્રથમ વિશ્વયુદ્ધ દરમ્યાન ઇજિપ્તના એવા પ્રદેશમાં ઘોડા નકામા જણાવાથી ભારવહન માટે ગધેડાંનો ઉપયોગ કરવો પડેલો. દક્ષિણ અમેરિકામાં 'બુરો' નામથી સંબોધાતાં આ જાનવરનો ડુંગરાળ પ્રદેશમાં ભારવહન માટે બહોળો વપરાશ છે. ગધેડાંને ઠંડા મુલકની આબોહવા માફક નથી આવતી. બાળકને મોટી ઉધરસ થઈ હોય તો ગધેડીનું દૂધ પીવાથી આરામ થાય છે એવી માન્યતા પ્રચલિત છે.

કચ્છના રણમાં થતાં જંગલી ગધેડાં તાકાતવાન અને વેગવાન હોય છે. પણ તે બહુ પાળી શકાતાં નથી.

ઘોડી અને ગધેડાના સંકરથી પેદા થતાં ખચ્ચરમાં બંને પ્રાણીના ગુણો છે. માત્ર ખચ્ચર પોતાની જાતની વંશવૃદ્ધિ કરી શકતાં નથી. ખચ્ચર રંગે ઘોડાં જેવાં પણ કદમાં સ્હેજ નાનાં અને ગધેડાં કરતાં વધારે આયુષ્યવાળાં હોય છે. ગધેડાં પેઠે તે ચોકસાઇથી પગલાં ભરી ચાલનાર અને લાંબી મુદત સુધી સખ્ત કામ કરનાર હોય છે અને હલકી જાતના ખોરાક પર નિભાવ કરી શકે છે. તે ગધેડાં કરતાં વધારે ઝડપી ગતિવાળાં છે અને બોજા ઉપાડવા તથા ખેંચવાં માટે ઉપયોગી છે. આપણા દેશના ડુંગરાળ પ્રદેશમાં લશ્કરી સરંજામની હેરફેર માટે તેનો સવિશેષ ઉપયોગ થાય છે. લંડનમાં ટ્રામ ખેંચવા માટે શરૂમાં એ જ વપરાતાં. ખચ્ચરને અમુક રીતે કામ કરવાની ટેવ પડી હોય તો તે ટેવને એ વળગી રહે છે.

ઘોડાં, ગધેડાં અને ખચ્ચર મિલનસાર અને સહેલાઈથી કેળવાય એવા સ્વભાવનાં છે. ઘોડાંમાં આ ગુણો સવિશેષ અને ઉત્તમ પ્રકારના છે. ગધેડાં અને ખચ્ચર સ્વભાવે કંઈક હઠીલાં હોય છે.

દક્ષિણ આફ્રિકાનું 'ઝિબ્રા' નામનું પ્રાણી પણ આ વર્ગનું જ છે. ત્યાં એની જુદીજુદી ત્રણ જાત છે. તેનું કદ ગધેડાં કરતાં થોડું નાનું છે. આ જાનવર પીઠ અને પેટ સુધી પીળા-કાળા ચટાપટા વાળું, પેટે સફેદ રંગનું, ઊભી કેશવાળીનું અને ગધેડાં જેવા કાન તથા ગુચ્છાદાર પૂંછડાવાળું હોય છે. 'ત્સેત્સે' માખીના ઉપદ્રવવાળા પ્રદેશમાં એનું કુદરતી રહેઠાણ હોવાથી એને એ રંજાડ નડતો નથી. પણ એને કેળવતું અતિ મુશ્કેલ. એ વિનાકારણ બચકાં ભરે છે અને લાત મારે છે.

ઝિબ્રાની જાતનું પણ થોડા ફેરવાળું, ઝિબ્રા અને ઘોડા વચ્ચેની કડી સમું 'ક્વાગા' નામનું એક જાનવર આફ્રિકામાં મળી આવતું હતું, પરંતુ શિકારનો ભોગ બની એ જાત નાશ પામી છે. ક્વાગા માથે અને ખભે કથ્થાઇ રંગનું, પીઠે ને પાછળ આછા રતુમડા રંગનું અને સફેદ પેટવાળું, માથે તથા પીઠે ઘેરા ચૉકલેટ રંગના અને પાછળ ઢીંઢા પર ઝાંખા ચોકલેટ રંગના ચટાપટાવાળુ હતું. એનો અવાજ 'ક્વાઆઆ ...ગા' જેવો થતો તેથી એનું નામ ક્વાગા પડેલું. ઝિબ્રા કરતાં નરમ સ્વભાવનું હોવાથી એને પાળી અને કેળવી શકાતું. પણ પાળ્યા પછી એ નિરુત્સાહી બની જઇ એની કાર્યક્ષમતા ઓછી થઇ જતી.

અનુસંધાન] રણછોડભાઈ ઉદયરામ [પૃષ્ઠ ૨૯૯થી

રણછોડભાઈની નાટ્યકાર તરીકેની લોકપ્રિયતા એટલા પરથી જણાઈ આવશે કે એમનું 'હરિશ્ચન્દ્ર'નું નાટક સોળ વરસમાં ૧૧૦૦ વખત ભજવાએલું!

રણછોડભાઈની દિનચર્યા જુઓ તો નિયત કરેલા વખત પ્રમાણે એકેએક કામ આટોપવાનાં જ હોય. સવારના ત્રણ વાગ્યે વહેલા ઊઠી, અભ્યાસગૃહમાં આવી લેખનકાર્ય શરૂ કરે તે પાંચ વાગ્યા સુધી ચાલે. ફરી ૫ થી ૬ સુધી પથારીમાં ઘસઘસાટ ઊંઘી જાય! ૬થી ૭ પ્રાતઃવિધિ, પૂજાપાઠ ઈત્યાદિમાં ગાળે. ૭ થી ૧૦ વાચન, ૧૧ વાગ્યે જમવાનું, પછી ૨ વાગ્યા સુધી આરામ, ૨ થી ૪ ફરી લેખનકાર્ય. સાંજે મિત્રો મળવા આવે તેમની સાથે વખત ગાળે. કંઇ અગત્યની ચર્ચા થાય તેમાં ભાગ લે કે કોઈ વાર શતરંજની રમત રમે. શતરંજનો તેમને ઘણો જ શોખ હતો. એક વખતે લાહોર તરફનો હૈદરબેગ નામનો ખેલાડી તેમની સાથે શતરંજ રમવા આવ્યો. બંને વચ્ચે દોઢ માસ સુધી એક રમત ચાલી અને તેમાં રણછોડભાઈ જીતેલા! રાત્રે વાળુ કરી આખું કુટુંબ એકઠું થાય તેમાં વાર્તાવિનોદ ચાલે ત્યારે રમૂજી ટુચકાઓ સંભળાવી અને બીજી વાર્તાઓ કહી રણછોડભાઈ બાળકોને ખૂબ હસાવતા. રાત્રે નવ વાગ્યે તેઓ હમેશાં અચૂક સૂઈ જતા.

માથે બગલાની પાંખ જેવી સફેદ ગુજરાતી પાઘડી, ચૂડીવાળું લાંબી બાંયનું કેડિયું, ખભે ખેસ અને પગમાં દેશી જોડા એ તેમનો નિત્યનો પોશાક હતો. પોતાના જીવનમાં એમણે વિક્ટોરિયન યુગના શાહીવાદનો ભપકો પણ જોએલો અને ગાંધીયુગનાં આઝાદીનાં ગીતો પણ સાંભળેલાં. ગઈ સદીમાં જન્મ્યા છતાં તે આ યુગનાં પ્રગતિકારક બળોથી બિલકુલ ભડકતા નહિ. મુંબાઇમાં ન્યૂ ગામદેવી પરનું તેમનું 'સુંદરમહાલ' મકાન એટલે જાણે સાહિત્યકારોનું મિલનસ્થાન. કયારેકબંગલામાં સ્વ. વિભાકર તેમના માસિક 'રંગભૂમિ' માટે લેખમાળા માગવા આવે તો ક્યારેક સ્વ. હાજી-મહમ્મદ 'વીસમી સદી' માસિકને વિકસાવવાની યોજનાઓ એમની પાસે રજૂ કરી સલાહ લેતા નજરે પડે.

'કામ કર હામનાં, નામ અવિચળ રહે'એ જીવનમંત્ર યુવાનોના કાનમાં ફૂંકનાર રણછોડભાઇએ જીવનની છેલ્લી ઘડી સુધી સાહિત્યની ઉપાસના ચાલુ રાખી હતી. હવે જીવનના ૮૯ વર્ષ તે વટાવી ચૂકયા હતા. જરાથી અંગેઅંગ શિથિલ થઇ ગયાં હતાં. સને ૧૯૨૩નો એપ્રિલ. ન્યૂમોનિયાથી તે પથારીવશ હતા. તેવામાં બપોરના બે વાગ્યે પ્રેસમાંથી તેમના પુસ્તકનાં પ્રૂફ આવ્યાં. કુટુંબીઓએ તેમને આરામ લેવા વીનવ્યા, પણ તેમણે એ છાપકામની ભૂલો પૂરેપૂરી જોઈ સુધારી આપી ત્યારે જ તેમને સંતોષ થયો. ત્યારપછી ચારેક કલાક વીતી ગયા. તાવ વધવા માંડયો જીવવાની આશા રહી નહિ; અને એકાદ ઘડીમાં તેમનો જીવનદીપ બૂઝાઇ ગયો.

શતરંજ

લેખક · સુરેશ મોદી

'પૉઝિશનલ પ્લૅ'

છેલ્લા પાંચ હપ્તાઓમાં આપણે હુમલાની જુદીજુદી એવી રીતો જોઇ કે જેથી સામો પક્ષ મ્હાત થઈ શકે કે એનાં વધુ મહોરાં આપણને મળી શકે. બન્ને ખેલાડી બરાબર રમતા હોય ત્યારે આવો હુમલો કરવાની તક ભાગ્યે જ મળે છે. તેવી રમતોમાં બન્ને પક્ષના મ્હોરાંઓ લગભગ અંત સુધી સરખાં જ રહે છે, ફરક હોય છે તેમની સ્થિતિનો અને તેમના બોર્ડ ઉપરના કાબૂનો. આવી રમતમાં મ્હોરાં અને પ્યાદાંની પરિસ્થિતિ ઉપર વધુ આધાર હોવાથી તેને Positional Play કહેવાય છે.


આ વિષય ઘણો ઊંડો અભ્યાસ માગી લે તેવો છે અને તેથી આપણી લેખમાળામાં સમાવી શકાય તેમ નથી. તેમ છતાં અમુક સાદી અને સરળ બાબતો ટૂંકમાં જોઈ લેવાનો પ્રયત્ન કરીશું.

આવી રમતમાં ઘણોખરો આધાર પ્યાદાંની રચના પર હોય છે. ફિલીડોરે કહ્યું છે કે 'The Pawn is the soul of chess.'

હવે આપણે પ્યાદાંની ઉત્તમ રચના, સબળ પ્યાદાંઓ ને પ્યાદાંની નબળાઇઓ વિષે ને પછી અમુક મ્હોરાંની પરિસ્થિતિ વિષે થોડું જોઇશું.

પ્યાદાંની ઉત્તમ રચના

પ્યાદાંની ઉત્તમ રચના નીચે પ્રમાણે છે:



આમાં બે પ્યાદાં મધ્યનો કાબૂ મેળવે છે અને બીજાં બે પ્યાદાં તેને ટેકો આપે છે. તેથી તેના રક્ષણ માટે મ્હોરાંની આવશ્યકતા નથી રહેતી. પણ આવી ઉત્કૃષ્ટ પરિસ્થિતિ મેળવવી લગભગ અશક્ય જ છે. કેમકે સામો પક્ષ તે મેળવવા જ ન દે.

સબળ પ્યાદાંઓ: પ્યાદાં ત્રાંસી હાર (જેવી ઉપરના ચિત્રમાં QP QBP. અને QNP તથા KP KBP તથા KNPની છે તેવી)માં ઘણાં સબળ ગણાય છે. કારણ કે તેમાં એક પ્યાદું બીજા પ્યાદાનું રક્ષણ કરવું રહે છે. આથી ત્રાંસી હારો જેટલી આગળ વધેલી હોય તેટલી તેની કિંમત વધુ ને એટલા જ તે સબળ ગણાય.


પ્યાદાંની નબળાઇઓ: શરૂઆતની સ્થિતિમાં દરેક પંક્તિ પર બંને પક્ષનું એક એક પ્યાદું હોય છે. પણ જ્યારે પ્યાદાથી કોઈ મ્હોરાને મારીએ ત્યારે તે પ્યાદું એક પંક્તિમાંથી બીજી પંક્તિમાં જાય છે. આને પરિણામે એક પંક્તિ પ્યાદા વિનાની જ્યારે બીજી પંક્તિ બે પ્યાદાંવાળી થાય છે અને આથી પ્યાદાની રચનામાં નબળાઈ ઊભી થવાનો સંભવ રહે છે.

એક પંક્તિ ઉપર બે પ્યાદાં થઈ જાય તે એક નબળાઈ ગણાય છે. આ નબળાઈ પ્યાદાં જ્યાં સુધી આગળ ન વધે ત્યાં સુધી વધુ દેખાતી નથી પણ અંતના તબક્કામાં જ્યારે પ્યાદાને વજીર બનાવવા આગળ વધારીએ ત્યારે એની નબળાઈ એકદમ દેખાઈ આવે છે.

સામસામાં મ્હોરાં મરવાના પરિણામે એક પ્યાદાની આજુબાજુથી બન્ને પંક્તિ પ્યાદા વગરની થઈ જાય તે પ્યાદાની બીજી નબળાઈ છે. તેવા પ્યાદાને Isolated Pawn કહેવાય છે. આવું પ્યાદું પોતાના બીજા પ્યાદાના રક્ષણ વિનાનું થઈ જાય છે. અને પરિણામે તે સામા પક્ષના હુમલાનું કેન્દ્ર બને છે. વળી તેના રક્ષણમાં કોઈ મ્હોરાએ હાજર રહેવું પડે છે જેથી તે પણ બીજું કાંઈ કરી શકતું નથી.

પ્યાદાંની રચનાને લીધે એક વધુ નબળાઈ પણ થવા પામે છે. જ્યારે એક સાથેના ત્રણ પ્યાદાંમાંથી વચ્ચેનું પ્યાદું પાછળ રહે અને આજુબાજુના પ્યાદા આગળ વધી જાય ત્યારે સામા પક્ષના ઘોડા કે ઊંટ માટે સુંદર જગ્યા થાય છે. અને પછી તેને ત્યાંથી ખસેડવો મુશ્કેલ થાય છે.

પ્યાદાંની જુદીજુદી નબળાઇઓ નીચેના ચિત્રમાં આપી છે.



અહીં સફેદનું QRP એકલું પડી ગયું છે. તેની QBની પંક્તિ ઉપર બે પ્યાદાં છે અને KBP, KNP અને KRPની સ્થિતિને લઇને તેના KNP ઉપર કાળાના ઊંટ કે ઘોડાને માટે ઉત્તમ જગ્યા થાય છે. આવી જગ્યાને Farepost કહે છે. આ નબળાઇ સાધારણ રીતે કાયમી નથી હોતી. વચ્ચેનું પ્યાદું આગળ વધતાં એ નબળાઇ અદૃશ્ય થઇ જાય છે. પણ અહીં કાળાનું KBP ઉપરનું પ્યાદું તેમ કરતાં અટકાવે છે, અને પરિણામે તે નબળાઇ વધુ વખત સુધી રહે તેમ છે.

આ ઉપરાંત પણ પ્યાદાંની એક વધુ નબળાઈ છે. ક્યારેક એકાદ પ્યાદું બહુ આગળ વધી જાય અને આસપાસના પ્યાદાં પાછળ હોય તો તેનું રક્ષણ કરવું મુશ્કેલ પડે છે. ઉપરના ચિત્રમાં કાળાનું QBP આગળ વધી ગયું છે. હવે જો સફેદનું કોઇ મ્હોરું કાળાના QN3 ઉપર હોય તો કાળાનું QNP આગળ જઇને QBPની રક્ષા કરી શકે નહિ.

આ થઈ પ્યાદાંની પરિસ્થિતિની વાત. હવે અન્ય મ્હોરાંઓની સ્થિતિ વિષે જોઇએ.

હાથી માટે ઉત્તમ જગ્યા છે ખુલ્લી પંક્તિ (જે પંક્તિમાં તેને પોતાનું પ્યાદું નડતું ન હોય તે) છે. આથી તેને ઉપર નીચે ફરવાની પૂરી તક મળે છે. હાથી ૭મી હરોળ પર બહુ જોરદાર છે. હાથીને ૭મી હરોળ પર લાવવા એકાદ પ્યાદાનો ભોગ આપવો પડે તો તેમ કરવામાં સરવાળે લાભ જ છે એમ ઉસ્તાદોનું માનવું છે.

બે હાથીને એક જ પંક્તિ ઉપર લાવવાથી બન્નેને એક બીજાનો ટેકો મળે છે અને તેની શક્તિ ઘણી જ વધી જાય છે.

જેમ હાથી માટે ખુલ્લી પંક્તિ ઉત્તમ છે તેમ ઊંટ માટે મોટા ખુલ્લા ત્રાંસા માર્ગો ઉત્તમ છે. આપણે આનાં કારણો શરૂઆતની રેતીની પદ્ધતિમાં જોઈ ગયા છીએ, જેમાં બન્ને ઊંટને N2 ઉપર લાવવામાં આવ્યાં હતાં. બે ઊંટની બીજી સરસ સ્થિતિ આજુબાજુની ત્રાંસી લીટીઓ ઉપર છે. દા. ત. એક QN2 પર અને બીજો ઊંટ Q3 ઉપર હોય.

ઘોડાને માટે ઉત્તમ જગ્યા છે વચ્ચેનાં ચાર ખાનાંઓ ત્યાંથી તે બોર્ડના સારા એવા ભાગ પર કાબૂ રાખી શકે છે. આ ઉપરાંત પાંચમી હરોળ ઉપરના બીજાં ચાર ખાનાંઓ ઉપર ઘોડો ઘણો જ શક્તિશાળી ગણાય.

વજીર માટે આવો કોઈ સિદ્ધાંત નથી. વજીર સૌથી વધુ કિંમતી મ્હોરું હોવાથી તેને વધુ પડતો ચલાવવો નહિ કે જેથી તે જોખમાઈ જાય. રાજાને તો મધ્યના તબક્કામાં કિલ્લામાં જ રાખવો જોઇએ.


દરિયાપારના સંદેશવ્યવહારના ક્ષેત્રમાં માનવીનું વિરાટ પગલું ટેલ્સ્ટાર

ખંડખંડવચ્ચેના સંદેશવ્યવહારની અત્યારે બે રીતો પ્રચલિત છે. એક તો દરિયાને તળિયે પાથરેલાં તારનાં દોરડાં (કેબલ્સ)ની ને બીજી શૉર્ટવેઈવ રેડિયોની. દરિયામાં કેબલ્સ નાખવા એ અતિશય ખર્ચાળ અને અતિ ધીમું કાર્ય છે. વળી, કેબલ્સ નંખાઈ રહે એ દરમ્યાનમાં સંદેશવ્યવહાર પણ પાછો એટલો વધી જાય છે કે નંખાએલાં કેબલ્સ ઓછાં પડવા લાગે. બીજી રીતમાં જે રેડિયો-સંકેતોનો ઉપયોગ થાય છે એ શૉર્ટવેઈવ સંકેતો, આપણે જાણીએ છીએ તેમ અયનમંડળ (આયોનોસ્ફીઅર) સાથે અથડાઈને પરાવર્તિત થઇને આવે છે અને પ્રસરે છે. પણ અયનમંડળ સતત બદલાતા રહેતા વિદ્યુતયુક્ત થરોનું બનેલું છે. સૂર્યમાંથી ફેંકાતા વિદ્યુતકણો ઘણીવાર આ થરને છિન્નભિન્ન કરી તેમાં ગાબડાં પાડી દે છે. એવે વખતે પૃથ્વી પરથી ફેંકાએલા રેડિયો-સંકેતો એ ગાબડાંમાં થઇને જો દૂર બાહ્યાવકાશમાં ચાલ્યા જાય, તો તેનું પરાવર્તન ન થવાથી એ સંકેત પાછા ઝીલી શકાતા નથી. એટલે આખી પૃથ્વીને ફરતા સંદેશવ્યવહાર માટે આ રીત પણ સંપૂર્ણ પણે વિશ્વસનીય ગણી શકાય નહિ.

રેડિયોના સંકેતોનો એક ત્રીજો પ્રકાર પણ છે, જેમાં 'માઈક્રોવેઈવ' નામનાં અતિશય ટૂંકાં આંદોલનો વપરાય છે. ટેલીવિઝન માટે પણ આ જ મોજાંનો ઉપયોગ થાય છે. પણ આ તરંગો માત્ર સીધી દિશામાં જ જઈ શકે છે. અયનમંડળમાંથી એ પરાવર્તિત થઈ શકતાં નથી. આથી એને ઝીલવા માટે તો જ્યાંથી એ ફેંકાતાં હોય ત્યાંથી સીધી દિશામાં જ એક બીજું મથક સ્થાપવું પડે. એટલે, પૃથ્વીની ગોળ સપાટીને કારણે, આ તરંગોને ઝીલવા ફેંકવા માટે દર ચાળીસ માઇલે મિનારા ઊભા કરવા પડે. આમ, પહેલા મિનારાની સીધી રેખામાં બીજો, બીજાની સીધી રેખામાં ત્રીજો એમ એક હારમાળા રચાય અને એના દ્વારા પહેલા સ્થળેથી ફેંકાએલા સંકેત બીજે સ્થળે, બીજા પરથી એ ફરી ફેંકાઈને ત્રીજે સ્થળે એમ એક પછી એક સ્થાન વટાવતા જઇને અંતે નિર્ધારિત સ્થાને પહોંચી શકે. પણ દરિયાપાર સંદેશાઓ મોકલવામાં આ રીત કામિયાબ થાય નહિ. પરંતુ સેંકડો-બલ્કે હજારો માઈલની ઊંચાઈએ જો એવું કોઈ સાધન હોય તો તે જરૂર આ કાર્ય કરી શકે. અવકાશયાત્રાના આ નવા યુગમાં પૃથ્વીની સપાટીથી સેંકડો માઇલ ઊંચે જવું હવે સાધ્ય થઇ ગયું છે; એટલે અવકાશમાં જ એવો એક સેટેલાઈટ-ઉપગ્રહ મૂકી દીધો હોય તો તેના દ્વારા રેડિયો સંદેશની આપલે થઇ શકે ખરી.

આ દિશામાં પ્રયોગો કરતાં અમેરિકાએ પહેલવહેલો ૧૯૫૮માં 'સ્કૉર' નામનો સેટેલાઇટ ચડાવીને તેની દ્વારા પ્રેસિડેન્ટ આઈઝનહોવરનો નાતાલ-સંદેશ જગત પર પ્રસારિત કરેલો. તે પછી 'કુરિયર-૧' દ્વારા પણ ૧૯૬૦ના ઑકટોબરમાં ૧૭ દિવસ એવું કામ લીધેલું. ૧૯૬૧ના ડિસેમ્બરમાં સેટેલાઈટ 'ઑસ્કારે' લાગલાગટ ત્રણ અઠવાડિયાં સુધી 'એચ આઈ' અક્ષરોને મૉર્સ કોડમાં મોકલ્યા કર્યા અને ત્યાર બાદ 'એકો-૧'એ પણ રેડિયોસંકેતો અને ટેલિવિઝન સંજ્ઞાઓ પરાવર્તિત કરી બતાવી હતી.

પણ આ સર્વ પહેલાં આર્થર સી. ક્લાર્ક નામના, એક બ્રિટિશ વિજ્ઞાનિએ તો છેક ઈ.સ. ૧૯૪૫માં આવી એક વિગતવાર યોજના પ્રકટ કરી હતી. તદનુસાર, વિષુવવૃત્તથી ૩૫૮૦૦ કિલોમીટર (૨૨,૩૦૦ માઈલ) ઊંચે ત્રણેક સેટેલાઇટને જો ફરતા મૂકવામાં આવે તો દુનિયાનાં લગભગ બધાં કેન્દ્રોના રેડિયો-સંકેતોનું ગ્રહણ અને પુનઃપ્રસારણ થઈ શકે. આ રીતે રેડિયો-સંદેશ, ટેલીગ્રાફના બિનતારી સંકેતો અને ટેલીવિઝન દશ્યોનું આખી પૃથ્વી પર પ્રસારણ કરી શકાય એમ એમણે બહુ વિગતવાર રીતે એ લેખમાં સમજાવેલું. ૨૨,૩૦૦ માઇલની ઊંચાઈ એટલા માટે, કે એટલે દૂર પશ્ચિમમાંથી પૂર્વ તરફ જતાં સટેલાઈટની ગતિ અને નીચે ફરતી પૃથ્વીની દૈનિક ગતિ મેળમાં રહે ને એ રીતે સેટેલાઈટનું સ્થાન પૃથ્વી પરના અમુક ચોક્કસ વિસ્તારોની ઉપર જ નિશ્ચિત રહ્યા કરે. એની એ સ્થિતિને 'સિક્રોનસ' કહેવાય છે.



ટેલ્સ્ટારનું આબેહૂબ મૉડેલ

પણ આ યોજનાની કલ્પના જ્યારે રજૂ થઈ ત્યારે માનવી અવકાશ-ગમનનું હજી સ્વપ્ન જોતો હતો. આજે હવે જ્યારે એ સિદ્ધ થઈ ગયું છે અને સેટેલાઈટ તરતા મૂકવાનું તદ્દન શક્ય બની ગયું છે ત્યારે રેડિયોસંદેશા ઝીલે અને તેનું પુનઃપ્રસારણ કરે એવું સાધન પણ ત્યાં ગોઠવવા માણસ સ્વાભાવિક રીતે જ પ્રેરાય. એ પ્રેરણાનું ફળ અને એ ક્ષેત્રનું પ્રથમ ચરણ તે ગઈ તા. ૧૦મી જુલાઇએ અમેરિકાના ખાનગી ઉદ્યોગે અવકાશમાં તરતો મૂકેલો 'ટેલ્સ્ટાર.'

અમેરિકન ટેલીફોન ઍન્ડ ટેલીગ્રાફ કંપની (AT&T)ના સંશોધન અને વિકાસ વિભાગની 'બેલ ટેલીફોન લૅબૉરેટરી'ની જહેમત આ સાહસની સિદ્ધિ પાછળ છે. ટેલ્સ્ટારની રચના અને એના પ્રયોગની પાછળની બધી જ વ્યવસ્થા અમેરિકાની સરકારે નહિ પણ ઉપર્યુક્ત ખાનગી સંસ્થાએ કરેલી છે એ એક વિશિષ્ટતા છે. અલબત્ત, ટેલ્સ્ટારને બાહ્યાવકાશમાં ભ્રમણમાં મૂકવા સારુ 'નાસા'*ની સહાય લેવાઇ

*NASA=અમેરિકન સરકારનું 'નૅશનલ ઍરૉનૉટિક્સ ઍન્ડ સ્પેસ ઍડમિનિસ્ટ્રેશન' નામનું બિનલશ્કરી ખાતું.

આર્થર સી. ક્લાર્ક



આ વર્ષનું કલિંગ પારિતોષિક મેળવનારા બ્રિટિશ વિજ્ઞાની ને વિજ્ઞાન કથાઓના જાણીતા લેખક આર્થર સી. ક્લાર્કે આજથી સત્તર વર્ષ પહેલાં 'વાયરલેસ વર્લ્ડ' નામના સામયિકમા સેટેલાઇટોને તરતા મૂકી એના દ્વારા આખી દુનિયાને આવરી લેતી સંદેશવ્યવહાર-વ્યવસ્થાની વિગતવાર કલ્પના રજૂ કરેલી. એ વખતે તેઓ રૉયલ એર ફૉર્સમાં ફ્લાઈટ લેફ્ટેનન્ટ હતા.

'એકસ્ટ્રા ટેરેસ્ટ્રીઅલ રીલેઝ' નામના એ લેખમાં પોતાની યોજના વિગતવાર સમજાવ્યા પછી એમણે ઉમેરેલું કે, 'આ ચર્ચાનું પરિણામ ઘણાને દુષ્કર કે અસાધ્ય લાગશે, પણ આવું વલણ યોગ્ય નથી, કેમકે આવતાં દસ વર્ષમાં જે કંઈ વૈજ્ઞાનિક સિદ્ધિઓ પ્રાપ્ત થવાની શક્યતાઓ છે એ પરથી આ યોજના જરા પણ અશક્ય નથી.'

પોતાની એ યોજનાનું પૅટન્ટ મેળવવા એમણે પ્રયત્નો કરેલા. પણ એમાં સફળતા મળી નહિ. જો એ પટન્ટ મળ્યું હોત તો આજે ટેલ્સ્ટારને મળેલી સફળતાથી તેઓ માલેતુજાર થઈ જાત. અમેરિકાએ પણ એમની યોજનાના વિચારનો સ્વીકાર કર્યો જ છે અને ટેલ્સ્ટારની તૈયારી દરમ્યાન ઘણીવાર એમની સલાહ પણ લીધી છે. ટેલ્સ્ટારના ઉદ્ઘાટન પ્રસંગે હાજર રહેવા અમેરિકાએ એમને ખાસ આમંત્રણ પણ આપેલું, પરંતુ તેઓ જઈ શક્યા ન હતા.

વિજ્ઞાન અને એન્જિનીઅરિંગ વિષયક ઘણાં પુસ્તકો એમણે લખ્યાં છે, પણ એમના શૉખનો વિષય તો છે દરિયાની અંદરની સૃષ્ટિ એ વિશે પણ એમણે પુષ્કળ લખ્યું છે અને હાલ કોલંબોમાં રહી તેઓ એ વિષયની એક ફિલ્મ તૈયાર કરી રહ્યા છે. પોતાના અનેક વ્યાખ્યાન-પ્રવાસો અને ટેલીવિઝન કાર્યક્રમોને કારણે તેઓ બ્રિટન અને અમેરિકામાં સારી પેઠે જાણીતા છે. 'બ્રિટિશ ઈન્ટર પ્લૅનેટરી સોસાએટી'ના તેઓ પ્રમુખ થઈ ચૂક્યા છે. હાલ 'સિલોન ઍસ્ટ્રૉનૉમિકલ સોસાએટી'ના પ્રમુખ ને દુનિયાભરનાં બીજાં અનેક વિજ્ઞાનમંડળોના એ સભ્ય છે.

છે એના 'થોર-ડેલ્ટા' પ્રકારના રૉકેટની સહાયથી જ આ ટેલ્સ્ટાર ઊંચે અવકાશમાં ગયો છે. પણ એ માટે કંપનીએ 'નાસા'ને ત્રીસ લાખ ડૉલર ચૂકવ્યા છે. આ ઉપરાંત ટેલ્સ્ટાર સાથે સંપર્ક જાળવવા માટેનાં જમીન પરનાં ખાસ મથકો સ્થાપવા પાછળ પણ લગભગ ત્રણ કરોડ ડૉલરનો ખર્ચ થયો છે. ટેલ્સ્ટારની કામગીરીની સફળતાને ચકાસવા અમેરિકામાં ઍાલ્ડસ્ટૉન અને એન્ડોવર ખાતે અને બ્રિટનમાં ગૂનહીલી ડાઉન્સ તથા ફ્રાંસના બ્રિટાની પરગણામાં પ્લેમેર બોદોં ખાતે ખાસ મથકો સ્થાપવામાં આવ્યાં છે. ઇટાલીમાં, પશ્ચિમ જર્મનીમાં અને બ્રાઝિલમાં પણ આવાં મથકો તૈયાર થવાનાં છે.

ટેલ્સ્ટાર એ ઍલ્યુમીનિયમ અને મૅગ્નેશિયમ ધાતુનો ૩૪.૫૭ ઈંચ (આશરે એક યાર્ડ-વાર)ના વ્યાસનો એક પોલો ગોળો છે—હકીકતે તો ૧૭૨ સપાટ પાસાં વાળો ગોળો છે. નજીકમાં નજીક ૫૯૩ માઈલ અને વધુમાં ૩૫૦૨ માઈલ દૂર રહી એ દર ૧૫૭.૮ મિનિટે પૃથ્વીની આસપાસ લંબગોળાકારે એક ચક્કર લે છે. એનું આ ભ્રમણ વિષુવવૃત્તને ૪૪.૭ અંશના કોણે રહીને ચાલે છે. ટેલ્સ્ટારની રચના ૧૫૦૦૦ જેટલાં નાનાંમોટાં ભાગ જોડીને કરેલી છે. આમાં એક ઇલેક્ટ્રૉન ટ્યૂબ, ૧૦૬૪ ટ્રાન્ઝિસ્ટર અને ૧૪૬૪ ડાયોડ્સ છે. ટેલ્સ્ટારનું મુખ્ય માળખું મૅગ્નેશિયમ ધાતુનું ને એનું પડ ઍલ્યુમીનિયમનું છે ને એના ઉપર પ્લાઝમા જેટ પ્રોસેસ વડે ઍલ્યુમીનિયમ ઑક્સાઇડનું પડ ચડાવેલું છે. એનાં મોટા ભાગનાં પાસાંઓ પર ૩૬૦૦ 'સોલર સેલ' જડેલા છે જે ટેલ્સ્ટારની સપાટી પર પડતા સૂર્યપ્રકાશનું વીજળીમાં રૂપાંતર કરે છે. આ ઉપરાંત અવકાશમાંનાં એનાં સ્થાન-સ્થિતિનો જમીન પરથી ખયાલ મળી શકે એટલા માટે એક બે પાસા પર અરીસા પણ જડેલા છે. આ બધું મળી ૧૭૦ રતલ જેટલું એનું વજન થાય છે.

ટેલ્સ્ટારમાં જમીન પરથી આવતા રેડિયો અને ટેલીવિઝનના સંકેતો ઝીલવા અને એને ફરી ટ્રાન્સમિટ કરવા માટે એક ગોળાકાર અને એક લાંબો એમ બે ઍન્ટેના છે. ઉપરાંત તે પોતાના ભ્રમણ માર્ગમાં બરાબર જાય છે કે નહિ તેની જાણ આપતા બે લટકતા ઍન્ટિના પણ એને નીચલે છેડે જોડેલા છે.

અંદરની સાધનસામગ્રીને નિકલ કૅડિયમના ૧૯ સેલ વીજળી પૂરી પાડે છે, અને બહારના સોલર સેલ આ ૧૯ સેલને સૂર્યપ્રકાશમાંથી વીજળી બનાવી આપે છે, જે લગભગ ૧૫ વૉટ જેટલી હોય છે. ટેલસ્ટારનાં બધાં જ સાધનો જો એકી સાથે કામે લાગે તો તો એને આથી પણ વધુ વીજળીની જરૂર પડે એટલે જમીન પરથી રેડિયો-સંકેતો દ્વારા એમાંની જુદીજુદી કામગીરીને થોડો થોડો સમય અવારનવાર બંધ કરી દેવામાં આવે છે. વળી, અમુક સમયે તો એની સમસ્ત કામગીરી બંધ હોય છે જે દરમ્યાન સોલર સેલ વડે મળતી વીજળીનો નિકલ કૅડિયમના સેલમાં સંગ્રહ થઈ જાય છે.

આ સોલર સેલ પ્લૅટિનમના માળખામાં જડેલી સેરામિકની તકતીઓ પર જડેલા છે અને અવકાશમાં શક્તિશાળી ઇલેક્ટ્રૉનના મારા સામે એમના રક્ષણાર્થે એના ઉપર કૃત્રિમ નીલમણિનું પડ ચડાવેલું છે. આ પ્રત્યેક પદાર્થ બહુ જ વિચારપૂર્વક પસંદ કરેલો છે. અવકાશમાં ઉષ્ણતામાનના ફેરફાર સાથે સોલરસેલના કદમાં જે કંઈ વધઘટ થાય એના પ્રમાણમા જ આ બધી ચીજની વધઘટ થાય છે; એટલે પરિણામે એ દરેક વસ્તુ એકબીજા સાથે બરાબર જકડાએલી રહે છે અને એ રીતે એની આવરદા ટકી રહે છે. જો ઉષ્ણતામાનને કારણે થતી કદની આ વધઘટનું પ્રમાણ બરાબર ન જળવાય તો એના જોડાણ તંગ યા ઢીલા પડી આખી ગોઠવણ છિન્નભિન્ન કરી નાખે.

ટેલ્સ્ટારની અંદરની મુખ્ય સામગ્રી ઍલ્યુમિનિયમના ૨૦ ઇંચના એક ડબ્બામાં ગોઠવેલી છે. અને એ ડબ્બાને મુખ્ય માળખા સાથે જડવાને બદલે બધી બાજુથી નાયલૉનની દોરીઓ વડે બાંધીને વચ્ચોવચ લટકાવેલો છે. આથી કોઈ પણ પ્રકારના ધક્કા સામે એની અંદરના નાજુક સાધનો સલામત રહી શકે છે.

ટેલ્સ્ટાર આ રીતે એક કાર્યરત રેડિયો મથક જેવો જ છે. પૃથ્વી પરથી ૬૩૯૦ મેગાસાઈકલ્સ પર આવતા રેડિયો-સંકેતોને એ ઝીલે છે અને એ સંકેતોને લગભગ ૧૦,૦૦૦ ગણા મોટા કરી ૪૧૭૯ મેગા-

સાઇકલ્સ પર ફરી પાછા 'રીલે' કરે છે.

ભ્રમણકક્ષામાં મૂકાયા પછી એના છઠ્ઠા ચક્રથી એની કામગીરી શરૂ થઇ. તે પછી તેના દ્વારા મોકલાએલા સંદેશાઓને લગતી માહિતીઓ તો અખબારોના વાચકોને સુવિદિત છે ટેલ્સ્ટારની ઉત્પાદક અમેરિકન ટેલીફોન અને ટેલીગ્રાફ કંપનીના ચૅરમન ફ્રેડરિક કૅપલે ઍન્ડે વરથી વૉશિંગ્ટનમાં અમેરિકાના ઉપપ્રમુખ લિન્ડન જ્હૉનસન સાથે ટેલીફોન પર વાત કરી. મેઈન રાજ્યમા ટેલ્સ્ટાર સાથે સંપર્ક રાખવા માટે સ્થાપેલા મથક પર ફરકતા અમેરિકન રાષ્ટ્રધ્વજને ટેલીવિઝન પર દેખાડયો અને સાથોસાથ અમેરિકન રાષ્ટ્રગીત 'સ્ટાર સ્પૅન્ગલ્ડ બૅનર' પણ પ્રસારિત થયું. આ પ્રયોગ યોજના પ્રમાણે તો માત્ર અમેરિકાના વિસ્તાર પૂરતો મર્યાદિત હતો, પણ બ્રિટન અને ફ્રાંસમાં પણ એ ઝીલાયો. બ્રિટન કરતાં યે ફ્રાંસમાં એ માત્ર વીસ જ માઈલ દૂરથી થએલા ટ્રાન્સમિશન જેટલી સ્પષ્ટતાથી પકડાયો હતો.


બીજી રાત્રે ફ્રાંસે ગાયન-વાદનનો મનોરંજક કાર્યક્રમ (અગાઉથી રેકૉર્ડ કરી રાખેલો) રજૂ કર્યો એ પણ સરસ ઝીલાયો. બ્રિટને પણ ગૂનહિલીથી ટેલીવિઝનનાં દશ્યો રજૂ કર્યા, જે અમેરિકામાં સારી રીતે ઝીલાએલાં. એ ઉપરાંત, બ્રિટનના ટપાલખાતાના વડા સર રૉનાલ્ડ જર્મેને અમેરિકન ટેલીફોન અને ટેલીગ્રાફ કં.ના પ્રમુખ મિ. યુજેન મૅકનીલી સાથે આટલાન્ટિક પર વાતચિત કરી, ફ્રાંસથી બ્રિટન આવતી રાજકુમારી ઍનની છબિ રેડિયો ફોટો રીતે મોકલાઈ, ઈત્યાદિ જે જે કાર્યક્રમોની ચકાસણી થઈ તે બધામાં ઠીકઠીક સફળતા સાંપડી છે ને આમ ટેલ્સ્ટારે સંદેશ-વ્યવહારના ક્ષેત્રે અકસ્માત્ એક વિરાટ પગલું ભર્યું છે.

ટેલ્સ્ટારની આવી ઊજળી સિદ્ધિઓ છતાં પણ આ તો હજી શરૂઆત જ છે. આને પગલે 'નાસા'ની પોતાની પણ એક મોટી યોજના છે જેમાં એ 'રીલે' નામે સેટેલાઈટ તરતો મૂકશે.

આર્થર ક્લાર્કે રજૂ કરેલી કલ્પનાને હિસાબે ટેલ્સ્ટાર તો હજી પૃથ્વીથી ઘણો નજીક રહી ભ્રમણ કરે છે અને એટલા માટે એના પરથી આવતા રેડિયો સંકેતોને ઝીલવાનું ક્ષેત્ર પણ મર્યાદિત રહે છે. પણ જ્યારે એ ભ્રમણ કરતો આ સ્ટેશનોની મર્યાદાની બહારના વિસ્તારમાં (દાખલા તરીકે ભારત ઉપર) પ્રવેશે ત્યારે તેનો ઉપયોગ થઈ શકે નહિ. એ માટે તો કાં તો આવા સેટેલાઇટોને હજી વધુ ઊંચે મોકલવા જોઇએ યા તો આવા અનેક સેટેલાઈટના અને પૃથ્વી પર અનેક સ્ટેશનોની હારમાળા રચવી જોઇએ. સેટેલાઈટ જેમ વધુ ઊંચે એમ એના કાર્યક્ષેત્રના વિસ્તાર વધારે. ક્લાર્કની યોજના પ્રમાણે જો એ ૨૨,૩૦૦ માઈલ ઊંચે જઈ શકે તો તો માત્ર ત્રણ જ સેટેલાઈટ વડે આખી પૃથ્વીને આવરી લઈ શકાય. 'નાસા'એ એની યોજના પણ વિચારી રાખી છે જે 'સિંકૉમ' નામે ઓળખાય છે.

સત્તર વર્ષ પહેલાં સેટેલાઈટના આવા ઉપયોગની યોજના રજૂ થઈ ત્યારે તો એ પ્રત્યે ખાસ કંઈ લક્ષ અપાએલું નહિ; પણ આજે એ કલ્પના હકીકત બની શકી છે અને તેના દ્વારા દરિયાપારના ટેલીવિઝન વગેરેની અજમાયેશ પણ ઘણી સફળ થઈ છે. આ પહેલાં છેક ૧૯૨૭માં તો દરિયાપારના મુલકોમાં હજી ટેલીફોન પણ થઈ શકતા ન હતા. અને, દરિયાના પેટાળમાં મૂકેલાં દોરડાં વડે મોકલાતા ટેલીગ્રાફ પણ બહુ સ્પષ્ટતાથી કામ આપી શકતા નહિ. પણ એ જ વર્ષે જ્યારે રેડિયો ટેલીફોન અમલમાં આવ્યો ત્યારે આટલાંટિક પાર પ્રથમ સંદેશ વ્યવહાર સ્થપાયો. જો કે અવકાશમાંનાં ચુંબકીય તોફાનોથી એ પદ્ધતિમાં પણ કેટલીક મર્યાદાઓ તો રહી જ.

પણ એ બધી તકલીફોનો ઈ. ૧૯૫૬માં ઘણોખરો અંત આવ્યો. આટલાંટિક મહાસાગરમાં નવી કેબલ લાઈન નંખાઈ અને એકીસાથે





ટેલ્સ્ટારમાંથી આવતા રેડિયોસંકેતો એક વૉટના એક હજાર અબજમા ભાગ જેટલી શક્તિના હોય છે. ચંદ્ર પરથી પૃથ્વી પર એક સાધારણ હાથબત્તીના પ્રકાશ બતાવવા જેવું એ થયું. એટલે એ સંકેતો ઝીલવા અતિ શક્તિશાળી મથકો જોઇએ. ઉપર બ્રિટનના ગૂનહિલી ડાઉન્સ ખાતેનું ને નીચે અમેરિકાનું એન્ડોવરનું એવું મથક દર્શાવ્યું છે. એન્ડોવરનું મથક આજ સુધીમાં બંધાએલું મોટામાં મોટું 'હૉર્ન એન્ટેના' છે. એનો નીચેનો ભાગ ૩૬૦૦ ચોરસ ફૂટ છે. પોલાદ અને એલ્યુમીનિયમના ગોળ ફરતા એના માળખાનું વજન ૩૮૦ ટન ને તેની કુલ લંબાઈ લગભગ પોણાબસો ફૂટની છે. તેની અંદર મધ્યમ કદનાં ઘર જેવડી બે ઈમારતીમાં સંકેતો પ્રસરિત કરવાની અને ઝીલવાની યંત્રરચનાઓ છે.

૩૬ ટેલીફોન પર વાતોચિતો કરી શકવાની સગવડ થઈ. આમાં નવા ઉમેરાયેલા 'વાલ્વ ઍમ્પ્લીફાયર'ની શોધને લીધે એ વાતચિત ઘણી સ્પષ્ટતાથી સાંભળી શકાતી થઈ.

પછી તો આટલાંટિક પાર બીજી વધુ બે લાઇનો પણ ઉમેરાઇ અને આવતા વર્ષે ચોથી લાઈન પણ કામ કરવા લાગશે. આ ઉપરાંત, પૅસિફિક મહાસાગરમાં પણ કેબલ નંખાઈ રહ્યા છે. લગભગ દર ત્રીસ માઇલે એક એક ઍમ્પ્લીફાયરવાળા આ કેબલની કામગીરી પણ એવી જ સફળ પુરવાર થશે. એ ઉપરાત, બ્રિટિશ કૉમનવેલ્થના દેશોને જોડતી એક કૅબલ યોજના પણ છે જેમા કૅનૅડા, ઑસ્ટ્રેલિયા ને ન્યૂઝીલૅન્ડ હાલ જોડાયાં છે. પછી આગળ અગ્નિ એશિયાના દેશોને પણ જોડી દેવાશે,







પૃથ્વીને ફરતા અનેક સેટેલાઈટો મૂકવાની 'ટેલ્સ્ટાર' જેવી પદ્ધતિ અને 'સિકૉમ' યોજના મુજબ માત્ર ત્રણ સેટેલાઈટ મૂકવાની યોજના સમજાવતી બે આકૃતિઓ. ટેલ્સ્ટારની રીતે ઓછી ઊંચાઈએ ફરતા સેટેલાઈટોમાં એમની અને એ માટેનાં જમીન પરનાં મથકોની ઘણી સંખ્યા, 'સિકૉમ'માં એ સંખ્યા ઓછી છે.

અને એ રીતે દુનિયા આખીને ફરી વળતી કેબલ-યોજના પૂરી થશે. અમેરિકા પણ જાપાન સાથે આવું જોડાણ કરી રહ્યું છે જેમાં હવાઈ ટાપુઓ સુધીની લાઈન તો પૂરી પણ થઈ ગઈ છે. હવે પછીની હવાઈથી જાપાન સુધીની લાઈન દુનિયામાં સૌથી મોટી (૩૯૦૦ માઈલ) હશે.

સહેજે પ્રશ્ન થાય કે જ્યારે કેબલની યોજનાઓ આટલી સિદ્ધિ મેળવી રહી છે ત્યારે સેટેલાઇટ દ્વારા સંદેશવ્યવહાર સ્થાપવાની શી જરૂર છે? એનો પ્રથમ ઉત્તર તો એ કે સેટેલાઇટ લાંબેગાળે સસ્તા પડે તેમ છે. બીજું, કેબલ કરતાં એના વડે એકીસાથે અનેકગણા સંદેશાની આપલે થઈ શકે છે: (ટેલ્સ્ટાર દ્વારા એકીસાથે ૬૦ એકમાર્ગી સંદેશવ્યવહાર થઈ શકે છે. ઉપરાંત ટેલીવિઝનનો એકમાર્ગી કાર્યક્રમ પણ એ જ વખતે મોકલી શકાય છે. (જે કેબલદ્વારા તો ન જ થઈ શકે.) ટેલીગ્રાફ અને ટેલીપ્રિન્ટરના સંદેશાઓ તો આથી યે વધુ સંખ્યામાં એકીસાથે મોકલી શકાય છે.) અને ત્રીજું, એ કે સેટેલાઈટ ભ્રમણમાં મુકાતાં જ દરિયાપારનો આવો વહેવાર તુરત ચાલુ થઈ જાય છે.

બીજી બાજુ, કેબલ સંપૂર્ણ વિશ્વસનીય અને પરિચિત પદ્ધત્તિ છે. વળી, જો સેટેલાઈટ અવકાશમાં ગયા પછી કામ ન આપે તો એની પાછળનો ગંજાવર ખર્ચ બધો એળે જાય.

ઉપરાંત, સેટેલાઈટની કામગીરી શરૂ થાય એ પહેલાં જ એની પાછળનો બધો ખર્ચ પૂરો કરી નાખવાનો હોય છે, જ્યારે કેબલ પાથરવાનું તો ટુકડે ટુકડે થતું જાય અને કામ આપતું જાય. એટલે જેમ ખર્ચ થતો જાય તેમ તેની વસૂલાત પણ થતી જાય.

આમ, કેબલની પદ્ધતિની સામે એક અતિ શક્તિશાળી હરીફ ઊભો થયો હોવા છતાં હજી એનું મહત્ત્વ નાબૂદ થઈ શકે તેમ નથી. હા, સેટેલાઈટની પદ્ધતિ જો સંપૂર્ણ તથા કામ કરતી થઈ શકશે તો કેબલનો ઉપયોગ જરૂર ઘટી જશે. પણ રીતસરનો વ્યવહાર અમલમાં આવવા પહેલાં સેટેલાઈટને કેટલે દૂર મોકલવા, રેડિયોસંકેતો ઝીલવા અને ટ્રાન્સમિટ કરવાની બંને સગવડ એમા ગોઠવવી કે એમને માત્ર રેડિયો-તરંગોના પ્રતિઘોષક તરીકે જ વાપરવા વગેરે સંખ્યાબંધ પ્રશ્નોનું નિરાકરણ હજી બાકી છે.

વિજ્ઞાનીઓ 'સિકૉમ' યોજના પસંદ કરે છે, જ્યારે ટેલીફોન-ઈજનેરો ટેલ્સ્ટાર જેવી પદ્ધતિ આવકારે છે. આમાં સેટેલાઈટ અને રૉકેટ સસ્તાં પડે છે પણ સાથોસાથ એની સંખ્યા પણ એટલી જોઇએ કે દર વખતે આપણા સંદેશા ઝીલવા કોઇ ને કોઇ સેટેલાઈટ તો માથા પર હોય જ. આ માટે તો લગભગ ૧૫૦ થી ૨૦૦ સેટેલાઇટ હોય તો જ ચોવીસે કલાકનો પૃથ્વીભરનો સંદેશવ્યવહાર સ્થાપી શકાય. વળી જમીન પર પણ પુષ્કળ મથકોની સ્થાપના કરવી પડે.

એક વિચાર એવો પણ છે કે 'એકો' જેવાં પણ એથી યે મોટાં બલૂનોને તરતાં મૂકવાં. એથી માત્ર રેડિયો-સંકેતોનું પરાવર્તન જ થઈ શકે, અને તેને માટેની બધી જ સામગ્રીઓ પૃથ્વી પર પાથરવી પડે. અલબત્ત, બલૂનો અવકાશમાં તરતાં મૂકવાનો ખર્ચ પ્રમાણમાં ઓછો આવે, પણ બીજી બાજુ જમીન પરનાં મથકોને એટલો જ ગંજાવર ખર્ચ થાય. અને પરિણામ ચોકકસ નહિ.

આ બધાથી નિરાળો એવો પણ એક વિચાર છે. એમાં લાખો ઝીણી સોયો ને પૃથ્વીની આસપાસ પૂર્વપશ્ચિમ અને ઉત્તરદક્ષિણ એમ બે વલયોના આકારમાં અવકાશમાં વેરી દેવાની યોજના છે. આ સોયો રેડિયો સંદેશ પરાવર્તિત કરી શકે આમાં પણ જમીન પર અનેક મથકો જોઇએ. વળી, આ રીત મોટે ભાગે માત્ર લશ્કરી ઉપયોગના છે. અમેરિકાએ આવો એક પ્રયોગ કરેલો, જે સફળ ન થયો. વળી, રેડિયો દ્વારા ખગોળના નિરીક્ષણોમાં આનાથી બાધા પડવાની સંભાવના છે. ઘણા આશાવાદીઓ માને છે કે આવતાં પાંચેક વર્ષમાં ટેલ્સ્ટારની પદ્ધત્તિ કામ કરતી થઈ જશે, પણ હકીકતે આવી બીજી અનેક વિશાળ યોજનાઓની પેઠે આને પણ કેટલાયે રાજકીય તથા ટેકનિકલ પ્રશ્નો પાર કરવાના રહેશે. છતાં, હાલ તુરત તો ટેલ્સ્ટારે જે શકયતાઓ ઊભી કરી છે એ ઘણી આકર્ષક ને ભવિષ્યમાં અનેક ક્ષેત્રો પર અસર પાડનારી છે.

નાટ્યશિક્ષણની સંસ્થાઓ

★ ચન્દ્રવદન મહેતા



'થીએટર વર્કશૉપ'ની સ્થાપક આ મિસ જૅન લિટલવૂડના પુરુષાર્થી જીવન તથા તેની સંસ્થાનો પ્રેરક પરિચય આ લેખમાં મળશે

આપણે અનાયાસ બ્રિસ્ટલ યુનિવર્સિટીમાં અને ભાઈ ડેવિડની વાતોમાં સરી ગયા હતા. પાછા સાઠસિત્તેર લાખની વસ્તીના અને ૫૦૦ ઉપરાંતના બસરૂટના શહેર (લંડન)માં બેઈસવૉટર રોડ ઉપર આવેલા હોટેલના ખંડની બારીમાંથી રળિયામણો વિસ્તરતો લીલોછમ હાઈડપાર્ક જોતાં નાસ્તો ખાતાં બેઠાં છીએ. ના જી, લંબાણ કરી કંટાળો નહિ આપું. ફૂલચંદ તોલાટ જેવા જૂના વિદ્યાર્થીઓ, નિરંજન પંડયા જેવા નવા દોસ્તદારો, કીર્તિભાઈ ચીનુભાઈ જેવા અસલના સ્નેહીઓ, આડાઅવળા અથડાતા ભારતના ઓળખીતાઓ, એ બધાનો હિસાબ નહિ આપું. રોઝમેરી આન સીસનને ચેલ્સીમાં મળવા ગયા: કીર્તિભાઇને પણ સાથે લઈ ગયો હતો. ત્યાંની વાતચીતનો સાર એટલો કે સાંજે ફ્રિનલૅન્ડમાં મળેલા ફ્લૉરેન્સ ડરવેન્ટના માનમાં યોજાએલા સમારંભમાં હાજરી આપી. એ મહામૂલા દોસ્ત સાથે બેસી ફરી દિલ્લગી કર્યાનો ચિતાર આપીને પણ આપણે સમય નહિ ગુમાવીએ. નાટ્યશિક્ષણની પદ્ધતિસર અપાતી તાલીમનાં કેન્દ્રો જોવાના ધ્યેયને વળગી રહીએ તો જ 'નટ-નાટક-નાટકશાળા'નું આ લેખમાળાનું મથાળુ સાર્થક થાય. હા, છેલ્લે અહીંથી જતાં એક નવી બંધાતી—હવે બંધાઈ ગએલી નાટકશાળાનો ચિતાર તો આપણે મેળવવો જ જોઇએ.

ક્રિકેટર, નાટકકાર, નટ, ગાયક, ચિત્રકાર, એવા કલાકારો જન્મથી જ પોતાનામાં સંસ્કારબીજ લઇને અવતાર ધારણ કરે છે. નસીબ મદદગાર હોય તો એ બીજ પોષવાના સંજોગો સામા આવી મળે છે. નસીબ અવળી ગતિએ ચાલનાર હોય ત્યાં અથાગ પરિશ્રમ થકી સંજોગ ઊભા કરી કલુષિત વાતાવરણમાંથી યે રસ્તા કોતરવા પડે છે, અને એમ ઘણી વાર રસ્તા કોતરતાં આયુષ્યની ખરચી ખૂટી પણ જાય છે.

આપણે ત્યાં તો આ દિશામાં તાલીમની વ્યવસ્થા વિચારવા બેસનારાઓની સામે પણ ભીંત ખડકાવવામાં માનનારા પડયા છે; પણ એ દેશોમાં નાટ્યશિક્ષણને એક અતિ મહત્ત્વનું કેળવણીનું અંગ ગણવામાં આવ્યું છે. નવાંનવાં નટનટીઓ અભિનયકલામાં વિકાસ સાધતાં જાય છે અને એમના અનુભવમાંથી તાલીમની વ્યવસ્થાનું સ્વરૂપ સુધારાતું જાય છે. ભરતાચાર્યે અભિનય ઉપર પ્રકરણો લખ્યાં; બરાબર. સૈંકડો વર્ષો પહેલાં; કબૂલ. એમાંથી પા ભાગની પણ મળતી રહે એવી તાલીમ મેળવવા આજે એમાંનું કયાં યે એકે કેન્દ્ર હયાત નથી. ત્યાં ઇંગ્લંડમાં તો એવો કોઈ ભરતાચાર્ય પાકયો નથી, માત્ર એક શેક્સપીઅર નાટકલેખક, નટ, રજૂઆત કરનાર, પોતાના નાટકમાં જ પાત્રોને મોઢે નટની તાલીમ માટે પાઠ ભણાવે છે. છતાં ત્યાંથી માંડી અનુભવના નિચોડમાંથી ઊભાં કરેલાં કેન્દ્રોમાં વ્યવસ્થિત કરેલાં જીવંત તાલીમ કેન્દ્રો તરફ ભારતવાસીઓને નજર દોડાવવી પડે છે. ચાલુ સદીમાં ભરતાચાર્યના અવતાર જેવા, મૉસ્કોના સ્તાનિસ્લાવસ્કીએ નટની તાલીમ માટે નવતર શાસ્ત્રનાં પ્રસિદ્ધ અને પ્રમાણભૂત, સંગીન સદ્ધર સૂત્રો ઉપજાવ્યાં, અભ્યાસ કરાવી અમલમાં મુકાવ્યાં, છતાં એના ગુજર્યાને હજી તો બે દાયકા થવા આવ્યા છે તોયે એ સિદ્ધાંતોને ચકાસનારા, નાણી જોનારા, અનુભવની ભઠ્ઠીમાં તાવી જોનારા, એમાંથી સારુંનરસું છૂટું પાડનારા ઇંગ્લંડ ફ્રાન્સ જર્મની અને અમેરિકાના અનેક પંડિતો ઝીણવટભરી વિવેચના કરી, અભિનયકલાની તાલીમની વ્યવસ્થા મઠાર્યા કરે છે. રોજ ને રોજ નવું અને નવું વિચાર્યા કરે છે!

યુરોપમાં એવાં વ્યવસ્થિત કેન્દ્રો ઘણાં છે. વળી એમાં સંગીત માટે ખાસ જર્મની–ઇટાલી–ફ્રાન્સમાં, નૃત્ય માટે ખાસ રશિયા–સ્વીડન–ડેનમાર્ક–હૉલૅન્ડ–જર્મની–ફ્રાન્સ–ઇંગ્લંડમાં, નાટક માટે ખાસ ઇંગ્લંડ–ફ્રાન્સ–બેલ્જિયમ–રશિયા–ઈટાલીમાં, જેવી શૈલી-જેવો ઘાટ-જેવો પ્રકાર–એ પ્રમાણે શીખવા મળે એવી વ્યવસ્થા છે. વળી, ખાનગીમાં અભિનયકલા શીખવનારાં કેન્દ્રોની તો નાટકનાં છાપાંઓમાં જાહેરાત આવ્યા જ કરે; મેરિયન નેલરના વર્ગો, ઈટાલિયા કૉન્ટીની સ્ટેજશાળા, ન્યૂ ઇરા અકાદમી, વેલરી હૉવેન્ડનના વર્ગો, એ બધાં જોવા જઈશું તો પહોંચી પણ નહિ વળીએ. અડસઠ તીરથમાં મુખ્ય તીર્થ તો ચાર, એમ આ ક્ષેત્રમાં પણ મુખ્ય જે છે એને જ તપાસીશું.

અભિનયકલાનો પાયો શામાં? નટ પાસે સૂતરાં સાધન કિયાં? અંગના અવયવો, અને ગળાનો અવાજ. અવયવોને 'સપલ'–ઝટ વળે એવા, કહ્યાગરા, મુલાયમ, નરમ બનાવવા જ જોઈએ; એટલે ગોટલાઓને માખણ જેવા નરમ ધેંશ, અને કરવા ધારો ત્યારે લોખંડ જેવા નક્કર બનાવવા જ પડે. મુંબાઇમાં એક નાટકમાં તાજેતરમાં એક લશ્કરી અફસરનો પાઠ કરતા એક ઠીક જાણીતા યુવાન નટને મેં જોયા હતા. ન્યાતના જમણવારમાં રગદોળાતું અબોટિયું પહેરી, હાથ કરતાં લાંબી બાંહ્યનું રેશમી પહેરણ પહેરી વરણાગિયા પીરસવા નીકળે, અને ઘડીમાં અબોટિયું, જરામાં પહેરણની બાંહ્ય બચાવવા ફાંફાં મારે, અને કેડ-કમ્મર સદાનાં વળેલાં રાખી ભાઈ રસળે, એમ એ લશ્કરી પોષાકમાં કૅપ્ટન કે મેજર સાહેબ લફડતા હતા. મેં એમના વળમાંના કોઇને પૂછયું પણ ખરું કે આમ કેમ? તો કહે કે એ બિચારાને ફોજમાં તાલીમ લેવાનો કયાંથી અનુભવ હોય?! રબર જેવાં હાડકાં થવાં જોઈએ; અને કંઠના અવાજમાં રણકો, તાકાત, તેમજ મનને મુગ્ધ કરે એવી મીઠાશ હોવી જોઈએ. પાંચ મણ વરિયાળી ખાઓ કે બે મણ બદામ-સાકર ખાઓ, એ ગમે તે કરો, મરચાં ત્યજો, દૂધ પીઓ, પણ અવાજ નિર્મળ વહેતા પાણીના ઝરા જેવો સુકોમળ બનાવવો જ જોઈએ. કર્કશ, ઘર્ઘર, ખખરાટવાળા, જડ, અસ્પષ્ટ ઉચ્ચારવાળા અવાજથી રંગભૂમિ ઉપર નહિ ઊતરાય. એટલે સૌથી પ્રથમ તો સંગીન સ્વરકેળવણી આપવામાં પંકાએલી એવી 'સેન્ટ્રલ સ્કૂલ ઑવ સ્પીચ ઍન્ડ ડ્રામા' જ લઈએ. ઈ. ૧૯૦૬માં શરૂ થઈ. લૉરેન્સ ઑલિવિયરે અહીં પોતાની અનુપમ નાદશક્તિ કેળવી.

એ નાદ કે સાદશક્તિની કેળવણી માટે વૈજ્ઞાનિક પદ્ધતિથી સંશોધન કરી, નિષ્ણાત ડૉકટરોની મદદથી આ દિશામાં અહીં તાલીમ

અપાય છે. સ્વિસ કૉટેજ સ્ટેશન પાસે આવેલી આ સંસ્થામાં મેં એક આખો દિવસ ગાળ્યો. વર્ગેવર્ગે ફેરવીને, ત્યાં બેસવા દઇને મને એમણે બધું બતાવ્યું. સાદ યા વૈખરીના વાણાતાણાથી માંડી શબ્દના ઉચ્ચારનો મરોડ, એનું વિધાન, એનો ભાર, એનું વજન, અમુક જ પ્રકારનું અમુક જ દિશામાં એનું વિસ્તરણ, સંગીતના સપ્તકમાં એનું સ્થાન, એમાં ફેરફાર, એની કર્ણપ્રિયતા, એની સચોટતા, એની સ્પષ્ટતા, સ્વરવ્યંજનના ભેદ, એનો મર્મ, એનું વિજ્ઞાન, એવાં એવાં વિવિધ પાસાંનો વિચાર કરીને ઘડેલું આખું શિક્ષણ. એ જોઈ જાણી હું તો છક જ થઈ ગયો હતો. ઘરમાં નાના બાળકોએ કેમ બોલવું એ માટે પણ આ દેશમાં શિક્ષણ આપવામાં આવે છે (અહીં, આ સ્વરશાળામાં નહિ, એ તો સાધારણ અભ્યાસક્રમમાં) તો નાટક ભજવતાં બોલવાની ક્રિયાને આટલું મહત્ત્વ અપાય એમાં શી નવાઇ?

આ બધું જાણો, ભણો, પછી જ કાવ્યવાચન થઇ શકે. સમજદારીથી કાવ્યવાચન કરતા બેત્રણ વિદ્યાર્થીઓને સાંભળ્યા. ગમે તેવી અઘરી અટપટી કવિતા હોય તો ય એને અર્થ પ્રમાણે બોલી બતાવી શ્રોતાના હૃદયમાં સોંસરવી ઉતારવાની કળાનો સોમો ભાગ પણ જો આપણી પ્રાથમિક નિશાળોમાં શીખવવામાં આવતો હોય તો યે ભલી વાત. પણ આજે તો ક્યાં ય ગુજરાતમાં 'રેસિટેશન' જ (મુખપાઠ જ) રહ્યું નથી ત્યાં કાવ્યવાચનની, અર્થ સમજીને અર્થ સમજાય એવી રીતે વાંચવાની તો વાત જ ક્યાં? અને એમાં વળી અર્થની સ્પષ્ટતા અને ભાવ દર્શાવતાં વાંચવાની વાત જો કરીએ તો તો માબાપ કહેશે, છોકરાં બગડી જાય! શિક્ષક કહેશે આમ શીખવવાનો પ્રકાર અમારા નવા શિક્ષણશાસ્ત્રમાં છે નહિ; વર્ગમાં ન શીખવાય! એક આ 'નવા શિક્ષણશાસ્ત્રે' પણ ઘર ઘાલ્યું છે!

એવી જ બીજી સંસ્થા તે 'રૉયલ અકાદમી ઑવ ડ્રૅમૅટિક આર્ટ' જે આર.એ.ડી.એ.થી પ્રખ્યાત છે. શાહી ફરમાનથી ઈ. ૧૯૨૦માં શરૂ થએલી એ સંસ્થા નાટ્યને લગતો દરેક વિષય શીખવે છે; નાટકો ભજવાવે, રોજિંદી તાલીમ આપે. ત્રીજી સંસ્થા તે 'બ્રિટિશ ડ્રામા લીગ'. એના સંચાલક વયોવૃદ્ધ ફ્રાન્સિસ મૅકેન્ઝીની કામ કરવાની ધગશ જ આપણને દંગ કરી દે એમ છે. ત્યાં તો વળી ભજવવા યોગ્ય નાટ્ય-પુસ્તકોનો ભંડાર. માગો તે નાટક તરત મળે; ભજવવાની પ્રત માગો તો તે પણ મળે. જુદીજુદી જાતના અભ્યાસક્રમ. નાટ્યકલા શીખીને કેવળ પ્રોડ્યુસર થવું હોય તો તેમ, કેવળ સ્ટેજ ક્રાફ્ટ શીખવો હોય તો તેમ, એમ અમુક વિશિષ્ટ ક્ષેત્રમાં નિષ્ણાત થવાનો પ્રબંધ પણ કરવામાં આવ્યો છે. ત્રણચાર માળના એક જૂના મકાનમાં જાતજાતના ખંડમાં આ નિશાળ ચાલે છે. ત્યાં એના અભ્યાસક્રમ અને રીહર્સલોની તાલીમ જોઈ. અંગ-અવાજની કેળવણીના પાયા તો બધે જ નંખાય છે. અહીં ભાવપ્રદર્શન ઉપર ભાર મૂકવાની ક્રિયા અને કસરતો જોઇ. આપણે સૌ કરી શકીએ એવી, અને કરવા જઇએ તો પછડાઈ પડીએ એવી આ બુદ્ધિપૂર્વક યોજેલી કસરતો જોવાનો અનેરો લ્હાવો મળ્યો. દિવસને છેડે વિદ્યાર્થીઓ સાથે બેસી વાર્તાલાપ કર્યો, ત્યાં જણાયું કે બધા જ મારા વ્હાલા ભારત આવવા તૈયાર હતા! એ ઉપરાત એક વાત કબૂલ કરું, કે ભારતમાં ઘણે ઠેકાણે મેં ભારતીય નાટ્યકલા સંબંધી ભાષણો તથા વાર્તાલાપ કર્યા છે, એમાં જેટલી જિજ્ઞાસાવૃત્તિ આપણે ત્યાં વિદ્યાર્થીઓમાં જોઇ છે એના કરતાં આ મંડળીમાં ભારતીય નાટ્યસાહિત્ય માટે વધારે જિજ્ઞાસા જોઈ. પણ એનું કારણ છે. એક તો આ મંડળીમાંના સૌ નાટ્યશિક્ષણના વિષયને જ મહત્ત્વ આપી ભણવા એકઠા થયા હતા; (આપણે ત્યાં પણ એવાં અભ્યાસીમંડળોમાં ક્યાક એવી જિજ્ઞાસા જોવામાં આવી છે) બીજું કારણ તો સ્વાભાવિક છે, તે એ કે એમની રગેરગમાં નાટક છે, અને વિદ્યાર્થીઓમાં ભણવાની ધગશ છે. ધગશ છે. કારણ કે એમાંથી રોટલો અને કારકિર્દી બંને પેદા કરી લેવાનો આત્મવિશ્વાસ છે.


ડ્રામા લીગની પ્રવૃત્તિઓ અનેકવિધ છે. પુસ્તકોનો સંગ્રહ તો રાખે, હજારો નાટકોની યાદી બનાવે, નાટ્યવિષયનાં પુસ્તકો પ્રકટ કરે, ઇંગ્લંડ ભરમાં પોતાની શાખાઓ સ્થાપી નાટકોની હરીફાઇઓ યોજે, મૌલિક અપ્રકટ નાટકો સારાં હોય તો એમને પારિતોષિક આપે, પ્રકટ પણ કરે ને ભજવાવે, નાટકોની હરીફાઈ કરતી વખતે કેવી રીતે ચકાસણી કરવી એના નિયમો ઘડે, નિર્ણાયકોની લાયકાત નક્કી કરે, એમની યાદી રાખે, રોજિંદા નાટ્યશિક્ષણ ઉપરાંત ત્રણ કે ચાર અઠવાડિયાંનાં ભણતર-સત્રો યોજે, 'નાટક' નામનું ત્રિમાસિક પ્રકટ કરે, બાળનાટકો, નિશાળને ઉપયોગી નાટકો, એની રજૂઆત વગેરે નાટ્યશિક્ષણના વિવિધ પાસાંપડખાં ઉપર સલાહ-સંમેલનો યોજે, એવાએવી પાર વગરની પ્રવૃત્તિઓથી એ ધમધમી રહે છે. વળી એણે એક 'ડ્રામા બોર્ડ ઑવ ગ્રેઈટ બ્રિટન' સ્થાપ્યું છે. એમાં ધંધાદારી નટનટીઓ, એટલે જે નટનટીઓ ધંધાર્થે આ શિક્ષણ લેવા માગતાં હોય એવાંઓ કાજે આ વિષયમાં જુદો જ અભ્યાસક્રમ નક્કી કરી શીખવે છે. એમાં બહુ તફાવત નથી, પણ અઘરાં નાટકોની ભજવણી અને નાટ્યસાહિત્ય તથા એની વિવેચના પરત્વે ઊંડું જ્ઞાન પમાય એવો પ્રબંધ કરવામાં આવ્યો છે.

'લંડન અકાદમી ઑવ મ્યૂઝિક ઍન્ડ ડ્રામા' સ્વાભાવિકરીતે જ સંગીત ઉપર ભાર મૂકી નાટ્યશિક્ષણ આપે છે. દર સાલ અકેક સરસ નાટક—આઇનેસ્કોનું કે સાર્ત્રનું કે ગિરૅદોનું, કોઈ પણ નવા યુરોપિયન-અમેરિકન લેખકનું નાટક લઈ, ખાસ તૈયાર કરાવી, વર્ષ પહેલાંથી જે મળે તે નાટકશાળા ભાડે રખાવી, ધંધાદારીને મુકાબલે અને ધોરણે ભજવે છે, ને જામ્યું તો ભજવ્યા જ કરે છે. આ અકાદમી સ્થપાયાને જ સો વર્ષ તો થઈ ગયાં. ઈ. ૧૮૮૦માં સ્થપાએલી અને સંગીત તથા નાટ્યનું શિક્ષણ આપતી બીજી સંસ્થા તે 'ગિલ્ડહૉલ સ્કૂલ ઑફ મ્યૂઝિક ઍન્ડ ડ્રામા'માં પણ સંગીત ઉપર લક્ષ વધારે. આ બધાંની સાલ દર સાલ ભજવાએલી લાંબી યાદીમાંથી થોડાં જ નામો વાંચતાં ખયાલ આવશે કે નાટકભજવણીમાં પસંદગી વખતે દેશપરદેશની સરહદો એમને નથી નડતી. હાન્સ ઍન્ડર્સનનું 'સ્નો ક્વીન' કેસરલિંગનું 'આર્સેનિક ઍન્ડ આલ્ડલેસ' ઑગસ્ટસ ગોએટ્ઝનું 'હૅરેસ' પ્રીસ્ટલીનું 'ડેન્જરસ કૉર્નર' જોસેફીના નીગલીનું 'ધ રેડ વેલવેટ ગોટ' ક્વિન્ટેરોભાઇનું 'ધ વીમેન હેવ ધેર વે' અગાથા ક્રિસ્ટીનું 'ધ હૉલો' યુરીપીડિસનું 'ટ્રોજન વીમેન' ડૉરૉથી સૅયર્સનું 'મૅન બૉર્ન ટુ બી કિંગ' આદિનો સમાવેશ થાય છે. જાણી જોઈને થોડાં અજાણ્યાં નામો ધ્યાનમાં રાખી આ યાદી મેં આપી છે તે એટલા માટે કે ભજવાય એવાં નાટકોનો કેટકેટલો વિસ્તાર હજી આપણે વાંચવા વિસ્તારવાનો બાકી છે એનો ખયાલ આવે. રૉબર્ટ ઓ'નીલની 'ઍક્ટર્સ વર્કશૉપ' અને સ્ટીવન જોસેફની 'થીએટર ઈન ધ રાઉન્ડ' એ બે સંસ્થાઓમાં ખાસ કરીને અનુભવની તાલીમ અપાય છે, અને બંનેએ પોતપોતાની દિશામાં સારી નામના કાઢી છે. રૉસબર્ફોર્ડની નાટ્યશિક્ષણની શાળા તો લંડનમાં જ્યારે જ્યારે નાટક ભજવે છે ત્યારે ભાગ્યે જ ભજવાયું હોય એવું નાટક હાથ ધરી રજૂઆતકળામાં દાંતમાં આંગળાં પકડાવે છે.

આમ દસ પંદર કરતાં પણ વધારે, ઉત્તમ કહેવાય એવી, તો કેવળ લંડનમાં જ, અને એથી યે વધારે બ્રિસ્ટલ, માન્ચેસ્ટર, બર્મિંગહામ, એડિનબરઅ, ગ્લાસગો વગેરે શહેરોમાં નાટ્યશિક્ષણના અભ્યાસવર્ગ ચલાવતી પંકાએલી નિશાળો છે, કોક સંસ્થા કેવળ અભિનય ઉપર



ડાબી બાજુ: વાક્છટા આણવા માટે જડબાંથી સ્વતંત્રરીતે હોઠ અને જીભની હિલચાલ કેળવવા સારુ બે દાંત વચ્ચે નાની ભૂંગળી પકડાવીને અપાતી તાલીમ; જમણી બાજુ: નાટ્યશિક્ષણ માટે તૈયાર થતાં શિક્ષક-શિક્ષિકાઓના એક સમૂહ સમક્ષ વ્યાખ્યાન આપતા અધ્યાપનમંદિરના અધ્યક્ષ ડૉ.સી. જે. ફિલિપ્સ



'સેન્ટ્રલ સ્કૂલ ઑવ સ્પીચ ઍન્ડ ડ્રામા'ના શિક્ષણનાં બે દશ્યો

તો કોઇ કેવળ રજૂઆત ઉપર, એમ વિશિષ્ટતા મેળવવા ભાર મૂકે છે; પણ સો સો વર્ષ પહેલાંની નિશાળો યે આજે ચાલુ છે. નવી નિશાળો નીકળતાં એમણે અદેખાઇના માર્યા ઉહાપોહ નથી કર્યો કે એ ચાલતી બંધ નથી થઇ ગઈ. નવીનવી સંસ્થાઓ નીકળતી જાય છે, બધે વિદ્યાર્થીઓનો પૂરો ધસારો હોય છે. રૉયલ ઍકેડેમી, કે સ્પીચ ઍન્ડ ડ્રામા, કે બ્રિટિશ લીગ જેવીમાં તો દાખલ થવાની જ મુસીબત પડે એવી સ્થિતિ છે. અને એ બધી સંસ્થાઓ જાતજાતનાં નાટકો કરે છે. એકલા શેક્સપીઅરની ભજવણીની જ કેટલી બધી નિશાળો છે! અને પરદેશના નાટકકારોનાં નાટક મેળવવા યા તે રજૂ કરવામાં એમને કશા બાધ નડતા નથી, એ જોતાં ત્યાં નાટ્યનો વિષય કેટલો જીવંત છે, પ્રજા કેટલી જાગ્રત છે, નટ કેટલા ખંતીલા છે અને સરકાર કેટલી મદદગાર છે એનો ખયાલ આવી જાય છે.

અને અધ્યાપકો? દરેક સંસ્થામાં પાંચથી દસ શિક્ષકો. ઉપરાંત નિષ્ણાતો—એટલે કે આપણે ત્યાં આવડા મોટા દેશમાં જેટલા વિદ્યાર્થીઓ ન મળે, એનાથી વધારેની સંખ્યામાં એ નાનડકા દેશમાં દુનિયાભરના નાટ્યસાહિત્યનો નિચોડ જાણનારા બૅરેટ ક્લાર્ક કે નિકોલ જેવા વિદ્વાન પ્રોફેસરો મળી આવે છે. નિકોલનું 'વર્લ્ડ ડ્રામા' એક પુસ્તક જ એનું જીવંત સાક્ષી છે. તે જ પ્રમાણે રોશની નાખવાના કામના ને વેશભૂષાના જાણકાર, રજૂઆતમાં ખાં ને મેઇકઅપના ઉસ્તાદોનો પણ તોટો નથી. અને આ બધા જ પ્રોફેસરો કંઇ નટ નહોતા કે નટ નથી, છતાં અભિનયકલા શીખવી શકે છે. નટનટીમાંથી લાંબે કાળે ફારગત થઇને આ કલા શીખવનારાઓ તો વળી ગણ્યા ગણાય નહિ એટલા છે જ, હોય જ.

નાટ્યકલાના શિક્ષણમાં કઈ બાબતનું એ પ્રજાએ શાસ્ત્ર નથી બનાવ્યું! નાટ્યસ્પર્ધા માટે નિર્ણાયકોની લાયકાત માટે થોથાં લખાયાં છે. તેઓ નાટક ચકાસવા બેસે ત્યારે એમની આગળ કઈ જરૂરી સામગ્રી હાજર રાખવી, ત્યાંથી માંડી એમને માટે જોવાના નિયમોની યાદી પણ રાખવામાં આવે છે; એટલું જ નહિ પણ હવે તો, ઇંગ્લંડનું જેમ એક કાળે ચારે ખંડમાં સામ્રાજ્ય વિસ્તરતું હતું એમ દર સાલ 'ગિલ્ડ ઑવ ડ્રામા ઍડ્જ્યુડીકેટર' તરફથી લાયક માણસોની એમની લાયકાત સાથેની એક યાદી પ્રગટ કરવામાં આવે છે. ઇંગ્લંડમાં જે નિષ્ણાતો છે એ તો ખરા જ; પણ ઑસ્ટ્રેલિયા, કૅનૅડા, ન્યૂ ફાઉન્ડ લૅન્ડ ને આફ્રિકામાં પણ કોણકોણ લાયક, અનુભવી, સમજદાર, તટસ્થ આ કામ માથે લેનાર વ્યક્તિઓ છે, એનાં નામનો પણ એમાં સમાવેશ થાય છે. આ યાદી સાથે સરકારને કશો સબંધ નથી, છતાં સૌ કોઇ આ સંસ્થાને માને છે. એ 'જજો'નો હાઇકોર્ટના ન્યાયાધીશો જેટલો જ મોભો છે, અને હરીફાઇઓમાં એમાંથી જ નિર્ણાયકો નીમવામાં આવે છે. આપણે ત્યાં તો હજી પૂરાંપાધરાં પાંચ નામો એકઠાં કરવા બેસીએ તો યે નાકે દમ આવી જાય; જ્યારે મારી પાસે છેલ્લી છપાએલી યાદી આવી છે એમાં કક્ષાવારી પ્રમાણે ગોઠવેલાં ૩૦૦ ઉપરાંત નિષ્ણાતોનાં નામો છે. એમાં નાટ્યશિક્ષણ સાહિત્યના પ્રખ્યાત વિવેચકો-અધ્યાપકોનો પણ સમાવેશ થાય છે. આપણે તો હજી પ્રથા પણ નથી પાડી; પ્રથા ઘડી પણ નથી; પ્રામાણિક ઘડાય એની સાવચેતી પણ રાખી નથી.

આપણે અહીં તો (જાણો છો ને?) સરકારી અધિકારીઓને ખુશ રાખવા એમની વહુઓને પણ જજ તરીકે પસંદ કરી બેસાડી દેવામાં આવે છે! એ વેળા આ વહુસાહેબાઓ (તેઓ મને માફ કરે) ના કહેવાની પણ હિંમત બતાવતાં નથી એ દુ:ખનો વિષય છે. દિલ્હીની એક નાટ્ય સેમિનારમાં, લિખિત ભાષણમાં, જગદીશચન્દ્ર માથુર જેવા આઈ સી.એસ. હાજર હતા ત્યાં, "આઈ.સી.એસ.નાં ધર્મપત્ની બનતાં જ એ બાઇઓમાં નાટ્યવિષયનું સ્વયંભૂ જ્ઞાન આવી જાય છે, અને એમને નાટ્ય હરીફાઇઓમાં જજ તરીકે બેસાડવામાં આવે છે" એવું વિધાન મેં કર્યું ત્યારે એમણે મારી પીઠ થાબડી હતી. એ નાટકના જાણકાર છે એટલે અને એમનાં વહુ એમ એકાએક જજ થઇ બેસતાં નથી એથી. પણ વચગાળે આ વાયરો ભારે વેગથી ચાલ્યો હતો. ત્યાર બાદ આઈ.સી.એસ. પછી સામાન્ય અધિકારીઓની વહુઓ ગોઠવાવા માંડી. એ મારી વ્હાલી બહેનોના ઘરસંસાર ચલાવવાના જ્ઞાન વિષે, એમના પતિ પ્રત્યે સેવાપરાયણતા બતાવવા વિષે મને જરા યે શંકા નથી; એમની એ આવડતને માટે મને માન છે; પરંતુ નાટ્યસૃષ્ટિમાં કશા પણ અનુભવ-આવડત વિના ન્યાયાધીશની ખુરશી ઉપર એ બાનુઓ ચડી બેસે છે ત્યારે મને આટલી ટકોર કરવાનું મન થાય છે કે જે બહેનો અને ભાઇઓ રંગભૂમિ ઉપર આવે છે એમણે જેવીતેવી પણ જે કંઈ થોડી તાલીમ લીધી હશે, એટલી તો તાલીમ તમે લ્યો! થોડું વાંચો, જાણો ને પછી ચકાસવા આવો તો અમને વાંધો નથી; યા એ સંબંધી તમારું જ્ઞાન હોય, અનુભવ હોય, અને એના હક્કે ખુરશી ઉપર બેસો તો યે ખુરશી તમને મુબારક; પણ આપ અધિકારીઓની વહુઓ છો, એટલી લાયકીને કારણે આવતાં હો તો તો આપ માનવંતાં બાનુનું ક્ષેત્ર પતિ મહાશયને પડખે રહી એ જ્યારે ઇનામના મેળાવડાના પ્રમુખ થાય ત્યારે આપ એમના કર્કશ હાથને બદલે આપના

સુકોમલ હાથે ઈનામોની લહાણી કરો, વિજેતાને ચ ઢ્રુક ચોડો, પતિ સાથે હાર પહેરી શોભામાં વૃદ્ધિ કરો, એટલું જ બસ છે. આ દિશામાં જેવું બિહૂદું આપણે ત્યાં ચાલે છે એવું બિહૂદું ઈંગ્લંડ-યુરોપમાં નથી; ના જી, નથી. ઉપરનો ટાણો એક બહેનને હાડોહાડ લાગી જતાં એમણે મારી સામે દલીલ કરી કે 'શું અમને નાટક જોવાની સમજણ નથી? જે કોઈ નાટક જોવા જાય છે, એ અમુક સમજણ લઇને જ જાય છે. સામાન્ય માણસને પણ એટલું તો જજ કરતાં આવડે અને એનો મત સ્વીકારાવો જોઇએ.' કબૂલ: પણ અરધે ભાગે. સામાન્ય માણસ-'કૉમન મૅન'નો હમણાં જે હાઉ ઊભો કરવામાં આવ્યો છે એ બતાવવાથી હું ડરી જાઉં એમ નથી. સામાન્ય માણસના મતને યે માન આપવું જરૂર, બેશક; તે જે હાજર રહેલા હોય એમાંથી યા અગાઉથી કોઈ પણ બસ-કંડક્ટર, શૉફર, એન્જિન ડ્રાઈવર યા કોઇ શિક્ષિકા, સેવિકા, અભિસારિકા ગમે તેને ચૂંટી બેસાડો, મને વાંધો નથી; પણ હજી સુધી એવો દાખલો નોંધાયો હોય એવું મારી જાણમાં નથી. આ જજ બાનુઓ સામાન્ય માણસના જૂથમાંથી નથી આવતાં. એ હકીકત છે–સત્ય છે કે એ તો એમના ધણીની ધર્મપત્ની હોવાને દાવે જ આવે છે.

અને ભાઇઓમાંથી પણ ત્રણ નિર્ણાયકોમાંથી એક તો મોટે ભાગે અદાલતના ન્યાયાધીશને આપણે નીમતા! એમના કાયદાના જ્ઞાનને માટે અમને બહુ માન; એમની તટસ્થ વૃત્તિ દાખલો બેસાડે એવી; એમનું સાહિત્ય વિષેનું જ્ઞાન પણ કેટલાક દાખલાઓમાં સારું ચોક્કસ. પણ એ તટસ્થતા કેળવાઈ છે, સ્વભાવ જેવી બની ગઈ છે, બે બાજુની દલીલોને કેવળ નોંધાએલા કાયદાના કોઠામાં ઉતારીને જ તુલના કરવા માટે. એ જ્ઞાન અને એ અનુભવથી કાંઈ એ નાટકના નિર્ણાયક નિમાવાને લાયક નથી બની જતા. સંસારમાં એક સત્ય ઘટના બને તે અદાલતમાં સત્ય ન પણ ગણાય. કાયદાની સૃષ્ટિમાં એની સત્યતા ઘટાવાવી જોઇએ, કલમની ચુંગાલ–સાણસીમાં એ પકડાવી જોઇએ, તો જ એ સત્ય, નહિ તો અદાલતને આંગણે એ સત્ય નહિ. રંગભૂમિ પરનું સત્ય પણ એમ રંગભૂમિના નિયમોને અનુસરીને ઘડાએલું છે.

આપણે આગળ જોઈ ગયા તે 'ધ હોસ્ટેજ' નાટકના લેખક બ્રેન્ડન બિહાન એક વાર ચાલુ નાટકે પ્રેક્ષકોમાંથી બેઠાબેઠા પાઠમાં કરેલા ફેરફાર માટે બરાડા પાડી તોફાને ચડયા. થીએટરના માલિકે એને પકડી બહાર કાઢયા. માલિક કહે મારે મારાં નટ-નટીનું રક્ષણ કરવું જ જોઇએ, એ દાવો. લેખક કહે 'મારા લખાણને થતા અન્યાયમાંથી મને રક્ષણ મળવું જ જોઇએ', એ દાવો. આ દાવા અદાલતમાં ચૂકવાયા. ન્યાયાધીશનું નાટક ને નાટકશાળા સંબંધી એ કામ. એ સુનાવણીમાં લંડનમાં હું હાજર હતો. મઝા આવી. થીએટરનો માલિક જીત્યો. ચાલુ નાટકે એવી ધાંધલ ન કરાય. અને લખાણ બદલવાની વાત તો રૉયલ્ટીના કરારનામામાંની કલમો ઉપર આધાર રાખે. આ થયો નાટક નાટકશાળાના વહીવટી જ્ઞાનનો વિષય. ત્યાં ખસૂસ ન્યાયાધીશે ચુકાદા આપવા રહ્યા. એમ જ ડૅન વૉનબ્રુકના અભિનયકલા ઉપરના છ વાર્તાલાપોનું પુસ્તક વાંચી જાઓ. અમાં એક સરસ દાખલો છે. ગાલ્સવર્ધીના એક નાટકમા એ ઊતર્યા હતા. એમાં કેદખાનાનું પીંજરું આવે. ગાલ્સવર્ધી પ્રોડયુસરને એની મરજી વિરુદ્ધ ત્યાંની જેલમાં પીંજરાની લંબાઇ-પહોળાઈ માપવા લઈ ગયા. મપાયા પ્રમાણે 'રીઆલિસ્ટિક' સેટ બનાવાયા. પ્રેક્ષકોને એ સત્ય ન રુચ્યું. નાટક ઊડી ગયું. ફરી વાર થોડા દિવસ રહી એ જ નાટક, પ્રોડયુસરે પોતાની દૃષ્ટિથી, સમજણથી રંગભૂમિને માફકના માપનું કેદખાનું બનાવીને રજૂ કર્યું. નાટક ઊપડયું. પીંજરાનું માપ, બહારના સત્ય કરતાં રંગભૂમિના ધારાધોરણના સત્ય પ્રમાણે હતું, એટલે રંગભૂમિનું અલાયદું સત્ય છે, એના જાણકાર સમજદાર ન્યાયાધીશ હોઈ શકે. હા, અપવાદ ખાતર કોઈ હિઝ લૉર્ડશિપે આ વિષયનો અભ્યાસ કર્યો હોય, એ વિષયમાં અનુભવ લીધો હોય તો થઈ શકે ખરા. બાકી કેવળ કાયદો ભણવા લંડન જનારા બૅરિસ્ટરો, સાંજને ખોળે, કદીક લંડનના વેસ્ટ એન્ડમાં લટાર મારતાં કોઈ એકાદ નાટક જોવા કોઈ નાટકશાળામાં ઘૂસી ગયા હોય અને અહીં બારિસ્ટરીને દાવે, યા કાયદાના અનુભવે ન્યાયાધીશ થઈ બેસે ને એ ન્યાયાધીશીને દાવે રંગભૂમિના વિષયમાં સૂત્રો પડકારવા મંડી પડે, યા નાટયસ્પર્ધામાં નિર્ણાયક થવાનો દાવો રાખે, તો એ વાત ગળે ઊતરતી નથી. જે ઈંગ્લંડમાં એ કાયદા શીખવા જાય છે ત્યાં એવું નથી; ત્યાં તો નાટય હરીફાઈના નિર્ણાયકોને એ માટે જ ખાસ તૈયાર કરવામાં આવે છે. આ બાબતમાં વધારે વિગતો જોઈતી હોય તો લખો 'ગિલ્ડ ઑાવ ડ્રામા ઍડજ્યુડીકેટર્સ', બેડફોર્ડ સ્કવેર, લંડન ડબ્લ્યુ. સી. ૧. એના મંત્રી જાણીતા નાટય-વિવેચક મિ. પરડોમ છે. એ આ બાબતમાં વધારે પ્રકાશ પાડશે.

અમે આ આટલું કાંતણ કર્યું તે કેટલીક ખોટી પ્રથા જડ ન ઘાલે અને આપણી ઘડતરદશામાં સારા અને ખરા ચીલા પાડી શકીએ એ તરફ ધ્યાન દોરવા માટે જ; ફરજ તરીકે આટલી કડવી કલમ ચલાવી છે. અધિકારીઓ તો આવશે ને જશે, સલ્તનતો બદલાઈ છે, નાટકનું નિકંદન કાઢવા તૈયાર થએલાઓનો પણ નાશ થયો છે. એસ્કેલિસ કે અશ્વઘોષની યે પહેલાંથી નાટક ચાલતું આવ્યું છે, આપણે છીએ, એ પછી પણ નાટક ચાલ્યા કરશે. કેલાઇડોસ્કોપ, સિનેમા, ટૉકી, ટેલિવિઝન આવ્યાં એ પણ જશે, નાટક અને નાટકશાળા રહેશે, નટ રહેશે, એ નિ:સંશય છે.

અહીં સંશોધકો પણ એવા જ પાકે છે. જ્ઞાન પામવા કીડા બને, જ્ઞાન એવું સંશોધી લાવે કે ઘણાંને કામ લાગે. ચૅરિંગ ક્રૉસમાં આવેલા બુકસેલર ફૉઈલ્સની દુકાને અમે ચડી ગયા. દુકાન એટલે જોડાજોડ આવેલાં બે-ત્રણ મકાનો. એમાં નાટકનાં પુસ્તકો માટે એક ઘરમાં આખો માળ. અલબત, ત્યાં જતાં જરા વાર લાગી; પણ એકને પૂછયું એટલે દુકાનનો એક જુવાન્ નિયો તરત ખરી જગ્યાએ લઈ ગયો અને મને એક બાઇને હવાલે સોંપી દીધો. બાઈના મોઢા ઉપર જ વિદ્વત્તા તરવરે. નામે મિસ સાસૂન, એક વાર નાટયશિક્ષણની પ્રોફેસર, હવે ફૉઈલ્સનું આખું નાટકોની ચોપડીનું ખાતું સંભાળે છે. મારે વડોદરા યુનિવર્સિટી માટે હજારેક રૂપિયાનાં પુસ્તકો લેવાં હતાં–કેટલાંક અપ્રાપ્ય, કેટલાંક નવાં. એ બધાંનો એ બાઇએ પાકો તોડ કાઢી આપ્યો. ત્યાં મને મારા જેવા જ ભટકાઈ પડે એમ, ડૉ. મિસ સાસૂને એક મિ. રિચાર્ડ ફિન્ડલેટર સાથે ઓળખાણ કરાવી. અમે બે અભરાઇઓ ઉપરથી ધડાધડ પુસ્તકો ખેંચી કાઢીએ; એ જોવા ચાહે, હું ખરીદવા માગું. અને જ્યારે એણે મારો આટલી ચોપડીઓ ખરીદવાનો મનસૂબો જાણ્યો ત્યારે એણે મારી વિગતવાર પૂછગાછ કરી. પછી અલકમલકની વાતે ચડયો. ટૂંકમાં, ત્યાં કામ પૂરું કરી અમે નીચે રેસ્ટોરાંમાં ચા પીવા ગયા, ત્યાં એણે પોતાના સંશોધનની એક ઝીણી વાત કરી.

લંડનમાં નાટકશાળા કેટલી? ઇંગ્લંડમાં કેટલી? એમાં કેવાં નાટકો થાય? કોણ કેટલું કમાય? કેટલું ખરચાય?–એવા પાર વિનાના સવાલો એ પોતે ઊભા કરે, અને પછી એના ખુલાસાવાર જવાબો એકઠા કરવા મથે. વાહવાહ! ઈ. ૧૯૦૫માં મશહૂર નટ હેન્રી ઈર્વિંગના અવસાન બાદ લગભગ ૫૦૦ નાટકશાળાઓ ખખડી ગઈ, આજે હવે બસો ધંધાદારી નાટકશાળાઓ સલામત છે, એની સાલભરની કમાણી ૧૪ મિલિયન પાઉન્ડની, અને સરેરાશ રોજના પ્રેક્ષકો બે લાખ; એથી દસ ગણા લોકો સિનેમા જૂએ અને વીસ ગણા ટેલીવિઝન જૂએ,

આવા એના આંકડા. એ બસોમાંથી ચાળીસ નાટકશાળા વરસભર લંડનમાં ખુલ્લી. એટલે ૫૦ હજાર બેઠકો વેચાય. એમાં સાત સંગીતનાં હાઉસ, બાકી નાટકનાં. એ કહે છે કે પારી(સ) કરતાં લંડનની વસ્તી ત્રણ ગણી, પણ પારી(સ)માં લંડન કરતાં બમણી નાટકશાળાઓ છે. લંડનની નાટકની ટિકિટનો ભાવ ૭૫ વર્ષમાં બસો ટકા વધ્યો છે, અને પ્રેક્ષકોને રીઝવવા—ભરતાચાર્ય પ્રમાણે વિશ્રામનો આનંદ અને બોધ આપવા—નો કીમિયો પહેલાં કરતાં ૭૦૦ ટકા વધ્યો છે. આવી એણે જાતજાતની ગણતરી કરી છે. એક નાટકને ઊપડવા માટે ૩ થી ૪ લાખ પ્રેક્ષકોએ જોવો જોઈએ તો જ એમાં કમાણી થાય અને તે એક સીઝનમાં જ જોવાવો જોઈએ, નહિ તો ખોટ જાય.

બૉક્સ ઑફિસમાંથી નફાની એક પેની નાટકશાળાનો માલિક કાઢે તે પહેલાં પાંચેક હજાર પાઉન્ડ એની રજૂઆત માટે એણે કાઢવા પડે; સંગીતના સાજ સાથે હોય તો ૨૫ હજાર પાઉન્ડ. એટલે નાટકશાળામાં પહેલા અઠવાડિયાની આવક ઉપરથી એમાં રોકેલી મૂળ રકમ કાઢી નફાની ગણતરી થાય. આ સ્થિતિમાં નાટક કેમ વધારે ચાલે એ ગણતરી પર જ નાટકની ભજવણીના અંદાજ-મદાર બંધાય.

એની આ બધી વાતચીતનો સાર શો? એ કહે છે કે એથી નાટકલેખક અને ભજવનારાં નટનટીઓ બંનેએ ભારે કાળજી રાખવી પડે છે. લેખકે અનુભવની ભઠ્ઠીમાં તવાવું પડે, નટનટીએ તાલીમમાંથી કચાશ માત્ર પૂરેપૂરી કાઢવી પડે. લંડનના થીએટર સંચાલકો એટલે જ જોખમ ખેડે છે. બીજે સફળ થએલાં નાટકો ઉપર તો પડાપડી થાય, પણ નવાં નાટકો અજમાવી જોવા પણ એ તૈયાર થાય છે. એનો દાખલો શીલા ડીલાનીનું 'ટેઈસ્ટ ઑવ હની' અને બ્રૅન્ડન બેહાનનું 'ધ હોસ્ટેજ'. શીલા તો ૧૯ વર્ષની પોટ્ટી, પણ જોન લિટલવૂડની થીએટર વર્કશૉપમાં એ લખાણને એવું તો ચકાસવામાં આવ્યું ને મઠારવામાં આવ્યું કે પછી હાથમાં લેતાં હરકત ન પડી. ઇંગ્લંડમાં નવા નાટકલેખકને પણ તાલીમ આપવામાં આવે છે અને એ માટે પણ સંસ્થાઓ છે. નાટકલેખક મનમાં મગરૂરી રાખી કલ્પનાના કિલ્લા બાંધ્યા કરે, ભજવણીની કલા જાણેશીખે નહિ અને મનમાં મૂંડી હલાવ્યા કરે તો, આખરે એણે મનમાં જ પરણીને મનમાં રંડાવું રહ્યું.

આ મિસ લિટલવૂડનો કિસ્સો તો જુઓ. રૉયલ અકાદમીમાં વિદ્યાદાન લીધું. જાતે ગરીબ, એટલે ભણ્યા પછી ભૂખમરો! એ ભણી લંડનમાં. ત્યાંથી રોટલો શોધતી લંડનથી ઉત્તર દિશામાં પગે ચાલવું શરૂ કર્યું. એકસો બાર માઈલ ચાલી થાકીને લોથ થઈ જતાં બર્ટન ગામ આગળ લથડી. એક પીઠામાં પેઠી. એની ભોંય રોજ રાતે સફા કરી આપવાનું કામ માથે લીધું. 'સફા' એટલે બાલદી ને બ્રશ લઈ સાબુપાણી થકી એ જમીન ઘસવાની. એમાંથી ટ્રેઈનની ટિકિટના પૈસા નીકળતાં માન્ચેસ્ટર ગઈ. ત્યાં બી.બી.સી.માં નાટક રજૂ કરવાની નોકરી મળી. પણ ચિત્તમાં નાટકો કરવાની ચટક. બે સાલમાં દસેક જણાને એકઠા કરી ટોળકી ઊભી કરી. એક લોકગીતના ગાનારા જિમી મિલરને પકડ્યો (પછી તો એને પરણી યે ખરી). એક જૂનો ખખડધસ ખટારો હાથ કર્યો અને એમાં ફરીને નાટકો કરવાં શરૂ કર્યાં. ખટારાના પાછલા ભાગને શરૂઆતમાં તો રંગભૂમિ તરીકે ઉપયોગમાં લેતા. એવામાં લડાઈ આવી, એમાં દસમાંના પાંચ મરી પરવાર્યા. લડાઈ ખતમ થતાં બાકીના પાંચે 'થીએટર વર્કશૉપ' ઊભી કરી. અને આજે ૪૫ વર્ષની થતાં તો એણે નવા નાટકકારો ઊભા કર્યા છે. ભાષા, લઢણ, શબ્દગોઠવણ, બધું નવી જ ઢબછબનું. નટનટીઓની નસોમાં તાજગી, જોમ, આવેગ, ઉત્સાહ, તનમનાટ, છટપટાટ ભરી અભિનયની તાલીમ આપી. લંડનના વેસ્ટ એન્ડમાં પોતાનાં બંને નાટકોના ડંકા વગાડ્યા. એમાં 'હોસ્ટેજ' તો પારી(સ) ફેસ્ટિવલમાં પણ ભજવાયું. સાર એટલો જ કે થીએટર ખેલવા માટે લેખક, નટ અને ભજવાવનાર ત્રણેએ અથાગ મહેનત કરવી ઘટે, વિચારમાં અને ક્રિયાકસરતમાં આખરે ત્રણેએ એકરસ થવું પડે. પછી નાટકશાળાનો માલિક એવા નાટકને રજૂ કરવા જરૂર કમર કસે. એમ ચાર પાંખડાં ભેગા થતાં નાટકશાળા ઉપર દરોડા પડે એમાં શી નવાઈ?

વાત, કથા, કાવ્ય, નવલકથા તેમજ જૂનાં નાટકોમાંનું વસ્તુ એ બધાંમાંથી નાટકનો મસાલો ઉપાડવાનો તેમજ એ મસાલાને રગડી લસોટી એને ઘટતો ઘાટ આપવાનો કીમિયો આ કારીગરોને આબાદ આવડે છે. અસલ વાત રોમિયો જુલીએટની. હજારો વાર ભજવાઈ ગએલું નાટક. એને 'વેસ્ટસાઇડ સ્ટોરી'માં આર્થર લૉરેન્ટ્સે લખી. બર્નસ્ટાઇને સંગીત ભેળવ્યું. સોન્ડામે ગાતો ઉમેર્યો. આઈરીન શરાફે કપડાંના રંગ અને કાપ બેસાડ્યા. ઑલિવર સ્મિથે સેટ્સ તૈયાર કર્યા! અને અમેરિકામાં એકઠી થએલી આ ટોળીએ ત્યાં હાહાકાર મચાવ્યો. ૧૯૫૮માં લંડનના અગ્રણી દૈનિક પત્ર 'ઈવનિંગ સ્ટૅન્ડર્ડ'નું પહેલું ઇનામ મેળવી એ નાટક હજી આજે આટલે વર્ષે લાગલાગટ લંડનમાં લોકોને ઘેલું લગાડી રહ્યું છે. એ જ પ્રમાણે બર્નાર્ડ શૉનું 'પિગમૅલિયન' નાટક પણ 'માઈ ફેર લેડી'ના રૂપમાં એવી જ રીતે મઠારાઈ-પલટાઈ આજ લાગલાગટ ભજવાતું ચાલે છે; 'પિગમૅલિયન' ભજવવાથી જેટલી રૉયલ્ટી ન મળત એથી અનેકગણી શૉના ટ્રસ્ટમાં આ નવા રૂપાંતરથી આવક ઊભરાતી રહે છે. ન્યૂ યૉર્કથી એરોપ્લેન ચાર્ટર કરી આ નાટકો જોવા ખાસ લંડન આવનારા આવે છે, જોઇને એરોપ્લેનમાં જ ખાતા-પીતા અને નીંદરતા ઘર પહોંચી જાય છે. આ લોકરુચિ જગાડવામાં, લોકનાડ પકડવામાં અને લોકહૈયું ધબકાવવામાં જે ઊંડી સમજ અને દીર્ઘદૃષ્ટિ જોઇએ, તે આવાં નાટકો રજૂ કરનારા પ્રોડ્યુસરોમાં કેટલા મોટા પ્રમાણમાં હોવી જોઇએ? એટલું જ નહિ પણ ચારપાંચ વર્ષ સુધી લગાતાર નાટક ચાલ્યા કરે, તો એમાં કામ કરનારા ગવૈયા, બજવૈયા, નચવૈયા, ભજવૈયા વગેરેને ઠરીઠામ ટંટાફિસાદ વિના રાખવા, કોઈ કંઈ કારણસર ખરી ગયું-નીકળી ગયું તો એને માટે બીજાની જોગવાઈની તૈયારી રાખવી, એવી વ્યવસ્થાશક્તિ પણ કેટલા પ્રમાણમાં હોવી જોઇએ? એના પણ બોધપાઠ આમાંથી મળે છે. રેક્સ હૅરિસન કે કેન્ડલની સેવાચાકરી કરવા ઑસ્પિટલમાં ગયો, તો 'વેસ્ટ સાઈડ સ્ટોરી'માં એનો પાઠ તરત જ બીજાએ કર્યો અને નાટક ન અટક્યું એ હકીકત છે. એવા તો કંઈક પાઠો બદલાયા કરે છે, અને આટઆટલાં નાટકો ભજવાઈ રહેવા છતાં નવાંનવાં નટનટી અને નાચનારા ગાનારાઓ આવી મળે છે. કોઈના વિના કશું અડીઅટકી પડતું નથી, એ પણ એક નોંધવા જેવી હકીકત છે.

(ચાલુ)



કાગવાણી

એઈ મિસ્ટર! તમે હોટેલ-માલિકને બિલના પૈસા તો આપો છો, પણ હોટેલમાંથી ચમચા ચોરી જાઓ છો! અત્યારે તમે ચાર આનાનો નાસ્તો કર્યો અને ખિસ્સામાં ચાર ચમચા મૂકી દીધા! તમે જે ઑફિસમાં નોકરી કરો છો ત્યાંથી પણ રબર, પેન્સિલ વગેરે ઘેર ઉપાડી જાઓ છો! કોઈનું પુસ્તક કે છાપું તમે લઈ આવો છો ત્યારે પણ પાછું આપતા નથી! નાની નાની ચીજવસ્તુઓ ચોરી લેવાની આ ટેવ સારી નથી. (ચિત્રલેખા)





સૂકી ધરતી પરે, છલી રહ્યાં સરવરો, બુદ્ધિ ને શ્રમતણાં તાર સાંધ્યા
ઘૂઘવતી ઘેરી સરિતાતણી પૂરને રોકવાને વડા બંધ બાંધ્યા;
સર્વની સંપદા સર્વને આપવા, તેલની રેલ જો ચાલી આવે;
ભવ્ય ભારત મહીં ધન્ય ગુજરાત હો! સપ્રભર ગૌરવો સર્વ ગાવે.


—ત્રિભુવન વ્યાસ

ગુજરાતના પુરાતત્ત્વવિદ્ ડૉ. સુબ્બારાવ

વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના 'આર્કીઑલૉજી અને એન્શ્યન્ટ હિસ્ટરી' વિષયના પ્રોફેસર બેન્ડીપુડી સુબ્બારાવ ગઈ તા. ૨૯મેના રોજ, પોતાના વતન વિશાખાપત્તનમાં રજાઓ ગાળી વડોદરા પાછા આવતા હતા, ત્યાં વૉલ્ટેર અને વિજયવાડાની વચમાં એલોર સ્ટેશને ટ્રેનમાં જ અચાનક હૃદય બંધ થતાં ચાળીસ વર્ષની વયે તેમનું અવસાન થયું; અને એક ઉત્સાહી અને આશાભર્યા પુરાવસ્તુવિદ્‌ની વડોદરા યુનિવર્સિટીને તથા સમગ્ર ગુજરાતના પુરાવસ્તુ-અન્વેષણને ભારે ખોટ પડી.

તેમનો જન્મ ૧૯૨૨માં વિશાખાપત્તનમાં થયો હતો. ચૌદ વર્ષની ઉમરે, દારૂખાનું ફૂટતાં તેમને એક ભારે અકસ્માત થયો જેને પરિણામે, તેમનો જમણો હાથ જોખમાયો હતો. છ ભાઈમાંના તેમના મોટાભાઈ તથા બીજા કુટુમ્બીજનોની સારવારથી તેમણે એકલા ડાબા હાથની મદદથી, અભ્યાસ શરૂ કર્યો, પ્રભુની દયા છે કે એક અંગમાંથી ગએલી શક્તિ બીજા અંગમાં બેવડી થઈને મળે છે. સુબ્બારાવ ડાબા હાથે લખતા, તેમજ ટાઇપ પણ કરી શકતા. બી.એ. થયા પછી લખનૌ યુનિવર્સિટીમાં ઇતિહાસનો વિષય લઈ એમ.એ. અને સાથે એલ.એલબી. પણ થયા. ત્યાં ડૉ. રાધાકુમુદ મુકરજી જેવા પીઢ ઇતિહાસવિદ્‌ની દોરવણી તેમને મળી.

લખનૌથી તેઓ પૂનાના ડેક્કન કૉલેજ રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટમાં ડૉ. સાંકળિયાના હાથ નીચે વધુ અભ્યાસ માટે જોડાયા અને ત્યાં 'બેલ્લારી પ્રદેશની પ્રાગૈતિહાસિક તથા પ્રાચીન ઐતિહાસિક સંસ્કૃતિ' સંબંધી સંશોધન કરી, ૧૯૪૯માં 'પીએચ.ડી.'ની ડિગ્રી મેળવી. આ સંશોધનનાં વર્ષો દરમ્યાન, સને ૧૯૪૪થી જેઓ હિંદના 'ડીરેક્ટર-જનરલ ઑવ આર્કીઑલૉજી' બનેલા અને હાલમાં બ્રિટિશ ઍકૅડેમીના સેક્રેટરી છે તે સર મૉર્ટિમર વ્હીલરના, તથા લંડનની ઈન્સ્ટીટ્યૂટ ઑવ આર્કીઑલૉજીના પ્રો. ઝાઈનરના સંપર્કમાં આવવાની તેમને તક મળી. ઉપરાંત, હરપ્પામાં પ્રત્યક્ષ તથા પ્રાયોગિક ઉત્ખનન ચાલતું હતું તેમાં તાલીમ મેળવવાનું તેમને પ્રાપ્ત થયું; અને ત્યાં તેમનું તે વિષયનું જ્ઞાન કેવળ પુસ્તકિયું ન રહેતાં, તેની અદ્યતન પદ્ધતિઓ તેમને શીખવા મળી.



૧૯૫૦ના એપ્રિલમાં વડોદરાની સયાજીરાવ યુનિવર્સિટીમાં પુરાવસ્તુ-વિભાગ ખોલવામાં આવ્યો ત્યાં તેઓ નીમાયા. જૂના વડોદરા રાજ્યમાં, સન ૧૮૯૦થી ૧૯૦૦ સુધી સર બ્રૂસફૂટ તથા ડૉ. બર્જેસ અને કઝિન્સના સમયમાં પુરાવસ્તુ-અન્વેષણનો પ્રારંભ થયો હતો. પછી ૧૯૩૪થી ૧૯૪૭ સુધીમાં ડૉ. હીરાનંદ શાસ્ત્રી તથા શ્રી ગદ્રેએ વડોદરા રાજ્ય-

પ્લૅટીપસ



જે ઈંડાં મૂકે છે, જેને ચપટી પહોળી ચાંચ છે ને તરવામાં અનુકૂળતા માટે જેના પગના આંગળાં બતક પેઠે જોડાએલાં છે એવું આ પ્લૅટીપસ પંખી નથી પણ સસ્તન વર્ગનું પ્રાણી છે. એનાં બચ્ચાંને એ દૂધ પાઇને ઉછેરે છે, ચાંચના મૂળથી માંડી ટૂંકી ચપટી પહોળી પૂછડીના છેડા સુધી એના આખા શરીરે વાળ અને આંગળાંને જોડતી ચામડી એ જમીન પર ચાલે ત્યારે પાછી વાળી લઈ શકાય એવી હોય છે.

ઑસ્ટ્રેલિયા અને ટાસ્માનિયામાં જ જોવા મળતું આ પ્રાણી સસ્તન વર્ગનું સૌથી જૂનું પ્રાણી છે અને છતાં એની શારીરિક રચનાઓ હજી આજે યે હજારો વર્ષ પહેલાં હતી એવી જ છે. સ્વભાવે શરમાળ અને નિશાચર હોઈ એ બહુ જોવા નથી મળતું. વહેતા પાણીના સરોવર જેવા શાંત ભાગ પાસે એ રહે છે. શરીર ચપટું લંબગોળાકાર ને ૧૮ થી ૨૦ ઇંચ લાંબું, પગ ટૂંકા, પંજા પહોળા, એના પર ટૂંકા નખવાળી જોડાએલી પાંચ આંગળીઓ. નરને પાછલા બંને પગની પાની પર ઝેરી ખૂર હોય છે જે લડવામાં કામ લાગે છે. જો કે સ્વભાવે એ બહુ શાંત પ્રાણી છે.

જળના નાનાં જીવજીવડાં વગેરે એનો આહાર. કાદવમાં પહોળી ચાંચ જેવાં જડબાં ખોસી એ પોતાનો આહાર પકડીને ગલોફામાં ભરી રાખે છે ને પછીથી નિરાંતે આરોગે છે. રહેણાક માટે એ પચાસેક ફૂટની નાળ કોરીને એને છેડે પહોળી બખોલ કરી તેમાં ઘાસ પાથરીને રહે છે. ઘણીવાર એક જમીન પર અને એક પાણીની સપાટી પાસે ઉઘડે એવી બનાળો પણ એ કોરે છે.

પ્રજનન વખતે માદા સફેદ અને ઢીલા પડ વાળાં પોણાથી એક ઈંચના કદનાં ટચૂકડાં બે ઇંડાં મૂકે છે ને એને સેવે છે. બચ્ચાં જન્મે ત્યારે આંધળાં ને રુંવાટી વિનાનાં હોય છે. માદાને આંચળને બદલે પેડુમાં એક ખાડા જેવા ભાગમાં ઝીણાંઝીણાં છિદ્રો હોય છે જેમાંથી ઝરતું દૂધ ચૂસીને નહિ પણ ચાટીને બચ્ચાં મોટાં થાય છે.

માં સ્થપાએલા પુરાવસ્તુખાતા દ્વારા પદ્ધતિસરનું ખોદકામ કરી તથા રિપોર્ટો પ્રગટ કરીને એ કામને આગળ ધપાવ્યું હતું. દરમ્યાન ડૉ. હસમુખ સાંકળિયાએ સાબરમતી, મહી ને ઓરસંગની નદી-ખીણોનું અન્વેષણ આરંભી દીધું હતું. વડોદરાની આસપાસનાં પ્રાચીન સ્થળોની ઝીણવટપૂર્વક તપાસ ડૉ. હરમાન ગઅટ્ઝ, ડૉ. ઉમાકાન્ત શાહ, શ્રી મગનલાલ દેસાઈ તથા ડૉ. રમણલાલ મહેતાએ કરી હતી. તેના પરિણામે, હિંદ સાથેના રોમન વ્યાપારના સંપર્કના અવશેષો જ્યાંથી મળ્યા હતા એવા, વડોદરા સ્ટેશનની લાઈન પર આવેલા અકોટા (પ્રાચીન 'અંકોટ્ટક') ગામની તથા પ્રાચીન વટપદ્રક ગ્રામની શોધ થઈ ચૂકી હતી.

આ સ્થળોએ ડૉ. સુબ્બારાવે ખોદકામ શરૂ કર્યું. તેમાંથી મુખ્યત્વે ભૂમિના જુદાજુદા સ્તરોમાંથી પ્રતીત થતી માનવસંસ્કૃતિની આનુપૂર્વી વધુ વ્યવસ્થિત થઈ શકી. આ બાબતનો તેમનો અહેવાલ 'બરોડા થ્રૂ ધી એઇજિઝ' તેમણે પ્રગટ કર્યો.

દરમ્યાન પશ્ચિમ હિંદમાં આવેલા ગુજરાતમાં પ્રાગૈતિહાસિક એવા અશ્મયુગનાં અનેક સ્થળોની પ્રાથમિક શોધ કરવામાં આવી અને તે પછી લાંઘણજ અને વડનગરમાં ઉત્ખનન કર્યું.

૧૯૫૪માં લંડન યુનિવર્સિટીના ઈન્સ્ટીટ્યૂટના ઑવ આર્કીઑલૉજીમાં કામ કરવા માટે તેમને એક વરસ માટેની પ્રવાસ-ગ્રાંટ મળી. ૧૯૫૫ના ડિસેમ્બરમાં અન્નામલાઈનગરમાં મળેલી ૧૮મી ઑલ ઇંડિયા ઓરિએન્ટલ કૉન્ફરન્સમાં પુરાવસ્તુવિભાગના તેઓ પ્રમુખ નીમાયા. ત્યાં તેમણે પ્રમુખસ્થાનેથી વાંચેલા વ્યાખ્યાન રૂપ નિબંધ 'પર્સનાલિટી ઑવ ઇંડિયા'. ૧૯૫૬ના સપ્ટેમ્બરમાં શોધિતવર્ધિત સ્વરૂપે પ્રગટ થયો, જે એમની સમર્થ કૃતિ ગણાઈ; અને એની માંગ પુષ્કળ વધતાં, ૧૯૫૮માં, એ જ વર્ષ પછી તેની બીજી સંવર્ધિત આવૃત્તિ તેમણે પ્રગટ કરી. જે હિંદની મુખ્ય મુખ્ય યુનિવર્સિટીઓમાં તે વિષયમાં પાઠ્ય પુસ્તક તરીકે નીમાઈ છે. આ જ પુસ્તકની ત્રીજી આવૃત્તિની તૈયારી તેઓ કરી રહ્યા હતા.

૧૯૫૬માં સૌરાષ્ટ્ર સરકાર તથા વડોદરા યુનિવર્સિટીના સહયોગમાં તેમણે ત્યાંના શ્રી. પી. પી. પંડ્યા સાથે, આમરા અને લાખાબાવળ તથા સોમનાથમાં ઉત્ખનન કર્યું. જેમાં સોમનાથનું ઉત્ખનન વધારે મહત્ત્વનું નીવડ્યું; કારણ કે તેમાં હરપ્પા સંસ્કૃતિ સાથે સંબંધ ધરાવતા રંગપુર તથા લોથલમાંથી પ્રાપ્ત થતા અવશેષો પૈકી કેટલાક મળી આવ્યા છે; ને તેથી સાંસ્કૃતિક સાંકળ સમજવામાં સુવિધા થઈ છે. આ ઉત્ખનનનો અહેવાલ ચાલુ સાલે (૧૯૬૨માં) પ્રગટ થવામાં છે.

ઉપરાંત ૧૯૫૨-'૫૩થી પ્રાચીન માહિષ્મતીનું સ્થળ મનાતા અને નર્મદા કાંઠે આવેલા મહેશ્વરમાં તથા તેને સામે કાંઠે આવેલા નાવડાટોળી ગામમાં જે ખોદકામ શરૂ થયેલું છે તેમાં મળેલાં બળી ગએલાં લાકડાં, દાણા ઈત્યાદિ પરથી તેનો સમય ઇ. સ. પૂર્વે ૧૫૦૩ અને ૧૨૯૪નો હોવાનું પેન્સિલ્વાનિયા યુનિવર્સિટીના ફિલાડેલ્ફિયાની લેબોરેટરીની મદદથી જાણવા મળ્યું.

૧૯૬૦માં, મેશ્વો નદીને કાંઠે શામળાજી પાસે દેવનીમોરી નામના સ્થળે એક મોટો ઇંટરી સ્તૂપ તથા વિહારની શોધ થઈ અને ક્ષત્રપ તથા મૈત્રક કાળના ચાંદીના સિક્કા પણ મળ્યા. ગુજરાતમાંના બૌદ્ધધર્મના પ્રાચીન અવશેષોમાં, આનું સ્થાન ઘણું મહત્ત્વનું છે. ક્ષત્રપ રાજ્યશાસનના ઉત્તરકાળમાં ઈસુની ચોથી સદીમાં આ સ્તૂપ તથા વિહાર નિર્માણ થયેલાં જણાય છે.

૧૯૬૦નું વર્ષ ડૉ. સુબ્બારાવના જીવનમાં પરમ ઉત્કર્ષનું અને પ્રખર કીર્તિનું હતું. એ વર્ષના ઑક્ટોબરની ૨૯મીએ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની અઢી લાખની મદદથી 'પ્રાચીન ઇતિહાસ તથા પુરાવસ્તુ મંદિર'નું ઉદ્ઘાટન ડૉ. હુમાયૂં કબીરને હસ્તે થયું.

હજી તો તેમના અંતરમાં ગુજરાતના પુરાવસ્તુક્ષેત્રમાં કંઈ કંઈ કરી બતાવવાની હોંસ હતી, ત્યાં વડોદરા આવવા નીકળેલા એ મહાનુભાવ વિદ્વાનનો આત્મા માર્ગમાં જ ઊડી ગયો! જો પુનર્જન્મને આપણે માનીએ તો બીજા જન્મમાં ડૉ. સુબ્બારાવ એક ગુજરાતી પંડિત અને પુરાવસ્તુવિદ્ તરીકે ફરીથી ગુજરાતમાં જ અવતરશે અને ગુજરાતનું ગૌરવ વધારશે એમ મને લાગે છે. —મંજુલાલ ર. મજમુદાર

વિનુ માંકડની નિવૃત્તિ

વિખ્યાત ક્રિકેટખેલાડી વિનુ માંકડ લૅંકેશાયરમાં બોલ્ટન લીગની ચાલુ ઋતુને અન્ત નિવૃત્તિ લેનાર છે.

ગઈ ઋતુમાં તેમણે કુલ ૫૪૮ રન કર્યા હતા અને માત્ર ૮-૮ રનને ભોગે ૧૧૬ વિકેટો લીધી હતી. તેઓ લીગ રમતોમાં સહુથી વધારે વિકેટો લેવાના ૩૦ વર્ષ જૂના વિક્રમની બરાબરી કરી શક્યા હતા અને તેમને બોલિંગ માટે ઈનામ પણ મળયું હતું. તેઓ ચાલુ વર્ષે પણ બૅટિંગ તથા બૉલિંગ એમ બંને ક્ષેત્રોમા ખુબ સફળ નિવડતા રહ્યા છે.

વિજ્ઞાન વાર્તા


બ્રિટનમાં કાચના રેસાના બનેલા વિજળીના દીવાના થાંભલાઓને લીધે રસ્તાઓની રોનક બદલાઇ ગઇ છે. આ થાંભલા ફક્ત ૪૦-૪૦ રતલ વજનના હોવાથી એક જ માણસ તેને ખોડી દઇ શકે છે અને છતાં તે ખુબ મજબૂત છે. કાચના રેસામાં જ રંગ રહેલો હોવાથી થાંભલાને ઈચ્છાનુસાર સુશોભિત બનાવી શકાય છે.

બ્રિટનના નિવૃત્તિવેતન અને રાષ્ટ્રીય વીમાખાતાએ પ્રતિવર્ષ નિવૃત્તિવેતનને લગતી ૪ કરોડ બાબતોની નોંધ રાખી શકે તેવું ગણતરીયંત્ર ન્યુકેસલ ખાતે બેસાડયું છે. 'એમિડેક-૨૪૦૦' નામથી ઓળખાતું આ યંત્ર પ્રતિવર્ષ નવાં ૧૦ લાખ ખાતાંઓની નોંધ કરી શકશે. વીમો ઉતરાવનાર વ્યક્તિનું નામ શિરનામું, જન્મદિવસ, ચુકવાએલાં નાણાં વગેરે વિગતોની તે નોંધ રાખે છે. આ માહિતી છાપવા દર મિનિટે ૩,૦૦૦ લીટીઓ છાપી શકે તેવું ઝેરોનિક યંત્ર વાપરવામાં આવે છે. ખાતરીલાયક છાપકામ માટે એમાં સોનાનો ઉપયોગ થાય છે.

મેડિફોન

દિવસ-રાત કોઈ પણ સમયે તબીબો, દાંતના દાક્તરો, પશુ-દાક્તરો અને બીજાઓ તરફથી ટેલિફોન પર કરવામાં આવતી પૃચ્છાનો જવાબ આપતી એક સંસ્થા આ જાન્યુઆરીથી અમેરિકામાં શરૂ થઇ છે, જેની તરફથી વૈદકીય વ્યવસાયમાં સલાહ અથવા અસાધારણ અકસ્માત કે રોગના દરદી માટેની અપ્રાપ્ય અજાણી ઔષધીઓ મેળવી આપવામાં આવે છે. મેક્સિકો શહેરમાં એક બાળકને મધમાખી ડંખી હતી ને તેના નાજુક દેહ માટે એવાં વિપરિત પ્રત્યાઘાતો થયાં કે તેને ચોક્કસ સીરમ ન મળે તો જાન ગુમાવી બેસે. બાળકના પિતાએ ન્યૂયોર્કમાં પોતાની કચેરીને ફોન કર્યો પણ ત્યાંની કેટલીક ઇસ્પિતાલો અને ઔષધ કંપનીઓ પાસે તે સીરમ ન હતું, તેના બનાવનારનું નામ પણ તેઓ જાણતા ન હતા. આથી ન્યૂયોર્કના એક તબીબે 'મેડિફોન'ને કૉલ કર્યો અને ત્યાંથી તરત જ બે ઉત્પાદકોનાં નામ ઠેકાણાં મળ્યાં. પછી સીરમ મેળવાયું, જેટ વિમાન દ્વારા મેક્સિકો શહેરમાં પહોંચાડાયું. અને બાળક બચી ગયો.

મેડિફોન તબીબોને ઝડપથી કામ કરવાની તાલીમ અપાયેલી હોય છે અને કોઈ પણ પૃચ્છાનો જૂજ ક્ષણોમાં જ તેઓ જવાબ આપી શકે છે. ઝેર લેવાયું હોય તેવા કિસ્સામાં પણ આ સર્વિસ તેનાં મારણ તથા પ્રાથમિક સારવાર સૂચવે છે. (યુસિસ)




જ્યાંથી સ્પૅકે 'રિપન ફૉલ્સ'ને પ્રથમ જોયો હતો ત્યાં ઊભું કરેલું સ્મારક



નાઈલ નદીના મૂળની શોધ

આફ્રિકાના પૂર્વ અને ઉત્તરના દેશોની ભાગ્યરેખા સમી નાઇલનું મૂળ કયાં હશે એ પ્રશ્ન છેક સિકંદરના વખતથી ચૂંથાતો હતો. પણ આખરે એક દિવસ બરાબર સો વરસ પહેલાં ઈ. ૧૮૬૨માં ૨૮મી જુલાઈએ જ્હૉન હૅનિંગ સ્પૅકે એ નદીનું મૂળ શોધી કાઢયું. એની નજર સામે એક વિશાળ સરોવર પથરાયું હતું અને એમાંથી એક નાનકડા માત્ર પંદરેક ફૂટ ઊંચા ધોધ પરથી પડીને જે પાણી આગળ વહેતું જતું હતું એ નાઇલ નદી જ છે એમ સ્પૅકને ખાતરી હતી. એની સામેનું સરોવર તે વિક્ટોરિયા. ૨૬૮૨૮ ચોરસ માઈલના વિશાળ પટ પર પથરાએલું એ સરોવર જગતનું બીજા નંબરનું મોટામાં મોટું સરોવર છે. પૂર્વ આફ્રિકાના ઝાંઝિબારની સામેના કિનારેથી જૅમ્સ ગ્રાન્ટ નામના એક સાથીદાર તથા સ્થાનિક હબસી મજૂરો સાથે લઈ ૫૦૦ માઈલની સફર ખેડી સ્પૅક અહીં પહોંચ્યો હતો. એની આ સફરને ઇંગ્લંડની રૉયલ જ્યોગ્રાફિક સોસાયટીએ પુરસ્કારી હતી એટલે એના એ વખતના પ્રમુખના નામ પરથી સ્પૅકે આ ધોધનું નામ 'રિપન ફૉલ્સ' પાડયું. વિક્ટોરિયા સરોવરના ઊભરાતાં પાણીને બહાર પડવાનો એક જ માર્ગ હતો અને તે આ રિપન ફૉલ્સ. સ્પૅકે એ વખતે જે દશ્ય જોયું હતું એનું આલેખન આ સાથે નીચે આપ્યું છે. આ પ્રસંગની શતાબ્દિ નિમિત્તે હમણાં જ યુગાન્ડાએ જે ચાર નવી ટપાલ-ટિકિટો બહાર પાડી તેના પર પણ એ જ ચિત્રનું આલેખન આપ્યું છે.

પણ સ્પૅકની સફર હજી બાકી હતી. વિક્ટોરિયા સરોવરને જમણી તરફ રાખી તેઓ હવે ઉત્તરમાં આગળ વધવા લાગ્યા. આ એવા પ્રદેશોની સફર હતી જ્યાં હજી સુધી કોઈ યુરોપિયન આવ્યો નહોતો. તદ્દન અજાણ એવી એ ભૂમિ તે આજનું યુગાન્ડા. પણ એ વખતે એ એક આખો મુલક નહોતો. આદિવાસી હબસીઓનાં અનેક નાનાં મોટાં રાજ્યો ત્યારે ત્યાં હતાં. પ્રથમ તેઓ કારાગ્વેમાંથી પસાર થયા.



પછી આવ્યું એ રાજ્યોમાંનું સૌથી મોટું ને શક્તિશાળી બુગાન્ડા. તેની આગળ એવું જ બીજું રાજ્ય હતું બુનયોરો, તેથી આગળના ઉત્તર અને પૂર્વ તરફના પ્રદેશોમાં નાનકડાં ગામડાં રૂપે છૂટીછવાઈ જંગલી જાતિઓ રહેતી હતી. એમનો બધો વહીવટ ઘણો જ સુવ્યવસ્થિત હતો. સ્પૅકની આ સફરે એક નવો જ માર્ગ ચીંધ્યો. અહીંના લોકોને પણ ખબર પડી કે પોતાના સિવાય એક વધુ સુધરેલી એવી ગોરી માનવજાત પણ દુનિયા પર છે. સ્પૅકે ઉઘાડેલા અંધારાખંડના માર્ગે તો પછી અનેક શોધસફરીઓ આવ્યા અને એ પ્રદેશોએ પણ અનેક સારાનરસા પલટાઓ જોયા. સ્પૅકે શોધેલા રિપન ધોધની હેઠવાસે ઑવેન ધોધ પાસે એક મોટો બંધ બંધાયો છે જેનાથી ઉત્પન્ન થતી વીજળી યુગાન્ડા આજે વાપરે છે. આ બંધને કારણે ઊંચી આવેલી પાણીની સપાટીમાં અસલનો રિપન ફૉલ્સ તો ડૂબી ગયો છે પણ જ્યાંથી સ્પૅકે એનું પ્રથમ દર્શન કરેલું એ સ્થાને એનું એક સ્મારક મુકાયું છે. આ સ્મારકનું રેખાંકન ઉપર આપ્યું છે.

દાંતનું આરોગ્ય

અંગ્રેજોએ બ્રશ, પેસ્ટ અને પાઉડર ઘુસાડયાં, ને આપણો ભણેલો-ગણેલો વર્ગ દાતણ છોડી એને વળગ્યો. ભાલા જેવા બ્રશના દાંતાથી દાંત ઘસાવા લાગ્યા. દાતણનો મુલાયમ કૂચો ગંદકીમાં ગણાવા લાગ્યો. હવે દાંત સાફ કરવા માટે એક ગોળી નીકળી છે જે ઘસવાથી લાળસ્રાવ પ્રચૂર પ્રમાણમાં થાય છે અને દાંત સાફ થઈ જાય છે! એ પણ ભારતમાં આવી પહોંચશે. ગમે તેવી પરદેશી દવાનો પ્રચાર ભારતમાં જલદી થાય છે જ.

પણ હમણાં પ્રૅક્ટીશ્નર નામના જગતપ્રતિષ્ઠ વૈદ્યક માસિકમાં અમેરિકાના બગડેલા દાંતો સંબંધી એક નોંધ છે કે ૧૮ કરોડ અમેરિકનોમાંથી ૭ કરોડ જેટલાને દાઢોમાં બખોલો પડેલી હતી (અને હજી તો આ સંખ્યા દિનપરદિન વધતી જ ચાલી જાય છે.) 'પાયોરિયા' પણ કૂદકે ને ભૂસકે વધતો જ જાય છે. શિકાગોનાં ૧૦ વર્ષનાં બાળકોમાં ૮૩ ટકા દાંતના પેઢાં સૂજેલાં છે. (જીંજીવાઇટિસ) જ્યારે મોટેરાંમાં પણ ૮૦ ટકામાં આ રોગ સારા પ્રમાણમાં જણાયો છે.

દાંતના આરોગ્ય માટે ખોરાક ઉપર જ લક્ષ આપવાની જરૂર છે. હાલ ખાંડ, પીપરમિંટો, ચૉકોલેટો, ચુઈંગ ગમ્સ વગેરેનો અતિ વપરાશ થવા લાગ્યો છે. ગલોફાંમાં ચોવીસે કલાક કંઈ ને કંઈ નાખેલું જ હોય છે. આ સ્થિતિમાં દાંતો ન બગડે તો શું થાય? પરંતુ વિજ્ઞાનમાં તો ખાંડ ૧ ઔંસ જેટલી ખોરાકમાં લેવી જ જોઇએ આયુર્વેદ માને છે કે મધુર રસ દાંતોને બગાડનાર છે, કફ કરનાર છે, સોજો ઉત્પન્ન કરનાર છે. દાંતના રોગોમાં દૂધ, દહીં, મીઠાઈ તથા કફકર બીજો ખોરાક બંધ કરવો જોઇએ. અમેરિકા જઈ આવનારા કહે છે કે ત્યાં ૨૦ વર્ષે તો મોટે ભાગે બધાને જ દાંતનાં ચોકઠાં હોય છે. ભારતીઓના સુંદર સ્વાભાવિક દાંતો જોઇને એ લોકોને આશ્ચર્ય થાય છે. આ છતાં આપણા લોકો ત્યાંની દંતવિદ્યાને અહીં ભણે છે! આપણા દંતવૈદ્યોને નથી ભાન દાતણનું કે આપણાં દંતમંજનોનું. નથી ભાન આપણા ખોરાકનું કે નથી બીજા મુખશુદ્ધિ ઉપાયોનું. એ બધા પરમતપ્રત્યયનેય છે, પરસંસ્કાર રંગિત છે. ભારતનું એમને કશું જ સારું લાગતું નથી. ભારત પાસે પોતાનું નિરાળું વૈદું છે—નિરાળું આરોગ્યશાસ્ત્ર છે, નિરાળી દિનચર્યા છે, પરંતુ હજારો વર્ષોથી જે રીતરસમોએ આપણા દાંત સાચવ્યા છે, આપણને આપણી કાતિલ ગરીબાઈમાં પણ બચાવ્યા છે અને હજી બચાવે છે એ પ્રાચીન પ્રણાલિકાઓ સમજવાની કોઇને તમા નથી!

(ભિષગ્ભારતી)

ગણિત સરળ બનાવો

૨ ...... માધવજી નરસી દેવળિયા

અઢી અને પાંચની સંખ્યાની કરામતો આપણે જોઈ ગયા. હવે જરા આગળ સાડાસાતનો ગુણાકાર જોઇએ.

૭॥ = ૧૦-૨½. અઢી એ દસનો ચોથો ભાગ છે.

જે રકમને સાડા સાતે ગુણવી હોય તે રકમને દસ વડે ગુણવી, એટલે કે તે રકમની જમણી બાજુએ મીંડુ મૂકી દેવું. જે રકમ આવે તેનો ચોથો ભાગ તેમાંથી બાદ કરો. એટલે સાડાસાતનો ગુણાકાર મળી જશે. જેમકે—

૧૨૮×૭½ = ૧૨૮ (૧૦-૨½)
= ૧૨૮×૧૦ = ૧૨૮૦
-૧૨૮૦નો ચોથો ભાગ = ૩૨૦
૧૨૮×૭½ = ૯૬૦

આ ૭॥ એ ૭૫નો દસમો ભાગ છે. એટલે કોઈ પણ રકમને ૭૫ વડે ગુણવા હોય તો તે રકમને ઉપરની રીત પ્રમાણે ૭॥ વડે ગુણી જે જવાબ આવે તેને દસે ગુણવો, એટલે કે તેની જમણી બાજુએ એક મીંડુ મૂકી દેવું. જેમકે—

૧૨૮×૭½= ઉપરની રીત પ્રમાણે ૯૬૦ થયા. આ ૯૬૦ને દસ વડે ગુણતાં ૯૬૦૦ થયા. ૯૬૦૦ એ ૧૨૮×૭૫નો ગુણાકાર છે.

કોઈ પણ રકમના ૭॥ ટકા કાઢવા માટે પણ આ રીત કામ આપશે. પણ તેમાં ઉપરની રીત પ્રમાણે બે રકમનો જે ગુણાકાર આવે તેના જમણી બાજુના બે આંકડા છોડી દઇને વચ્ચે · (પોઈન્ટ–દશાંશ ચિહ્ન) મૂકી દેવું. જે આવે તે મૂળ રકમના ૭॥ ટકા હશે. જેમકે ૧૨૮ના ૭॥ ટકા કરવા હોય તો—

૧૨૮×૭½= ઉપરની રીત પ્રમાણે ૯૬૦ થયા. આમાં જમણી બાજુના બે આંકડા છોડીને વચ્ચે · (પોઈન્ટ) મૂકતા ૯·૬૦ થયા. ૯·૬૦ એ ૧૨૮ના ૭॥ ટકા છે.

હવે ૧૧–અગિયારના ગુણાકાર જોઇએ.

જે રકમને અગિયાર વડે ગુણવી હોય તે રકમની જમણી બાજુએ મીંડુ મૂકી દેવું અને તેમાં પાછી મૂળ રકમ જ ઉમેરવી. જેમકે ૧૪૫×૧૧.

૧૪૫ની જમણી બાજુએ મીંડુ મૂકતાં ૧૪૫૦
+ મૂળ રકમ ઉમેરી ૧૪૫
૧૪૫ × ૧૧ = ૧૫૯૫

બીજી રીત. કોઈ પણ બે આંકડાની રકમ હોય અને તે બંને આંકડાનો સરવાળો ૯થી વધારે ન હોય તો તે રકમને ૧૧ વડે ગુણવા માટે તે રકમના બંને આંકડાનો સરવાળો કરીને તે રકમના બંને આંકડાની વચ્ચે મૂકી દેવો. જેમકે ૫૩×૧૧. ૫૩ની રકમમાં ૫ અને ૩ એ બંને આંકડાનો સરવાળો ૮ થાય છે. તેને તે જ રકમ ૫૩નાં બંને આંકડા ૫ અને ૩ની વચ્ચે મૂકતાં ૫૮૩ થયા. આ ૫૮૩ એટલે ૫૩×૧૧. એ જ રીતે ૬૩×૧૧=૬૯૩ થાય.

ત્રણ આંકડાની રકમ હોય અને તેના જમણી તરફના બે આંકડાનો સરવાળો ૯થી વધુ ન હોય તો તે રકમને પણ ઉપરની રીત લાગુ પડે છે. પણ તેમાં ત્રીજો સોનો આંકડો જુદો પાડવાનો હોય છે. જેમકે ૩૫૩=૩૦૦+૫૩

ઉપરની રીત પ્રમાણે ૫૩×૧૧ = ૫૮૩
અને ૩૦૦×૧૧ =૩૩૦૦
=૩૫૩×૧૧= ૩૮૮૩

કોઈ પણ રકમના ૧૧ ટકા કરવા હોય તો તે ઉપરની રીત પ્રમાણે કરતાં જે ગુણાકાર આવે તેના જમણી તરફના બે આંકડા છોડી વચ્ચે · (પોઈન્ટ) મૂકી દેવું. જેમકે ૫૩ના ૧૧ ટકા કરવા હોય તો ૫૩×૧૧= ૫૮૩ થયા. તેના જમણી તરફના બે આંકડા છોડીને · (પોઈન્ટ) મૂકતાં ૫·૮૩ થયા. ૫·૮૩ એ ૫૩ના ૧૧ ટકા છે.

૧૨½–સાડા બારના ગુણાકાર જોઇએ.

૧૨½=૧૦+૨½. જેવી રીતે આપણે ૭½ના ગુણાકાર વખતે ૧૦-૨½ કર્યા તેવી રીતે ૧૨½ના ગુણાકાર વખતે ૧૦+૨½ કરવાના.

જે રકમને ૧૨½થી ગુણવી હોય તે રકમને દસ વડે ગુણી જે આવે તેનો ચોથો ભાગ તેમાં ઉમેરવો એટલે જવાબ આવી જશે.

૧૨૮×૧૨½=૧૨૮ (૧૦+૨½)
= ૧૨૮ × ૧૦ = ૧૨૮૦
+૧૨૮૦નો ચોથો ભાગ ૩૨૦
૧૨૮×૧૨½=૧૬૦૦

બીજી રીત પ્રમાણે: ૧૨½ એ સોનો આઠમો ભાગ છે. ૧૨½ = ૧૦૦/૮ જે રકમને ૧૨½ વડે ગુણવી હોય તે રકમને ૧૦૦ વડે ગુણવી–તેની જમણી બાજુએ બે મીંડાં મૂકી દેવાં અને પછી ૮ વડે ભાગી નાખવી. એટલે જોઇતો જવાબ આવશે. આમાં જ્યારે એકી સંખ્યા હશે ત્યારે ૪ શેષ વધશે. ૪ એ ૮ના અર્ધા છે એટલે જવાબમાં અર્ધો= ०॥ =½ ઉમેરવો.

૨૪×૧૨½=૨૪ (૧૦૦/૮) = ૨૪૦૦/૮ = ૩૦૦.

૨૫×૧૨½=૨૫ (૧૦૦/૮) = ૨૫૦૦/૮ = ૩૧૨ ૪/૮. ચાર શેષ વધી એટલે ૪/૮ થયા. જેનો છેદ ઉડાવતાં ½ થાય એટલે ૩૧૨½ થાય.

૯—નવના ગુણાકાર કરતી વખતે.

૯=૧૦-૧. ૧ એ દસનો દસમો ભાગ છે.

કોઈ પણ રકમને ૯ વડે ગુણવા માટે તે રકમને દસ વડે ગુણી–જમણી બાજુએ મીંડુ મૂકી, જે આવે તેનો દસમો ભાગ તેમાંથી બાદ કરો એટલે જવાબ મળી જશે. જેમકે ૬૪×૯=૬૪(૧૦-૧)=૬૪×૧૦ =૬૪૦—(૬૪૦નો દસમો ભાગ) ૬૪=૫૭૬. એટલે ૬૪×૯=૫૭૬.

ઉપરની રીત પ્રમાણે કરતાં કોઈ પણ રકમને—

૧૮ વડે ગુણવા. ૨૦–૨ કરી શકાય=૨૦ વડે ગુણી તેનો દસમો ભાગ બાદ.

૨૭ વડે ગુણવા માટે	૩૦-૩	=૩૦	,,
૩૬ ,,	૪૦-૪	=૪૦	,,
૪૫ ,,	૫૦-૫	=૫૦	,,
૫૪ ,,	૬૦-૬	=૬૦	,,
૬૩ ,,	૭૦-૭	=૭૦	,,
૭૨ ,,	૮૦-૮	=૮૦	,,
૮૧ ,,	૯૦-૯	=૯૦	,,

દા. ત. ૬૪×૩૬ = ૬૪ (૪૦-૪) = ૬૪ × ૪૦ = ૨૫૬૦— (૨૫૬૦નો દસમો ભાગ) ૨૫૬ = ૨૩૦૪

બીજો દાખલો. ૬૪×૬૪= ૬૪ (૭૦-૭) = ૬૪×૭૦ = ૪૪૮૦
—(૪૪૮૦નો દસમો ભાગ) ૪૪૮ = ૪૦૩૨

હવે ૩૫ = પાંત્રીસના ગુણાકાર.

૩૫=૨૫+૧૦. ૨૫ છે = ૧૦૦/૪ અને ૧૦ છે = ૧૦૦/૧૦.

હવે જે રકમને ૩૫ વડે ગુણવી હોય તે રકમને સોએ ગુણવી (તેની જમણી બાજુએ બે મીંડા મૂકી દેવા) અને જે આવે તેને ચારે ભાગી નાખવા. ભાગતાં જે આવે તેમાં મૂળ રકમને દસે ગુણતાં જે આવે તે ઉમેરવાથી બંને રકમનો ગુણાકાર મળી જશે.

જેમકે ૫૬×૩૫ = ૫૬ (૧૦૦/૪ + ૧૦૦/૧૦)
૫૬×૧૦૦/૪ = ૫૬૦૦/૪ = ૧૪૦૦
+ ૫૬×૧૦૦/૧૦ = ૫૬૦૦/૧૦ = ૫૬૦
૫૬×૩૫ = ૧૯૬૦

(ચાલુ)

આ માસ (ઑગસ્ટ) ઇતિહાસમાં

વ્યક્તિવિશેષ : કર્નલ ટી. ઈ. લૉરેન્સ



આજે જેનું જીવન એક દંતકથા સમું બની ગયું છે એ કર્નલ ટી. ઈ.— થૉમસ એડવર્ડ લૉરેન્સનો જન્મ ઈ. ૧૮૮૮ની ૧૫મી ઑગસ્ટે થએલો. પ્રથમ પુરાતત્ત્વ ને પછી તેમાંથી ધર્મયુદ્ધોના કુરુક્ષેત્ર પૅલેસ્ટાઈન ને સીરિયાના પ્રદેશો માટે એને અનહદ આકર્ષણ થયું.

ઈ. ૧૯૧૦માં સ્નાતક થઈ એ યુફ્રેટિસને કાંઠે પુરાતત્ત્વના સંશોધનાર્થે ગયો. ત્યાં એને તુર્કોથી પિડાતી રીબાતી આરબ પ્રજા પ્રત્યે અનુકંપા જાગી ને એ એમની સાથે ઓતપ્રોત થઈ તદ્દન સાદગીથી રહેવા લાગ્યો. આમ એણે ઈજીપ્ત, અરબસ્તાન, તુર્કસ્તાન ને ગ્રીસની પ્રજા વિષે બહુ ઊંડું જ્ઞાન મેળવ્યું.

પ્રથમ વિશ્વયુદ્ધમાં તુર્કસ્તાન જર્મની સાથે ભળી ગયું ત્યારે આરબોમાં બંડ જગાવી તુર્કોને હટાવી દેવાની બ્રિટિશ ચાલમાં લૉર્ડ કિચનરે લૉરેન્સનો ઉપયોગ કર્યો. આરબ પ્રજાને આઝાદ બનાવવાની પ્રામાણિક અભિલાષાથી એણે એકલે પંડે એ બળબળતા રેતાળ પ્રદેશોમાં આથડીઆથડીને એણે શિસ્તના ભાન વગરની તથા કટ્ટર વ્યક્તિવાદી આરબ પ્રજાને એક કરીને એમનામાં અદ્વિતીય લોકપ્રિયતા મેળવી. બળવાની સફળ દોરવણીમાં એણે જે અપ્રતીમ સાહસો દાખવ્યાં એણે તો દુનિયાને દંગ કરી દીધી. પણ આ બદલના બધા માન અકરામોનો એણે અસ્વીકાર કર્યો.

યુદ્ધ પછી સીરિયા અને પૅલેસ્ટાઇન પચાવી પાડવા માટે ફ્રાંસ અને ઇંગ્લંડે ચાલબાજી કરી ને લૉરેન્સને પોતાનો કેવો દુરુપયોગ થયો હતો એ સમજાઇ ગયું. આરબોમાં એણે જગાડેલી આઝાદીની આશાને આમ ભાંગી પડેલી જોઈ એને એટલો તો રંજ થયો કે એ પ્રજાનો જાણે એણે ઘણો મોટો દ્રોહ કર્યો હોય એવી લાગણીથી પોતાના એ પૂર્વજીવનને ભૂલી જવા માટે એણે પોતાનું જીવન જ (ને નામ પણ) પલટી નાખ્યું. પોતાના અરબસ્તાનનાં કાર્યો બદલ આવી મળતા લાભોને છાંડી એણે નિભાવ માટે અન્ય કામગીરીમાં વલખાં મારવા માંડયાં. આરબોના એક વેળાના એ બેતાજ બાદશાહને હવે ખાવાના યે વાખા પડવા માંડયા. આ પછી એ અફઘાન બળવા વખતે ત્યાંના પ્રદેશમાં વિમાની ટી.ઇ.શૉ તરીકે મળી આવેલો એ બળવામાં એણે કયા પક્ષે કેટલો ભાગ ભજવેલો એ ગુપ્ત જ છે.

'ધી સેવન પિલર્સ ઑવ વિઝડમ' નામે એક ગ્રંથમાં એણે અરબસ્તાનની પોતાની આખી જેહાદ નોંધી છે. પાછળથી 'રિવૉલ્ટ ઈન ધી ડેઝર્ટ' નામે એની સંક્ષિપ્ત આવૃત્તિ પણ પ્રકટ થઇ છે. પણ પોતાના ઉત્તર જીવનની ખરી કડવીમીઠી તો એણે 'ધ મિન્ટ'માં ઉતારી છે. એમાં અનેક જીવંત વ્યક્તિઓના સાચા ઉલ્લેખો આવતા હોઈ એ ગ્રંથ ૧૯૫૦ પહેલાં પ્રકટ નહિ કરવાનું તેણે 'વિલ' કરેલું. કૉપીરાઇટ સાચવવા માટે એની માત્ર બાર જ નકલો અમેરિકામાં છપાઈ હતી.

ઇ. ૧૯૩૫માં પોતાની મોટર સાયકલની હડફેટમાંથી એક બાળકને બચાવવા જતાં એની ખોપરીમાં ગંભીર ઈજા થઇ ને ૧૪૨ કલાક બેશુદ્ધ રહી એ ૧૯મી મે એ અવસાન પામ્યો.

પ્ર.વિ. : કોલંબસ હિન્દુસ્તાનનો માર્ગ શોધવા ઉપડયો. ૩જી ઑગસ્ટ, ૧૪૯૨

પૂર્વની અઢળક સમૃદ્ધિએ અનેક લોકોને દરિયો ખેડવા પ્રેર્યા હતા. ક્રિસ્ટોફર કોલંબસ પણ એમાંનો એક હતો. પોતે જ્યારે પોર્ટુગલમાં નકશા વેચતો હતો ત્યારે એને સૂઝેલું કે પૃથ્વી જો ગોળ છે તો પશ્ચિમ તરફ આગળ વધે જવાથી પૂર્વની દુનિયામાં પહોંચી શકાય જ. આઠ આઠ વર્ષ સુધી એણે એની યોજના ઘડી અને એમાં સહાય મેળવવા અનેક રાજદરબારીમાં એ રખડયો. આખરે સ્પેનના રાજા ફર્ડિનાન્ડ અને રાણી ઈસાબેલાએ એને મદદ કરી. ૯૦ ફૂટના નાનકડા સાન્ટા મેરિયા સાથે બીજાં બે વહાણો ને ૮૮ ખલાસીઓ લઇ એ ઈ. ૧૪૯૨ની ૩જી ઑગસ્ટે હિન્દુસ્તાનનો નવો માર્ગ શોધવા સ્પેનથી ઉપડયો. ઘણા દિવસો પછી પણ જમીન નહિ દેખાતા એકધારી સફરથી ત્રાસેલા એના માણસો રસ્તામાં ફરી પણ બેઠેલા; પરંતુ આખરે ૧૧મી ઑકટોબરે તેઓએ જમીન જોઇ. આટલાંટિક પારની એ નવી જ દુનિયા હતી. પણ ક્રિસ્ટોફર તો એને મરતાં સુધી હિંદુસ્તાનનો ભાગ જ સમજેલો. અને એના વતનીઓ પણ એટલે જ 'ઇંડિયન' કહેવાયા. એ અમેરિકાના વેસ્ટ ઇંડિઝના ટાપુઓમાંનો એક બેટ હતો. ત્યાંથી કોલંબસને ભલે દોલત ન મળી પણ પાછળથી સ્પેને આ ભૂમિ પરથી ઘણો લાભ ઊઠાવ્યો. આમ સૌપ્રથમ આટલાંટિક પાર કરી અજાણતાં કોલંબસે અમેરિકાની શોધ કરી હતી.

એડુ વાળે પાણીને, લુહાર ઘડતો બાણ,
સુથાર વાળે લાકડું, જ્ઞાની વાળે જાત.

—ધમ્મપદ

વરસતા વરસાદમાં કાશ્મીર જતી ગાંધી-જીની ટ્રેનનો ડબ્બો ચૂવાને લીધે આખો ભીનો થઈ ગએલો. જોઈ ગાર્ડે તે બદલી આપવા જણાવ્યું, એટલે ગાંધીજીએ પૂછ્યું, 'પછી, આ ડબ્બાને તમે શું કરશો?'


'જે ડબ્બો ખાલી કરાવીશ તેનાં માણસોને આમાં બેસાડીશ.' ગાર્ડે જવાબ આપ્યો.


'એટલે એમ જ ને, કે હું બીજાંને હેરાન કરીને સુખે રહું?' ગાર્ડ બીચારો શું બોલે?

કહેવતોના અર્થ: 'ઢેફે વાત ગઈ છે.'–મળ-વિસર્જનની ક્રિયા પછી અબૂઝ ગામડિયાઓ પાણીને બદલે માટીના ઢેફા કે પથ્થરના ટુકડાથી સાફસૂફી પતાવી દે છે એ કુસંસ્કારને ટકે બોલાતી આ કહેવત કોઈ ખૂબ ડરી ગએલા માણસ માટે વપરાય છે. ભય કે ડરની પળે માણસથી બેકાબૂ બની મૂત્ર કે મળનું વિસર્જન થઈ જાય છે, એ હકીકતને આ કહેવતમાં પ્રચ્છન્ન રાખીને ક્રિયાની ઉક્તિ વડે ઉપાલંભ યોજ્યો છે.

ચોમાસામાં છત્રી પર પડેલા કાદવના ડાઘ, મેથીલેટેડ સ્પિરિટમાં બોળેલા પોતા વડે હળવે હાથે ઘસવાથી તદ્દન સાફ કરી શકાશે.

કપડાં પર શાહીનો ડાઘ પડે કે તરત મીણ-બત્તી હાથવગી હોય તો તેનો ગરમ રસ એ ડાઘ પર પાડવો. સુકાયા બાદ ખંખેરીને ગરમ પાણીથી ધોઈ નાખવું.





છલોછલ પાણીથી ભરેલા એક ગ્લાસમાં કેટલી ટાંકણી તમે ભરી શકો? બહુબહુ તો તમે એક ડઝન કહેશો. પણ તમને અચરજ થશે કે હજારથીયે વધુ ટાંકણીઓ, પાણીનું એકે ટીપું ઢળી જવા દીધા વિના તેમાં ભરી શકાય!

કારણ તપાસીએ. સાધારણ કદની ટાંકણીનું કદ (volume) ·૦૦૦૩૬ ઘનઈંચ થાય. ગ્લાસનો વ્યાસ ત્રણ ઇંચથી સહેજ વધારે હોઈ તેની સપાટીનું ક્ષેત્રફળ ૭·૫૫ ચોરસ ઇંચ થાય. હવે આપણે બધા જાણીએ છીએ કે ગ્લાસની ધારને પહોંચતાં જ પાણી બહાર ઢોળાવા નથી માંડતું, પણ સપાટી ઉપર બાહ્યગોળ આકારમાં ઉપર ચડયા પછી જ તે ઢોળાવા માંડે છે. એટલે ગ્લાસમાંના પાણીમાં બીજું ·૬૨૯૬૭ ઘનઇંચ પાણી ઉમેરાય ત્યાં સુધી તેના ઢોળાવાનો બીલકુલ ભય ન રહે. હવે એ ·૬૨૯૬૭ પાણી માટે બાકી રહેલી જગામાં ·૦૦૦૩૬ ઇંચની કેટલી ટાંકણી સમાવી શકાય?

ગણિતગમ્મત

૦ થી ૯ સુધીની બધી સંખ્યાઓનો કુલ સરવાળો ૧૦૦ ઘણી રીતે થઈ શકે. તેમાંની કેટલીક અહીં આપી છે:

$$૮૦\frac{૨૭}{૫૪} + ૧૯\frac{૩}{૬} = ૧૦૦$$

$$૧\frac{૩}{૬} + ૯૮\frac{૨૭}{૫૪} + ૦ = ૧૦૦$$


$$૭૦ + ૨૪\frac{૯}{૧૮} + ૫\frac{૩}{૬} = ૧૦૦$$

$$૮૭ + ૯\frac{૪}{૫} + ૩\frac{૨}{૧૦} = ૧૦૦$$

આવી બીજી રીતો તમે શોધી શકો.

ચામડાના જોડા પર પડેલા કાદવના ડાઘ કાઢવા માટે કાચું બટાકું કાપીને ઘસી જોજો.

પળાતાં જાનવરોમાં સૌથી વધુ જીવનાર પ્રાણી ગધેડું છે.



કલાકણિકા: મોરપિચ્છનો હિંદી વીંઝણો



વિન્સેન્ટ વાનગોઘ
(૧૮૫૩-૧૮૯૦)
રામ્સગેટમાં રૉયલ રોડમાં છોકરાઓ માટે ચાલતી ચિત્રશાળામાં જગતનો એ વિખ્યાત ડચ ચિત્રકાર ઇ.૧૮૯૦માં ચિત્રશિક્ષક હતો.

ધ સિન્ક પૉર્ટ્સ ઇંગ્લંડની દક્ષિણ કંઠાર પરનાં ગામોનો એ નામનો એક સંઘ એંગ્લો-સૅક્સન કાળમાં સ્થપાએલો તે એક ધારો આજ સુધી ચાલતો રહ્યો છે! હૅસ્ટિંગ્સ, ડોવર, ન્યૂ રોમની, હાઈથ, સૅન્ડવિચ ને બે બીજાં પુરાતન રે અને વિન્ચેલ્સી એમાં જોડાએલાં છે. 'સિન્ક પૉર્ટ્સ'ની ઢાલ.(નીચે)





... અને એ 'સિન્ક'માંના સૅન્ડવિચ બંદરે રોજ રાત્રે આઠ વાગ્યે 'કર્ફ્યુ'ની જાહેરાતનો ઘંટ છેલ્લાં ૮૫૦ વર્ષથી હજી યે નિયમિત વાગે છે



ધી જાયન્ટ્સ કૉઝવે (રાક્ષસનો માર્ગ), પાર્ટરશ સૅન્ટ્રિમ, ઉ. આયર્લૅન્ડ

પથ્થરનાં બેલાં ગોઠવી ગોઠવીને બનાવ્યો હોય એવો આ માર્ગ 'કૉઝવે' માત્ર જ્વાળામુખીના ઉત્પાતથી થએલું સર્જન છે

અજૂબી બ્રિટન (સંપાદક-આલેખક: જૅન હડસન)

OUR FRIENDS ABROAD

જગત્સંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

ભાઈ ગિરીશ મોદી, અમદાવાદથી નીચેનાં જર્મન પત્રમિત્રોનાં સરનામાં મોકલે છે. દરેક સરનામા નીચે 'જર્મની' ઉમેરી લેવું.

જર્મન પત્રમિત્રો

(28)Gitta Banasch–15(f.),Altotting/Bay.,Neuottinger Str. 8, general interests; (29) Ingrid Spies—15 (f.), Koblenz/Rhein, Schlachthof Str. 11, stamps, dancing, films, history; (30) Helga Zimmer—14 (f.), Kastellaum/Hunsruck, Kirchstr. 6, stamps, reading, sport, cinema; (31) Dorita Osthaus—13 (f.), Heeren-Werve, Krs. Unna/Westf., Mittelstr. 51, general interests (girl only); (32) Heidi Sellach—16 (f.), Frankfurt/Main, Buchwald Str. 51, stamps, postcards; (33) Renate Ronneberg—16 (f.), Frankfurt/Main, Lenau Str. 16, general interests; (34) Karin Sachs—16 (f.), Frankfurt/Main, Egenolff Str. 16 general interests; (35) Gisela Koppenhofer—16 (f.), Frankfurt/Main, Seckbacher Landstr. 38, general interests: (36) Heide Glaser—15 (f.), Frankfurt/Main, Falltor Str. 18, art, postcards, reading; (37) Kuni Bernreuther,—14 (f.), Weyarn/Obb., Internat, Kreis Miesbach, general interests.